શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ

## અષાઢી બીજ વિશેષાંક

❖ પાના નં. ૧ ❖ કુલ પેજ : ૭૨

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૧ ❖ ૧૫, જુલાઈ, ૨૦૧૪ ❖ પ્રસિદ્ધ કર્યા તા. : ૧૬-૭-૨૦૧૪ ❖ કિંમત : રૂા. ૩/- ❖ તંત્રી : ભરત ઓઝા ❖ સહતંત્રી : દિનેશ માંકડ










# કામણગારા કચ્છને સલામ...!

ઈ.સ. પૂર્વે 5000થી આજ સુધીના કચ્છના વિકાસની તેજસ્વી તવારીખનો દસ્તાવેજ આપતાં અનોખાં બે પુસ્તકો –

ત્રીસ જેટલા સર્જકો-પત્રકારોના પરિશ્રમ અને અભ્યાસલેખોથી સમૃદ્ધ આ ગ્રંથમાં એવું ઘણું બધું છે જે તમને વિસ્મયમુગ્ધ કરી દેશે...




**આજે જ વસાવો...**

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ (ખંડ : 1-2)

સંપાદકો :

હંસરાજ કંસારા, ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, દિલીપ વૈદ્ય

**કિંમત : રૂ. 700** (બંને ખંડના)

## આ ઉપરાંત અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| કચ્છ વિહંગાવલોકન | હરેશ ધોળકિયા | 75 |
| જયંત ખત્રીનો વાર્તાવૈભવ | સંપા. શરીફા વીજળીવાળા | 160 |
| કચ્છની રસધાર ભા. 1થી 5 | દુલેરામ કારાણી | 375 |
| છાવણી (ઇનામી નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 150 |
| અંગદનો પગ (નવલકથા) | હરેશ ધોળકિયા | 150 |
| કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ | 90 |




※ વિવિધ પ્રસંગોને યાદગાર અને સુગંધમય બનાવવા માટે ભેટ આપી શકીય તેવાં સેંકડો પુસ્તકો

※ સાહિત્યિક ઉપરાંત શૈક્ષણિક પ્રકાશનો

※ આરોગ્ય વિષયક, પ્રવાસ વિષયક, મહિલા-વિષયક અને હાસ્યરસનાં પુસ્તકો –

વિનામૂલ્યે અમારું સૂચિપત્ર મેળવવા સંપર્ક કરો

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૪૪૬૬૩ ફેક્સ : ૨૨૧૪૪૬૬૩ ઈ-મેઇલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર :**

5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-380015 ■ ફોન : 26304259

વર્ષ-૨૮ ◆ અંક-૧
૧૫ જુલાઈ, ૨૦૧૪

◆


**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

◆

**તંત્રી મંડળ**
**શ્રી ભરત ઓઝા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૭૧૪૮૩૩
Email : ozabvo@gmail.com
**શ્રી દિનેશ માંકડ - સહ તંત્રી**
મો. ૯૪૨૭૯૬૦૯૭૯
Email : mankaddinesh1952@gmail.com

◆

**વ્યવસ્થાપક સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડીયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨૭૫૦૭૮
**ડો. મુકેશ ચૌહાણ - સહ કન્વીનર**
મો. ૯૯૨૫૪૭૮૭૯૨

★ **વિભાગીય સંપાદન** ★
**મહિલા વિશ્વ** - રેખાબેન શુક્લ
**ગાંધીનગર ગાથા** - વર્ષાબેન મહેતા
**શબ્દ શોધ** - પ્રદિપ જોષી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.
ફોન : (કચ્છી સમાજ) ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchshruti@yahoo.com

◆

**Kutchshruti Available on www.asanjokutch.com**

◆

**કચ્છશ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન - રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ - અમદાવાદ' ના નામનો મોકલવો.


◆


'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' સંપાદન મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


## આ અંકમાં...


- મુખ્યમંત્રીશ્રીનો શુભેચ્છા સંદેશ ........ ૪
- તંત્રી સ્થાનેથી ........ ૫
- પ્રમુખ સ્થાનેથી ........ ૬
- કચ્છી લોકજીવનમાં અષાઢી બીજ (ઉમિયાશંકર અજાણી) ........ ૭
- પર્વ-પતાસાંની મીઠાશ જેવું-અષાઢી બીજ (રાજેશ અંતાણી) ........ ૮
- અષાઢી બીજ (સંજય પી. ઠાકર) ........ ૯
- આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો.. માણીગર મોરલો (પી,.જી. સોની 'દાસ') ........ ૧૩
- ભૂખરા રણમાં મેઘધનુષ્ય અને સંગીતનો સમન્વય! (હરેશ ધોળકિયા) ........ ૧૫
- કચ્છી ભાષાની પ્રથમ ગ્રામોફોન રેકર્ડ : 'મુંજી માતૃભૂમિ કે નમન' (મહેશ સોલંકી 'બેનામ') ........ ૧૭
- અષાઢી બીજ કચ્છની આગવી પરંપરા છે અને કચ્છીયતનું કચ્છી પર્વ છે. (ડૉ. મિહીર એમ. વોરા) ........ ૧૯
- ધરિયલાલજો પૂજન કઈ મૂં મોભતનગરી અડઈ ! (જયંતિ જોશી-'શબાબ') ........ ૨૦
- મારી 'સાંવલી' ઘરોઘર જીવે છે. (હસમુખ અબોટી 'ચંદન') ........ ૨૨
- નચિકેતા-યુવાનો માટે મહાન આદર્શ (ડૉ. કાન્તિ ગોર 'કારણ') ........ ૨૪
- ગામની ગાથા (જગદીશ ચં. છાયા 'શ્રેયસ' ભુજ) ........ ૨૫
- 'ઉછાડી દે આભને... સમાપને' (ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'-નખત્રાણા) ........ ૨૬
- પિંગળશીભાઈ મેઘાણંદ ગઢવી (ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર) ........ ૨૭
- કચ્છશ્રુતિનાં કલમકારો (૬) (હંસરાજ કંસારા) ........ ૨૯
- ગીતાંજલી : પુસ્તક પરિચય (દિનેશ માંકડ) ........ ૩૦
- અષાઢી બીજ સ્નેહમિલન અહેવાલ (હંસરાજ કંસારા) ........ ૩૧
- વિટામીન્સ-૯ (દિલીપ વૈશ્નવ-અમદાવાદ) ........ ૪૧
- શબ્દોની કમ્પ્યૂગ્રાફી-૫ (તુલસીદાસ કંસારા) ........ ૪૪
- શ્રી કચ્છી સમાજ-અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૪૫
- એવમ્ અમદાવાદ ........ ૫૧
- સંસ્થા સમાચાર ........ ૫૪
- ગાંધીનગર ગાથા (વર્ષાબેન જે. મહેતા) ........ ૫૬
- મહિલા વિશ્વ (રેખાબેન શુક્લ-અમદાવાદ) ........ ૫૭
- કલરવ (દિનેશ માંકડ) ........ ૫૯
- વતનના વાવડ (સંકલિત) ........ ૬૩
- શબ્દ શોધ-૨૭ (પ્રદિપ જોષી-આદિપુર).. ........ ૬૭



apro/Jg/2014/06/27 /Up

તા ૨૭-૦૬-૨૦૧૪

**સ્નેહી ભાઇશ્રી અશોકભાઈ તથા શ્રી કચ્છી સમાજ, અમદાવાદના સર્વે સદસ્યો,**

નમસ્કાર.

ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે મારી વરણી થવા બદલ શુભેચ્છા અને અભિનંદન પાઠવવાની સાથે શ્રી કચ્છી સમાજ દ્વારા આયોજિત સન્માન સમારંભમાં પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેવાનું સ્નેહસભર નિમંત્રણ પ્રાપ્ત થતાં ખુશી થઈ.

સહુના સહિયારા પુરુષાર્થ થકી ગુજરાતની પ્રગતિનો પથ પશસ્ત થતો રહે તેવી ભાવના સાથે આભારની લાગણી પ્રગટ કરું છું.

શ્રી કચ્છી સમાજ અમદાવાદ દ્વારા કચ્છ વિસ્તારના ચૂંટાયેલ સંસદસભ્ય અને ધારાસભ્યના સન્માન સમારંભમાં પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેવાના નિમંત્રણનો આદરપૂર્વક સ્વીકાર કરું છું. સંજોગોવશાત્ અનુપસ્થિતિ બદલ દિલગીરી વ્યક્ત કરતાં સમારંભના આયોજકો, સમાજના સભ્યો, અને આમંત્રિતો માટે, પ્રજાનો હિતાર્થી, ગુજરાતનો વિકાસાર્થી અને કચ્છી સમાજનો કલ્યાણાર્થી બની રહે તેવી શુભકામનાઓ પાઠવું છું.

**(આનંદીબેન પટેલ)**

To,
**Shree Ashokbhai Mehata,**
Shree Katchhi Samaj Ahmedabad
905, Span Trade Centre,
Opp. Kochrab Ashram
Ellisbridge, Paldi, Ahmedabad – 380 007

આનંદીબેન પટેલ
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

# તંત્રી સ્થાનેથી...

● હંસરાજ કંસારા, દિનેશ માંકડ ●

કચ્છી નવ-વર્ષ આરંભે સહુ વાચકોને ભાવસભર શુભકામના...

આ માસના ઉત્તરાર્ધમાં કચ્છ સહિત સમસ્ત ગુજરાતમાં શ્રીકાર વરસાદ થશે તેવી આગાહી છે. સાથે સાથે નર્મદાના નિર્ધારીત નીર ઉપરાંત અપેક્ષિત વધારાનાં નીર વિતરણની ઉચિત વ્યવસ્થા થવાના પણ આગોતરા રાજકીય સંકેત છે. આપણે સહુ પ્રાર્થના કરીએ કે પ્રકૃતિ અને પ્રશાસન બંનેની કૃપાદષ્ટિથી આપણી આ આશા ફળે અને કચ્છની ધરતી સદૈવ 'સુજલામ' 'સુફલામ' રહે.

કચ્છી સમાજ અમદાવાદ માટે આ વર્ષે બીજા પણ કેટલાક આશાસ્પદ સંકેત છે. સમાજનું નવું ટ્રસ્ટ મંડળ રચાઈ ગયું છે. એના બંધારણમાં આવશ્યક સુધારા થઈ ગયા છે. સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે શ્રી અશોક મહેતાની સર્વાનુમતે વરણી થઈ છે. કારોબારી નવગઠિત થઈ છે, જેના મંત્રી તરીકે શ્રી ભરત ઓઝા સર્વાનુમતે નિયુક્ત થયા છે. કચ્છી નવ વર્ષના પ્રથમ સપ્તાહે જ (ગત ૯મી ના રોજ) કચ્છનું પ્રતિનિધિત્વ કરતા નવ-નિર્વાચીત સાંસદો અને ધારાસભ્યોને સમાજ દ્વારા બહુમાનના કાર્યક્રમથી સમાજના કાર્યોનો શુભારંભ થયો છે. આશા છે, આ આખું વર્ષ અમદાવાદ ખાતે કચ્છી સમાજ વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓથી ધમધમતું રહેશે. બૃહદ અમદાવાદમાં વસતા સમસ્ત કચ્છી પરિવારો વચ્ચે સંવાદ વૃદ્ધિ થશે તેમજ તેમનો કચ્છ સાથેનો સંબંધ ઘનિષ્ઠ થશે. કચ્છના પ્રાણ પ્રશ્નોને વાચા આપવામાં કચ્છી સમાજ અમદાવાદ એનું મહત્તમ યોગદાન આપી શકશે.

સમાજના હાલના પ્રમુખશ્રી વર્ષ ૧૯૯૭-૯૮, ૨૦૦૨-૨૦૦૬ દરમ્યાન બે ભાગમાં પ્રમુખપદે હતા. એજ રીતે હાલે નિયુક્ત મંત્રીશ્રી પણ અગાઉ ૨૦૦૨ થી ૨૦૦૮ સુધી મંત્રી પદે હતા. બંને પાસે સામાજીક કાર્યોનો બહોળો અનુભવ, અમદાવાદમાં વસતા સમસ્ત કચ્છી પરિવારોના પ્રેમનું ભાથું છે.

આ સાથે તા. ૯મી જુલાઈના શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા આયોજીત અષાઢી બીજ સ્નેહમિલન, સરસ્વતી સન્માન સમારોહ ઉપરાંત તાજેતરની ચૂંટણીઓમાં કચ્છમાં ચૂંટાયેલા લોકપ્રતિનિધિશ્રીઓનો બહુમાન સમારંભ રંગેચંગે ઉજવાય ગયો અમદાવાદ-ગાંધીનગર સ્થિત કચ્છીઓ ધાર્યા કરતા પણ બહોળી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉમટી આવેલ હતા. અદમ્ય ઉત્સાહ વચ્ચે નવ વર્ષ ઉજવણીનો કાર્યક્રમ સંપન્ન થયો.

આ વર્ષે તેમજ તે પછીના વર્ષો દરમ્યાન કચ્છના સર્વાંગી હિત હેતુ બૃહદ અમદાવાદ કચ્છી સમાજ મહત્વની પ્રવૃત્તિઓનું પરિણામલક્ષી આયોજન-નિયોજન કરશે તેવા વિશ્વાસ સાથે સમસ્ત વાચકોને કચ્છશ્રુતિ પરિવારના નવ-વર્ષની શુભેચ્છાઓ અને હાર્દિક અભિનંદન.

જય હિન્દ.. જય કચ્છ...

# પ્રમુખ સ્થાનેથી...

● અશોક મહેતા ●

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના ટ્રસ્ટ મંડળની નવા વર્ષની પ્રથમ મીટિંગ તા. ૪-૫-૨૦૧૪ના રોજ મળેલ હતી, જ્યારે સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે મારી વરણી કરવામાં આવેલ હતી. આ સમાજની સેવા કરવાનો ફરી એક વખત મને મોકો આપવા બદલ હું આ સમાજના ટ્રસ્ટ મંડળ તથા દરેક સભ્યોનો આભારી છું. જો કે આ અગાઉ વર્ષ ૧૯૯૩-૯૫ દરમ્યાન બે વર્ષ સુધી આ સમાજના મંત્રીપદે તથા વર્ષ ૧૯૯૭-૯૮, ૨૦૦૨-૨૦૦૩ સુધી એમ છ વર્ષ લગી પ્રમુખ પદે રહી આ સમાજની સેવા કરવાનો લાભ મને પ્રાપ્ત થયેલ જ હતો.

ઘણા સમયથી મિત્ર-વર્તુળમાં એ ચર્ચાનો વિષય બની રહેલ છે કે શ્રી કચ્છી સમાજ-અમદાવાદની સ્થાપના ક્યા હેતુસર કરવામાં આવેલ છે ? એ હેતુ બર આવ્યો કે નહીં ? તેના અનુસંધાને આ સંસ્થાએ ક્યા પ્રકારના કાર્યો હાથ પર લેવા જોઈએ ? આજે જ્યારે એમ કહેવામાં આવે છે કે અમદાવાદ-ગાંધીનગર વિસ્તારમાં નોંધાયેલા કે ન નોંધાયેલ પરંતુ લગભગ ૫૦૦૦ કચ્છી પરિવારોનો સ્થાયી વસવાટ રહેવા પામેલ છે, ત્યારે આ વિશાળ સમુદાયના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને આ સમાજે શું પ્રવૃત્તિઓ હાથ પર લેવી જોઈએ તે એક વિચાર માંગતો પ્રશ્ન છે, વિશેષમાં આ સંસ્થા ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદમાં અસ્તિત્વ ધરાવે છે ત્યારે ગુજરાતભરના અન્ય શહેરોમાં વસવાટ કરતા કચ્છી પરિવારો કે જેઓના જે તે શહેરમાં, પ્રમાણમાં જૂજ પરિવારોનો વસવાટ રહેવા પામેલ હોય, તે શહેરના કચ્છી સંગઠનો સ્વાભાવિકપણે સચોટ માર્ગદર્શનની અપેક્ષા શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તરફથી રાખવામાં આવે. તેથી શ્રી કચ્છી સમાજ-અમદાવાદે પોતાનો કારોબાર એ રીતે ચલાવવો જોઈએ કે જે ગુજરાતમાં અન્યત્ર વસવાટ કરતા કચ્છી પરિવારોમાં પ્રેરણારૂપ બની રહે.

સ્વસ્થ અને પ્રગતિશીલ સમાજ બનાવવા ઉચ્ચ શિક્ષણ તેની મૂળભૂત જરૂરિયાત છે. સમાજના બાળકો એકાગ્ર બની શિક્ષણક્ષેત્રે ઉત્તરોત્તર આગળ ધપતા રહે તેવા પ્રયાસો આ સમાજે આદરવા જોઈએ. **ઉચ્ચ અભ્યાસ માટે પરિવારને થતા ખર્ચ સામે, જે તે વિદ્યાર્થીને લોન સ્વરૂપે આર્થિક સહયોગ મેળવી આપવા એ આ સમાજની પ્રાથમિકતા હોવી જોઈએ.** બહાર ગામથી અભ્યાસ અર્થે અમદાવાદ આવતા કચ્છી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને પોતાના પરિવારના જ ગણીને તેઓના રહેવા-જમવાની સગવડ આ સમાજે ઉપલબ્ધ કરાવવી જોઈએ. ધોરણ-૯ થી ૧૨ કે ઉચ્ચ અભ્યાસના વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેલ્પ લાઈન આ સમાજે પૂરી પાડવી જોઈએ. એ જ રીતે મેડિકલ હેલ્પ લાઈન તથા જોબ માટે ઈન્ફોર્મેશન સેન્ટર અગર આ સમાજ ઊભું કરી શકે તો તેની એક ઉત્તમ વ્યવસ્થા તરીકે ગણના કરવામાં આવશે.

છેલ્લા બે વર્ષથી શ્રી કચ્છી સમાજ-અમદાવાદે એજ્યુકેશન હેલ્પ લાઈનની શરૂઆત કરેલ છે જેનો અનેક વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

વિવિધ પ્રકારના રોગોની સામે યોગ્ય વિવિધ ડોક્ટરો અંગેની જાણકારી હેલ્પલાઈન દ્વારા અગર આ સમાજ શરૂ કરે તો સ્થાનિકે અમદાવાદમાં વસવાટ કરતા કચ્છી પરિવારોને તથા અન્યત્રથી બિમારીના ઈલાજ માટે અમદાવાદ પધારતા કચ્છી પરિવારોને તે ખૂબ જ મદદરૂપ બની શકે.

એજ રીતે જેઓને જોબની જરૂરિયાત છે તેઓને તેમની ઈચ્છાનુસાર જોબની પ્રાપ્તિ માટે અગર આ સમાજ કોઈ ઈન્ફોર્મેશન સેન્ટરની સ્થાપના કરી શકે તો તેની પણ એક ઉત્તમ કાર્ય તરીકે ગણના થઈ શકે.

ઉપરોક્ત દરેક કાર્ય માટે સમાજ પાસે યોગ્ય ભંડોળ હોવું જરૂરી બને અને તેથી આ સમાજ સહુપ્રથમ યોગ્ય ભંડોળ ઊભું કરવા પોતાનું ધ્યાન કેન્દ્રીત કરે તે ખૂબ જ જરૂરી છે. યોગ્ય ભંડોળ ઊભું કરવા સમાજના મુખપત્ર કચ્છશ્રુતિ માટે વિશેષ સ્વરૂપે જાહેરાતો મેળવી તે દિશામાં આગળ વધી શકાય. સાથે સાથે ફંડ રાઈઝિંગના હેતુથી એક કાર્યક્રમ નજદિકના ભવિષ્યમાં ગોઠવી તે દ્વારા આગળ વધી શાય. શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યકરો ઉપરોક્ત હેતુસર દરેક પરિવારને અપીલ કરે ત્યારે સમાજના પરિવારો તે બાબત હકારાત્મક વલણ દાખવશે તો આ સમાજ નજદિકના ભવિષ્યમાં પ્રગતિના સોપાનો સર કરવા કૃતનિશ્ચયી બની શકશે.

# કચ્છી લોકજીવનમાં અષાઢી બીજ

• ઉમિયાશંકર અજાણી •

પંચ'ના રૂપમાં કંડારાયેલું જોવા મળે છે. બીજલા ઉત્સવમાં ખમતીધર ખેડૂતો બીજલા પંચને સાંજે પોતાના આંગણે આવવા આમંત્રણ આપે. આમંત્રણ મળે એટલે પાંચ રખીયા ભગત (હરિજન ભજનીકો) આમંત્રણ આપનાર ખેડૂતને ઘેર આવે. ખેડૂત એમને માન સાથે આવકારે. નવા વર્ષના રામરામ કરે. પછી એ મંડળી ભજનો કરવા માટે ગોઠવાય. ઘીનો દીવો કરે. રામમોલમાં વાવવા માટેના બીજની પાંચ ઢગલીઓ કરે. એ ઢગલીઓની પૂજા કરે. બીજ મંત્ર બોલે. પાંચ ભજનો ગાય. પછી બીજલાને નૈવેદ્ય ધરે. લાપસીનું સમૂહ પ્રસાદ થાય. તે પછી રખીયાઓ રામધૂન બોલાવે અને છેલ્લે બીજ માટેની એ પાંચ ઢગલીઓને તથા એકત્ર થયેલા સૌને આશીર્વાદ આપી રખીયાઓ વિદાય લે. કુદરતની મહેર થાય અને ધાન્યથી લચી પડતા મોલની કાપણી થઈ ખળા ભરાય ત્યારે એ ઉદાર દિલવાળા ખેડૂતો રખીયાઓ અને બીજા કમી કસબીઓને સંતોષ થાય તેટલું ધાન્ય આપે. સમયના પરિવર્તન સાથે આવી ઉદારતાએ વિદાય લીધી ! કચ્છી નવા વર્ષે કચ્છી અષાઢી પંચાંગ બહાર પડે. સંવત ૧૯૬૦ એટલે સને ૧૯૦૩ થી કચ્છી પંચાગ બહાર પાડવાની શરૂઆત થઈ હતી. આ પંચાગના સૌ પ્રથમ કર્તા હતા લક્ષ્મીશંકર જગજીવન અંજારીઆ અને દેખરેખ રાખનાર હતા શાસ્ત્રી પ્રભાશંકર જયશંકર. ૧૧૦ વર્ષે પહેલાં શરૂ થયેલું કચ્છી અષાઢી પંચાગ આજે પણ નિયમીત રીતે કચ્છી નવા વર્ષે પ્રગટ થાય છે.

સમગ્ર ભારત પર નજર કરતાં નવા વર્ષની ઊજવણી કાં તો કારતકમાં ને કાં તો ચૈત્રમાં નવા વર્ષનું ધાન્ય ઘરમાં આવી જાય પછી થાય છે. પણ કચ્છ જ એક એવો પ્રદેશ છે કે જે પોતાના નવા વર્ષની ઉજવણી વર્ષાઋતુના પ્રારંભે એટલે કે અષાઢી બીજથી કરે છે. કચ્છીઓ હંમેશા આશાવાદી રહ્યા છે. જ્યાં આશા છે ત્યાં નિત્ય નવું વર્ષ જ છે. પાણીની પીડા વેઠતા કચ્છીઓ માટે અષાઢ જીવનમાં નવી આશાનો સંચાર કરે છે. નવા વર્ષની ઢળતી સાંજે આભની આથમણી કોર માથે નજરું માંડીને ઉદિત થતા નવા વર્ષના ચંદ્રદર્શનથી કૃતાર્થ થતા કચ્છીઓ ખોબો ધરીને અરદાસ કરે છે ને તે પણ માત્ર આટલી જ કે, **'બીજ માવડી, ચૂલતેં તાવડી, બ ગોધા ને હકડી ગાવડી.'** બસ, આથી વિશેષ એમની કોઈ જ અપેક્ષા નહી. નથી પાઈ પૈસા જોઈતા કે નથી માગણી એશ - આરામની. બસ માગ્યું એટલું જ જોઈએ છીએ. એમણે જે કાંઈ માગ્યું તે કોઈ પણ માણસને સુખી જીવન જીવવા માટે જે જોઈએ તે બધું જ એમા આવી ગયું. બસ થોડીક જમીન હોય, બળદની એક જોડ હોય અને એક દૂજણી ગાય હોય અને માથે માલકની મહેર હોય તો ચૂલો પેટશે કે કેમ તેની કોઈ દિવસ ચિંતા જ ન હોય. કચ્છીઓની ઉદારતાની જેમ સીમા નથી તેમ પોતા માટે માગવામાં એ પ્રમાણ ભાન પણ ભૂલ્યો નથી. સમાજને સર્વોદયના માર્ગે લઈ જવાના એના મનોરથ તો જુઓ !

કચ્છમાં અષાઢને જે ભાવ અને ઉમંગથી આવકારવામાં આવે છે તેવા જ ભાવ સાથે વિદાય પણ અપાય છે. પરંપરા પ્રમાણે ખાસ કરીને ભુજમાં અષાઢ છેલ્લા ત્રણ દિવસો ૧૩, ૧૪ અને અમાસના બહેનો ભુજમાં ઉપલી પાળ પર આવેલી રામવાડીમાં વરસાદના પાલર પાણીથી અને તે ન આવ્યો હોય તો કુવાના પાણીથી પિતૃઓને તૃપ્ત કરીને અષાઢને એવા ભાવ સાથે વિદાય આપે છે કે ફરી પાછા સમય પર હર્યા ભર્યા થઈને આવજો અને જગત આખાને હર્યુ ભર્યું કરજો. લોકજીવનમાં અષાઢની આવી મહત્તા ભારતીય સંસ્કૃતિ સિવાય ક્યાંય જોવા મળતી નથી. આજે હવે કચ્છી નવા વર્ષની ઉજવણી સમૂહની બનતી જાય છે એ ખૂબ જ આનંદની વાત છે. સામૂહિક ઉજવણીના કારણે સૌના ઉત્સાહમાં પણ વધારો થતો જાય છે.

વર્ષો વર્ષ માલિકની કચ્છ પર મહેર થાય ને હરેક કચ્છીઓના હૈયા આનંદથી છલકાઈ ઉઠે એવી આશા સાથે આપણે પણ પર્જન્યને પ્રાર્થીએ કે સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય એવી રીતે પિરિજન (લોકરક્ષણ કરનાર) બનીને જરૂર હોય એટલું જ વરસજો ને જ્યાં પણ વરસો ત્યાં ખમૈયા કરીને વરસજો કે જેથી ક્યાંય કાંઈ નુકશાન ન થાય.

જત હકડો કચ્છી વસે ઉત ડિયાણી કચ્છ કહીને વિશ્વની ધરતી પર જ્યાં પણ કચ્છીઓ વસતા હોય તેમને સર્વેને અને તેમના પરિવારના સૌ સ્નેહી સ્વજનોને સર્વમંગલની ભાવના સાથે કચ્છી નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ..

# પર્વ - પતાસાંની મીઠાશ જેવું - અષાઢી બીજ

● રાજેશ અંતાણી ●

મહારાણીશ્રી ગંગાબા સાહેબ મિડલ સ્કૂલ ભુજનો મધ્યસ્થ હોલ. ગ્રીલવાળા દરવાજા પર આસોપાલવના તોરણ લટકે છે. રંગબેરંગી પટ્ટી અને વચ્ચે કોરારંગની રંગોળી - જે કોઈ વિદ્યાર્થીએ બનાવેલી છે. આખોય હોલ વિદ્યાર્થીઓથી ભરાઈ ગયો છે. વિદ્યાર્થીઓમાં ઉત્સાહ છે. શિસ્તની બહાર જઈને બધા વિદ્યાર્થીઓ મસ્તી તોફાન કરે છે. બધા જાણે છે. બધા વિદ્યાર્થીઓને બે - ત્રણ દિવસ પહેલા કહેવાઈ ગયું છે કે 'કચ્છી નવા વર્ષ - અષાઢી બીજનું પર્વ' બે દિવસ પછી આવે છે જેની ઉજવણી શાળાના મધ્યસ્થ હોલમાં કરવામાં આવશે.

પર્વ - અષાઢીબીજ - કચ્છના નવા વર્ષની ઉજવણી થતી મધ્યસ્થ હોલમાં - સંગીત શિક્ષકશ્રી મેઘાનાની સાહેબ હાર્મોનિયમની ધમણ ખોલતા - પછી ધમણ દબાવીને બે - ચાર સૂર હવામાં વહેતા મૂકતા. ઈશારો કરીને આગળ બેસેલા છોકરાને ઊભો કરતા. છોકરો મંચ ઉપર ડરતો ડરતો ઊભો થતો. મંચ ઉપર ઉભો રહેતો - બીજો ઈશારો આ લખનાર તરફ થતો. એ ઊભો થઈને તબલાની જોડ પાસે ઊભો રહી જતો - હાર્મોનિયમના સૂર હવામાં વહેતા થતા. છોકરો લલકારતા - મુંજી માતૃભૂમિ કે નમન .. હોલમાં વહેતો - પડઘા તો અવાજ મિડલ સ્કૂલના મેદાનને ઓળંગીને ક્યાંય સુધી લંબાઈ જતા - આસપાસની હવા માતૃભૂમિની વંદનાના શબ્દોથી સ્થિર થઈ જતી. માતૃભૂમિનું ગીત ક્યારે પુરું થઈ જતું. એનો ખ્યાલ પણ ન રહેતો ગાનાર છોકરો અને તબલા વગાડનાર છોકરો પાછા પોતાની મૂળ જગ્યા પર આવીને બેસી જતા.

એ પછી પર્વ મહિમા સંબંધી વાતો કહેવા એક પછી એક શિક્ષકો ઊભા થતા. કોઈ કચ્છનો ઈતિહાસ ખોલીને બેસતું તો કોઈક વળી કચ્છી નવા વર્ષની સાથે કેટલીય દંતકથાઓની વાતો કહેતું - કચ્છની અસ્મિતા છતી થતી. પછી ખૂણામાં પડેલા પતાસાંના કોથળા ખુલતા. પતાસાંનો સ્વાદ દિવસો સુધી મ્હોમાં રહેતો. બસ, પછી તો રમતગમત - ઈનામો - પછી રજા... આનંદ આનંદ - બસ આનંદ.

વિક્રમ સંવત કારતક સુદ ૧ થી શરૂ થાય છે. પડવો - ફટાકડાઓના અવાજો - મીઠાઈના સ્વાદમાં આવીને ચાલ્યો જાય છે. ઈ.સ.નું વર્ષ જાન્યુઆરી ૧લી થી શરૂ થઈને આંખના પલકારામાં ખોવાઈ જાય છે. કચ્છીનું નવું વર્ષ તો અષાઢ સુદ બીજથી અષાઢ માસથી કચ્છી નવા વર્ષનો પ્રારંભ થાય છે.

વર્ષના પ્રારંભની સાથે એક ઘટના સંકળાયેલી છે તે વરસાદ. આકાશમાં બંધાતા કે ન બંધાતા વાદળોની ગતિવિધિ સાથે - આવનાર વર્ષમાં આવતા દિવસોની અપેક્ષાઓ પણ સાથે બંધાવવા લાગે છે. વરસાદનો અણસાર માત્ર પણ કચ્છીને, વરસાદની વાછંટની જેમ ભીંજવી દે છે. વરસાદના અણસારના ભીના દિવસો પણ, પ્રત્યેક કચ્છીની આંખોમાં પ્રસરવા લાગે છે. આકાશની ભૂમિકા પર સરકતા રૂની પૂણી જેવા કોરા સરકતાં, વાદળોને જોઈને - મનોમન નક્કી થતો વરતારો - 'અષાઢી બીજ' - 'કાં વાદળ કાં બીજ' આવો અણસાર પણ જોવા ન મળે તો પણ ચોમાસાના ચાર મહિના વરસાદની રાહ જોવામાં કાઢી નાખે એ કચ્છી.

વરસાદની એંધાણી થતા, વતનથી દૂર ચાલ્યા ગયેલા માલધારીઓ, પશુધન સાથે વતન તરફ પગલાં માંડે છે. આંખોમાં ધોધમાર વરસાદની અપેક્ષા સાથે માણસની ઊંચાઈને ટપી જાય એવા ઘાસની આશા સાથે..

કહેવાય છે કે કચ્છી નવા વર્ષનો સીધો સંબંધ દરિયા સાથે છે. વહાણને દૂર સુધી લઈ ગયેલા ખારવા - અષાઢી બીજ સુધીમાં આખર શરૂ થતાં વતન પાછા ફરે છે. ચંદ્રકળા સાથે ઘૂઘવતો દરિયો - મહેરામણ કાંઈ નવું જ રૂપ ધારણ કરે છે. દરિયા દેવની પૂજા, વહાણોનો શણગાર - એ પરંપરા તો રહી જ છે.

ભાતીગળ ભોમકા કચ્છનો પ્રાકૃતિક વિરોધાભાસ - જીવન સંઘર્ષ અને જીવનની અનેક વિષમતાઓ વચ્ચે રહેતો કચ્છી, કચ્છી નવા વર્ષનો પર્વ - અષાઢી બીજને વધાવી - બધુ જ ભૂલીને નવા વર્ષના આવનારા પડકારોને ખમીને આનંદમાં રહે છે. આ તો કચ્છીની તાકાત છે - જીવન સાથે ઝઝૂમીને આનંદ કરવો એ.

કચ્છી નવા વર્ષનું પર્વ - અષાઢી બીજ દરેક કચ્છી આનંદ ઉલ્લાસથી ઉજવે છે. માણે છે. નવા વર્ષની વધામણીમાં મંદિરમાં દર્શન કરવા જવું - વડીલોને પ્રણામ પાઠવી અને સ્નેહીજનોને ઉમળકાથી મળીને - મીઠાં મોં કરવાની પરંપરા આજ સુધી તો કાયમ રહી છે.

વર્ષ દરમ્યાન કેટલાંય પર્વો - ઉત્સવો આવીને પસાર થઈ જાય છે. કેટકેટલી સ્મૃતિઓનો વંટોળ ઉમટીને આંખો પાસેથી પસાર થઈ જાય છે. પણ કચ્છ પ્રદેશની અસ્મિતાનો પહેલો પાઠ - મહારાણીશ્રી ગંગાબા સાહેબ મિડલ સ્કૂલના મધ્યસ્થ હોલમાં શીખેલા અને અ.ય વલો અસાંજો વતન, મુંજી માતૃભૂમિ કે નમન.. આજે વર્ષો પછી - વર્ષો સુધી કચ્છી નવા વર્ષના અષાઢી બીજનું પર્વ - પતાસા જેવું મીઠું લાગે છે.

કચ્છની અસ્મિતાને અજવાળતો ઉત્સવ

# અષાઢી બીજ

• સંજય પી. ઠાકર •

સૂરજની સખાતથી પાછા ફરેલા કવિહ્દયી જામ લાખા ફુલાણી કચ્છમાં અષાઢી માસની સહેલગાહથી એટલા પ્રસન્ન થઈ ગયા કે, તેમણે કચ્છનું નવું વર્ષ અષાઢથી શરૂ થાય એવું ફરમાન કર્યું. છેલ્લા આઠસો વર્ષથી દેશ-દેશાવરમાં કચ્છી નૂતનવર્ષની ઉજવણી કચ્છીઓ કરતા રહ્યા છે અને પોતાની અસ્મિતાને અજવાળતા રહ્યા છે. !

કચ્છી કહેવત છે કે, 'જુમેજી માજો તકિયો ધાર' (જુમાની માનો તકિયો અલગ) એવી રીતે દરેક ક્ષેત્રે કચ્છીઓ પોતાનું અલગ-આગવું વ્યક્તિત્વ ઊભું કરતા આવ્યા છે ! કચ્છમાં એક સમય એવો હતો કે જ્યારે કચ્છનું ચલણ, ભાષા, નૂતન વર્ષ સ્વતંત્ર હતા. આઝાદી મળ્યા પછી કચ્છને 'ક' વર્ગ રાજ્ય તરીકે વિશેષ દરજ્જો અપાયો હતો. આજે પરિસ્થિતિ જુદી છે તો પણ કચ્છીઓની વસતીના ૫૦ થી ૬૦ ટકા લોકોમાં બોલાતી મીઠી કચ્છી ભાષા અને દર વર્ષે ઉમંગભેર ઉજવાતું કચ્છી નવું વર્ષ પોતાની ભાતીગળ સંસ્કૃતિ સાથે ચિરંજીવ રહ્યા છે. દુષ્કાળ, ભૂકંપ અને વાવાઝોડા જેવી કુદરતી આશા સાથે નવા વર્ષનું એ જ નવા ઉત્સાહથી સ્વાગત કરે છે. આ તાસીર કચ્છીઓનું ખમીર અને તેમની સહનશીલતાને પ્રગટ કરે છે. 'થિન્ક બિગ' અને 'થિન્ક ડિફરન્ટ' એ કચ્છી માડુની ખાસિયત છે અને તેથી જ તે તેની પાયાની પહેચાન બની રહે છે. તે ફિનિક્સ પંખીની જેમ રાખ ( અહીં રાખની જગ્યાએ મલબો શબ્દ મૂકી શકાય) માંથી બેઠો થઈ રણને તોરણ બનાવી શકે છે. દાયકા પછી કચ્છી મુલાકાત લેનાર કોઈપણ હમણાનું કચ્છ જુએ તો છક થઈ જાય કે નહીં !

કચ્છમાં કે પછી દેશ-દેશાવર વસતો હરએક કચ્છી અષાઢ સુદ બીજના રોજ આનંદ-ઉત્સાહપૂર્વક નવું વર્ષ ઉજવે છે. પંજાબીઓ પોતાનું બેશાખી પર્વ ઉજવે છે. દક્ષિણ ભારતીય પોંગલ ઉજવે છે. એવી જ રીતે હવે વિસ્તારમાં ભારતમાં પ્રથમ ક્રમે આવતો કચ્છ જિલ્લો અષાઢી બીજ ગૌરવપૂર્વક અને હર્ષોલ્લાસથી ઉજવે છે. કચ્છી નવા વર્ષનો આરંભ સૂર્ય અને ચંદ્ર બંનેની મિશ્ર ગણતરીથી થાય છે, એટલે જે કચ્છી નવા વર્ષને 'સૌર ચાંદ'ના વર્ષ તરીકે લોકો નવાજે છે.

કચ્છી મહોત્સવ - કચ્છી નવું વર્ષ અષાઢ સુદ બીજના દિવસે કેમ શરૂ થયું એ જાણવું રસપ્રદ છે. કચ્છી નવા વર્ષની શરૂઆત થવાની ઐતિહાસિક કથા આ મુજબ છે. ફૂલ જામના આદેશથી દેશવટો ભોગવનાર યુવરાજ કુમાર લાખોજી પાટણમાં રહેતો. ત્યાંથી તેની બહેન ડાહી ડુમણીના પ્રયાસથી કચ્છનું શાસન સંભાળેલું. કેરાકોટમાં રાજધાની ફેરવી નાખનાર જામ લાખા ફુલાણીના મનમાં અનેક વાતો ઘુમરાતી હતી. પ્રશ્નાર્થ સર્જતી હતી. તેમાંની એક હતી, પૃથ્વી છેડો ક્યા હશે ? આ વિચિત્ર પ્રશ્નનો જવાબ મેળવવા સાહસિક યુવાનોની ટુકડી સાથે પૃથ્વીનો છેડો શોધવા લાખો ફુલાણી નીકળેલો. લાખાજીના આ પ્રવાસને લોકો 'સૂરજની સખાતે'ના નામથી ઓળખે છે. છ મહિના સુધી લાખા ફુલાણીની મંડળી આગળને આગળ વધ્યા બાદ પૃથ્વીનો છેડો ન આવતા અંતે કચ્છ પાછા ફર્યા. આમ, સુરજની સખાતથી જામ લાખો પાછો ફરેલો ત્યારે અષાઢ માસ ચાલતો હતો ! વનરાજી લીલીછમ બની હતી, જામ લાખો આ વનરાજીના દર્શન કરવા ઉપડી ગયો. અષાઢ માસની સહેલગાહથી કવિહ્દયી એવા લાખાનો આત્મા એટલો પ્રસન્ન થઈ ગયો કે તેણે કચ્છનું નવું વર્ષ અષાઢથી શરૂ થાય એવું ફરમાન સમસ્ત કચ્છમાં જાહેર કરીને પોતાનું નામ અમર કરી દીધું. ત્યારથી માંડીને છેલ્લા આઠસો વર્ષથી આજ સુધી અષાઢી બીજ કચ્છી નવા વર્ષ તરીકે ઉમંગભેર ઉજવાય છે. જો કે ઐતિહાસિક ઉપરાંત ખગોળશાસ્ત્રીય રીતે પણ વર્ષાઋતુના આગમન સમી અષાઢી બીજની ઘણી મહત્તા છે.

કચ્છી સંવત ૧૬૦૫ના માગશર સુદ-૫ના દિવસે કચ્છમાં રાજગાદીની સ્થાપના રાવશ્રી ખેંગારજી પહેલાએ કરી ત્યારથી ભારત આઝાદ થયું ત્યાં સુધી આ વર્ષની ઉજવણી દરબારી-રજવાડી ઠાઠથી થતી હતી. આ દિવસે કચ્છના રાજવીઓ સમક્ષ ભેટ-સોગાદો મુકાતી, લોહાણા અને ખારવાઓ દરિયાલાલની પૂજા કરી સમુદ્રમાર્ગે વ્યવહારની શરૂઆત કરતા, બંદર શણગારતાં, દરિયાકાંઠાનું પૂજન થતું. બ્રાહ્મણો આશીર્વાદ આપતા, કચ્છના જુદા જુદા વિસ્તારના અગ્રણીઓને ભુજ મધ્યે બોલાવવામાં આવતા. આ સમયે કચ્છ રાજયના પ્રતિકવાળી વિશિષ્ટ ધજા ફરકાવવામાં આવતી, વરૂણદેવની મંગળ પૂજા થતી, તોપોની સલામી અપાતી, ભૂજિયા ડુંગર પર ઉત્સવ થતો. આ મહાપર્વના દિવસે સમગ્ર કચ્છમાં જાહેર રજા પડતી.

ખેડૂતો બળદને શણગારી, ખેતીનું વ્યવસ્થિત કાર્ય શરૂ કરતા. ભારત આઝાદ થયું ત્યાં સુધી કચ્છી નવું વર્ષ રાજાશાહી રીતે, પરંપરાગત વિધિવિધાનથી ઉજવાતું. ત્યારબાદ આઝાદી પછી રાજાશાહી ઉજવણી બંધ થઈ પણ આ ઉત્સવનું મહત્વ અને ગૌરવ દરેક કચ્છીના હૃદયમાં સચવાઈ રહ્યું છે. આજે પણ દરિયાકાંઠાનું પૂજન, સમુદ્રી વ્યવહારની શરૂઆત આ શુભ દિવસથી થાય છે. પ્રાથમિક શાળાઓમાં રજા પડાય છે. ખેડૂતો ખેતીકાર્યનો શુભારંભ કરે છે. અનેક ગામડાઓ-શહેરોમાં લોકસાહિત્યના ડાયરા જેવા કાર્યક્રમોનું આયોજન થાય છે. દરિયાલાલના મંદિરોને શણગારાય છે. વર્તમાનપત્રો-સામયિકો કચ્છી નવા વર્ષે ખાસ વધારાની પૂર્તિ પ્રગટ કરે છે અને વિશેષાંકો પ્રસિદ્ધ થાય છે. આ સપરમા દિવસે મંગળ કાર્યો જેવા કે ખાતમુહુર્ત, શિલારોપણ, ઉદ્ઘાટન, સગપણ, સ્નેહમિલન, તેજસ્વી વિદ્યાર્થીઓ અને પ્રતિભાઓનું સન્માન વિગેરે યોજાતા રહે છે.

આ મહાપર્વની ઉજવણીમાં કચ્છ બહારની કચ્છી સંસ્થાઓ પણ કચ્છી કલાકારોને પોતાને ત્યાં બોલાવી સાંસ્કૃતિક - સાહિત્યિક સમારંભો યોજે છે અને હુલ્ભ-હિંયારીથી હળેમળે છે. વર્તમાન સમયમાં કચ્છી નવા વર્ષના દિવસે મુંબઈમાં ક્ચ્છ શક્તિ, કચ્છ યુવક સંઘ જેવી સંસ્થાઓના કાર્યક્રમ વિશેષ ધ્યાન ખેંચે છે. કેટલાક વર્ષોથી અષાઢી બીજે આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી પર્વાનુરૂપ કચ્છી - ગુજરાતી કાર્યક્રમો પ્રસારિત થાય છે. આકાશવાણી કેન્દ્ર દ્વારા કચ્છના કોઈ એક શહેરમાં જાહેર કાર્યક્રમ પણ યોજાય છે. અનેક સંસ્થાઓ દ્વારા સ્નેહમિલનો અને મેળાવડા ગોઠવાય છે અને 'કચ્છી ભાવરો' હાર્દિક અભિનંદન અને વધામણાં આપી એકબીજાને નવાજે છે.

વેપાર-ધંધા, કલા-સંગીત-સાહિત્ય, વિજ્ઞાન સહિત સંખ્યાબંધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ હાંસલ કરી મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર કચ્છીઓ દુનિયાના ખૂણે-ખૂણે પ્રસરી ગયા છે. સાત સમંદર પાર કરીને તેમણે પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે. સાથે સાથે પોતાની પ્રાચીન ઉચ્ચ સંસ્કૃતિ કે વારસાનેય કાયમ યાદ કરી સંપૂર્ણ કચ્છી તરીકેનું ગૌરવ ટકાવી રાખ્યું છે, કહો કે જાળવી રાખ્યું છે.

દુનિયામાં પથરાયેલા પચ્ચીસેક લાખ જેટલા કચ્છીઓ અષાઢી બીજને નવા વર્ષ તરીકે ઉજવે છે. તે વિશેષ દિન સાથે બીજી એક મહત્વની ઘટનાને યાદ કરવામાં આવે છે. અષાઢના પ્રથમ દહાડે પ્રિયતમાના વિરહમાં ઝુરતા મહાકવિ કાલિદાસે મેઘને જોઈ 'મેઘદૂત'નો પ્રથમ શ્લોક લખ્યો હતો. બૃહદ કચ્છમાં બેઠેલા કચ્છીઓ પણ મેઘને જોઈ કચ્છડા પર વર્ષારાણીના આગમનના એંધાણને પારખતા હશે. વર્ષોની વિરહની સંવેદના સાથે મેઘરાજાને વરસી પડવા પ્રાર્થના કરી કચ્છના ભાગ્યવિધાતાને રિઝવતા હશે ખરું ને ?!

## અષાઢી બીજ-કચ્છી નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ દરમિયાન મળેલ અનુદાનની વિગત

ઉપરોક્ત કાર્યક્રમ સમયે, સંસ્થાના ઉદારદિલ મહાનુભાવો તરફથી નીચે મુજબના ડોનેશન્સની જાહેરાત કરવામાં આવેલ છે કે જેનો આ સંસ્થા સહર્ષ સ્વીકાર કરે છે.

| | |
|---|---|
| નવનીત પરિવાર શ્રી શાંતિલાલ ગાલા | રૂ. ૧,૫૧,૦૦૦/- |
| શ્રી બાબુભાઈ રતાણી, પ્રમુખશ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| શ્રી હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા, ટ્રસ્ટીશ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ | રૂ. ૫૧,૦૦૦/- |
| શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી, પ્રમુખશ્રી, શ્રી કચ્છી ભાનુશાલી સમાજ(ગુજરાત) | રૂ. ૫૧,૦૦૦/- |
| શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ, ટ્રસ્ટીશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/- |
| શ્રી રઘુરામ ઠક્કર, ટ્રસ્ટીશ્રી તથા ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છી સમાજ-અમદાવાદ | રૂ. ૨૧,૦૦૦/- |
| શ્રી વી. આર. ગોપાણી, પ્રમુખશ્રી શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ-અમદાવાદ | રૂ. ૨૧,૦૦૦/- |
| શ્રી ચમનભાઈ પલણ, ટ્રસ્ટીશ્રી શ્રી કચ્છી લોહાણા સમાજ-અમદાવાદ | રૂ. ૨૧,૦૦૦/- |
| શ્રી વેદ કિશોરભાઈ રંગાણી, શ્રી જયંતિભાઈ કે. રંગાણી-અમદાવાદ | રૂ. ૫,૦૦૦/- |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-કુંજાડ, શ્રી રતીલાલભાઈ પટેલ | રૂ. ૫,૦૦૦/- |
| શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-સોલારોડ, શ્રી બાબુભાઈ માકાણી | રૂ. ૫,૦૦૦/- |
| | રૂ. ૪,૪૬,૦૦૦/- |


વિશ્વાસનું અતૂટ બંધન
એટલે અંજલી...
Hallmark of Trust & Quality
ANJALEE
JEWELLERS
TM
ANJALEE JEWELLERS
Opp. Lal Bunglow, C.G. Road, Ahmedabad. Ph: 26564791

# THE BHUJ MERCANTILE CO-OP BANK LTD.
# ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લી.

## ગ્રાહકલક્ષી યોજનાઓ

## તા. ૧૧-૪-૨૦૧૪ થી

### 1 ફિક્સ ડીપોઝીટ ઉપર આકર્ષક વ્યાજ દરો

- ૦૪૬ થી ૧૧૦ દિવસ માટે - ૯.૦૦%
- ૧૧૧ થી ૨૨૧ દિવસ માટે - ૧૦.૦૦%
- ૨૨૨ થી ૩૩૨ દિવસ માટે - ૧૦.૫૦%
- ૩૩૩ થી તેથી વધુ સમય માટે - ૧૧.૦૦%
- ૧૫ લાખ કે તેથી વધુની સીંગલ ડીપોઝીટ માટે વધુ વ્યાજ - ૦.૫૦%
- સિનીયર સિટીઝન માટે વધુ વ્યાજ - ૦.૭૫%

નોંધ : વધુમાં વધુ વ્યાજનો દર ૧૧.૫૦% જ મળવાપાત્ર થશે.

### 2 ફિક્સ ડીપોઝીટ ઉપર આકર્ષક વ્યાજ દરો

- બચત ખાતા માટેની યોજના
- જમા બેલેન્સ ઉપર ૬% @ વ્યાજ
- મિનીમમ બેલેન્સ રૂ. ૫૦૦/-
- ચેકબુક ચાર્જીસ : નીલ
- રોકડ વ્યવહારના ચાર્જીસ : નીલ

### 3 કરંટ ખાતા માટેની યોજના

- યુનીકોર્ન ફ્લેક્સી ડીપોઝીટ સ્કીમ ૭% વ્યાજ સાથે
- મિનિમમ બેલેન્સ રૂ. ૧૦૦૦/-
- ચેકબુક ચાર્જીસ : નીલ
- રોકડ વ્યવહારના ચાર્જીસ : નીલ
- NEFT/RTGS ફ્રી
- IBC/OBC માટે : BMCB ના ચાર્જીસ નીલ
- એટપારની ચેકબુક ફ્રી
- DD ફ્રી

૪. **FD** ના ખાતેદાર માટે ૯૦% સુધી **OD** માત્ર ૧% વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી **OD** માટે ૨% વધુ વ્યાજ.

૫. વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડિપોઝીટથી

સાઈઝ ડીપોઝીટ : એ - રૂ. ૧૦,૦૦૦/-, બી - રૂ. ૧૫,૦૦૦/-, સી - રૂ. ૨૦,૦૦૦/-, ડી - રૂ. ૨૫,૦૦૦/-

૬. લોન ધિરાણની વિવિધ યોજનાઓ* *તુરતમાં શરૂ

**.... તો વધુ વિચાર્યા વિના પધારો આપણી બેન્કમાં**

**બેન્ક રોકડ કામકાજ અને લોકર ઓપરેટીંગનો સમય : સોમવાર થી શુક્રવાર : સવારે ૧૦ થી ૬, શનિવાર : સવારે ૧૦ થી ૨**

**હેડ ઓફિસ : ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લી.**

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯ / ૭૦

શાખાઓ :

૧. ભુજ : મહેન્દ્ર એપાર્ટમેન્ટ, હોસ્પીટલ રોડ, ફોન : ૦૨૮૩૨-૨૨૭૫૬૦-૬૧, ૨૨૯૫૦૪

૨. ભુજ : સિલ્વર પોઈન્ટ, ન્યુ સ્ટેશન રોડ, ફોન : ૦૨૮૩૨-૨૫૨૫૬૩, ૨૫૮૯૬૪, ૨૫૧૦૬૪

૩. ભુજ : સમીપ કોમ્પલેક્ષ, ન્યુ જથ્થાબંધ બજાર પાસે, ફોન : ૦૨૮૩૨-૨૪૫૬૬૪

૪. નખત્રાણા : બસ સ્ટેશનની સામે, ફોન : ૦૨૮૩૫-૨૨૨૦૭૫

૫. માધાપર : નવાવાસ, એક્ષીસ બેંકની સામે, ફોન : ૦૨૮૩૨-૨૪૨૭૫૦-૫૧

૬. અંજાર : અભિષેક કોમ્પલેક્ષ, દેવળિયા નાકા, ફોન : ૦૨૮૩૬-૨૪૪૭૮૧-૮૨-૮૩

૭. ગાંધીધામ : પ્લોટ નં. ૧૯, સેક્ટર નં. ૯, ફોન : ૦૨૮૩૬-૨૨૬૮૬૬-૬૮

# આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો... માણીગર મોરલો

• પી. જી. સોની 'દાસ' •

કેં કા કર્ણમૃતં તે, કુસુમિત કબરી કાન્તિહારાઃ કલાપાઃ ।
કણ્ઠર્છાયા પુરારેર્ગલ રૂચિ, રૂચિરા સૌહ્દં મેઘસંઘૈ ॥
વિશ્વદ્વંષી દ્વિજિહ્ય સ્ફૂરદૂરૂપિશિતૈ ર્નિત્યમાહાર વૃત્તિઃ ।
કૈઃ પુચ્યૈઃ પ્રાપ્યમેતત્ સકલમપિ સખે ચિત્તવૃતં મયૂર ॥

અમૃત જેવો મીઠો ટહુકાર,રૂપાળી કલગી,મનોહર કળા દાખવતો કેશ કલાપ, વિશ્વ કલ્યાણઅર્થે વિષપાન કરનાર મહાદેવના કંઠની રૂચિકર નિલવર્ણી કાયા, અને જગતહિતાર્થે સ્વાર્પણ કરનાર મેઘની મૈત્રી માનવ દ્વૈષી સર્પનો આહાર,આ બધી આંતર બાહ્ય સંપત્તિ હે વહાલા મયુર તને એવા તે ક્યા પુણ્યના પ્રતાપે પ્રાપ્ત થઈ છે ?

આ શ્લોકમાં કવિએ કશું જ કહેવાનું બાકી રાખ્યું નથી અને આપણાં એક ભક્ત કવિએ પણ સાચું જ કહ્યું છે, "આવડૉ તે રૂપ ક્યાંથી લાવ્યો રે.... મોરલો મરત લોકમાં આવ્યો". આતો થયો મોરના રૂપ-રંગ અને આકારનો પરિચય. પણ મોર રોજ કાં બોલે નહીં ?! હા, મોરના ગહેકવાની શરૂઆત તો અષાઢથી જ થાય, આષાઢી આલબેલ પ્રથમ મોરને સંભળાય. વર્ષાઋતુ એટલે મોર મન દિવાળી....

કોટે મોક કણૂંકીયા વાદળ ચમકી વીજ,
મારા રૂદાને રાણો હાંભર્યો આવી અષાઢી બીજ
ધર અષાઢ ધડૂકીયા, મોર કિયો મલાર,
રાધા-માધા સાંભરે, જદુપતિ જગ બરથાર.

વર્ષાઋતુના આગમને જ મોરમાં જુવાનીનો થનગનાટ જોવા મળે. અષાઢી માહોલમાં તો મોર પોતાનું હૈયું નિચોવી નિચોવી કેકારવથી વનરાઈને ગાંડી કરી મુકે છે .કેહૂક..કેહૂક...ના ગગનભેદી નાદથી પોતાની ડોકને સાંકળના ત્રણ-ત્રણ કટકા કરી મેઘરાજાને આવકારે.....

પ્રથમ વરસાદ વરસી જાય, ધરતી તૃપ્ત થાય. પછી તો મોર જાલ્યો ન જલાય, આમ તો મોર શરમાળ પક્ષી છે પણ શ્રાવણમાં તો એ નાચ્યા વગર રહી જ ન શકે. જ્યારે મોરનો ઉન્માદ વધી જાય, પછી તો કોઈ વાડ કે ઝાડની ઓથ શોધીને આજુબાજુ ઉભેલ ઢેલના ટોળાં વચ્ચે મોર પોતાનાં પીછાં ઉંચા કરે, પીંછાનું આખું છત્ર રચાઈ જાય બરાબર ગોળાકાર, આવા રૂપાળાં પીછાંની સૌદર્યમય કળા કરીને એ થનગન-થનગન નાચવા માંડે, પાંખો હલાવતો એ ફૂદરડીઓ ફરે, એનાં પીછેં પીછેં વિદ્યુત જેવી ઝણઝણાટી થાય અને એમાંથી સૂ...સૂ અવાજ થયા કરે. આમ તો મોર ગુમાની પતિ જેવો છે. ઢેલ ઢળતી આવે એ જ એને ગમે. પોતાને તો બસ ગાવું, નાચવું અને ખાવું.અને પછી તો.....

ઓલ્યા માતેલા મોર ટહૂકા બોલે ...ટહૂકા બાલે ને ઘેલી ઢેલણ ડોલે.....

અષાઢી સાંજના અંબર ગાજે ...અંબર ગાજે ને મેઘાડંબર ગાજે, અષાઢી સાંજના .....

મેઘનું ઘેન જેમ મોરને ચડે છે, એમ કવિવર્ય શ્રી મેઘાણીને પણ ચડે છે અને સર્જાય છે અપરૂપ કાવ્ય....

મન મોર બની થનગાટ કરે....મન મોર બની થનગાટ કરે... મારું મન મોર બની થનગાટ કરે....આમ મોર ને માનવ,મોર ને મેઘ અને મોરને મોરાર એકાકાર બનતા જાય છે.

મોર મા સરસ્વતીનું વાહન છે એટલે જ એના ટહુકામાં મીઠાશ હોય છે. એના ગહેકાટમાં સંગીત હોય છે. કવિ પછી ગાયકોએ પણ મોરના કેકારવમાંથી સૂરો અને માત્રાઓ તારવી છે. મોર ખરજ અને ત્રણ માત્રામાં બોલે છે એટલે જ મોરની

જેમ ગહેકતા મેઘાણીએ ગાયું હશે કે :

મોરલા હો મને થોડી ઘડી, તારો આપ અષાઢીલો કંઠ,

હું ખોવાયેલી વાદળીને, છેલ્લીવાર સાદ પાડી લઉં.

આમ મોર આદિકાળથી આપણા જીવનમાં જડાઈ ગયો છે. કવિઓએ મોર વિશે જેટલું વર્ણન કર્યું છે. એટલું કોઈ અન્ય પક્ષીઓ વિશે કર્યાનું ધ્યાનમાં નથી. મોરના રૂપે મોહિત થઈને કવિઓએ કવિતાઓ રચી, સ્ત્રીઓએ એને રાસડામાં રમાડ્યો, ટોડલે, બારસાંખે, કાપડે-કમખે, કેડીએ અને સાથીયામાં ચીતરી દીધો. આહિર, રબારી, ભરવાડ વગેરે જ્ઞાતિઓએ કોઠાસૂઝથી એને ભરતકામમાં વણી લીધો. ઉપરાંત માટીકામ, લીપણકળા, કાષ્ઠકલા, કાંચકલા આમ વિવિધ ક્ષેત્રે મોર આપણા તન-મન પર છવાઈ ગયો છે. મોરના અનુપમ પીંછાને વીંઝણામાં, તંબુરના ગૂંછામાં તો સ્થાન મળ્યું પણ એથી અદકેરું સ્થાન તો ભગવાન શ્રીકૃષ્ણના મુગટમાં મળ્યું. મોર પીંછ વિના મુગુટ અધુરો લાગે. આવા હીરાગર મોરલાને લોકસાહિત્યમાં ભારે લાડ લડાવવામાં આવે છે. મોરના વર્ણન માટે શબ્દો ઓછા પડે. લોકસાહિત્યમાં પ્રથમસ્થાન મોરનું છે. પછી પોપટ, ચકલી, બગલો આવે. આવા રૂડા-રૂપાળા મોરલાઓ પક્ષીવિદો, પર્યાવરણ પ્રેમીઓ, પ્રકૃતિપ્રેમીઓ, ચિત્રકારો, ફોટોગ્રાફરો વિગેરેના માનીતા છે. દેશી-વિદેશી પર્યટકો માટે પણ મોર આકર્ષણનું કેન્દ્રબિંદુ રહ્યો છે. મોરના આ અપ્રતિમ રૂપ સૌંદર્ય નિરખી બાદશાહ શાહજહાં એ મયુરાસન બનાવ્યું હતું. મોરના નામ તો જુઓ : કલાપી, કારાયલ, કલાધર, સારંગ, મયુર, ભુજંગભૂક વિગેરે. એ જ રીતે અન્ય એક દુહામાં કહેવાયું છે કે :

'સારંગે સારંગ ગ્રહ્યો, ઉપર સારંગ થાય, જો એક બાર મુખ એ સારંગ કહે, તો મુખ કા સારંગ જાય..'

(અર્થાત્ સર્પ નામ સારંગ, મેઘ નામ સારંગ, મોર નામ સારંગ)

કહેવાય છે કે ગૌતમ ઋષિના શાપથી ઈન્દ્ર મોરરૂપે અવતરેલ છે. હિન્દુઓએ મોરને પવિત્ર માન્યો છે એટલે એને સરસ્વતી અને કાર્તિકેયનું વાહન બનાવ્યું છે. અંગ્રેજ શાસનકાળમાં વાઈસરોય કર્ઝને મોરને ન મારવાનો કાયદો કરેલો. આવા સુંદર મોરલાઓને ન મારવા કચ્છી કવિ વિનંતી કરતા કહે છે કે, 'કારાયલ કે ન મારીયેં, જેં જા રતા નેણ, તડ વિઠા ટહુકા કરી, નિત સંભારે સેણ'

વરસાદી ઋતુમાં ગીરના કનરા ડુંગર પર બેઠેલા મેઘરાજાના છડીદાર સમા મોરલાએ કેકારવથી વનરાઈ ગજાવી મૂકી ત્યારે ઓઢા જામને પોતાની જનમ ભોમકા સાંભરી. કચ્છમાંથી મેઘાના વાવડ લાવ્યો હોય તેમ મોરલો મંડ્યો ગહેકવા. એણે બુલંદી કંઠથી ગહેકાટ માંડી, ઉદાસ ઓઢાને જોઈને હોથલ મોરલાને વિનવે છે :

'મત લવ્ય, મત લવ્ય મોરલા, લવ તો આઘો જા, એક તો ઓઢો અણોહરો, મથે તો જી ધાં'

ત્યારે મોર જાણે જવાબ વાળતો હોય તેમ પાછો ટહુકો કરીને કહે છે કે : 'અસીં ગીરીવર જા મોરલા, કંકર પેટ ભરાં, અસાંજી રૂતુ આવે ન બોલીયેં, તો તો હૈયાં ફાટ મરાં'

કોઈ નવરાશની પળોમાં ભગવાને મોરને ઘડ્યો હશે. એના રૂપ-રંગ, કલગી, પીંછા, બુલંદી કંઠ વિગેરેના કારણે મોર આબાલ-વૃદ્ધ સૌને ગમે છે, તેમાં બાળકોને તો બહુ જ પ્રિય છે. સામાન્ય રીતે સમગ્ર કચ્છમાં મોર જોવા મળે છે, પણ ખાસ કરીને અબડાસા, વાગડ અને નખત્રાણા તાલુકાના અમુક વિસ્તારોમાં સેંકડોની સંખ્યામાં મોર વસે છે. ઘેઘુર ઊંચા વૃક્ષો, ડુંગરાઓ, જળાશય, મહાદેવજીનું મંદિર વગેરે સ્થાનોમાં મોરનો વિશેષ વસવાટ હોય છે. જો કે ઘણાં અંતરીયાળ ગામોમાં મોર પ્રજાજનો સાથે હળીમળી ગયા હોય છે. આમ મોર ચંચળ, ચપળ અને લાગણીશીલ પક્ષી છે. અમુક ઘરોમાં કે આંગણાઓમાં તે બિંદાસ્ત વિચરતા હોય છે. મોર એટલું સરળ પક્ષી છે કે તમારા હાથમાં મૂકેલું ચણ (અનાજ) પણ લઈ લેતું જોવા મળે છે.

એક સૂફી સંતે કહ્યું છે કે આત્માનું ખરું રૂપ મોરના આકારમાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણના પ્રતિક તરીકે ઓળખાતા આવા આપણા રાષ્ટ્રીય પક્ષી મોરનું જીજાનથી જતન થવું જોઈએ. એને શિકારીઓથી બચાવવા જ જોઈએ.

# ભૂખરા રણમાં મેઘધનુષ્ય અને સંગીતનો સમન્વય!

• હરેશ ધોળકિયા •

રણ !

આ શબ્દનું ઉચ્ચારણ થાય અને રેતીના મોટા મોટા ઢૂવા દેખાવા લાગે, અચાનક પવન ફૂંકાવો શરૂ થાય અને ઢૂવાની રેતી ઊડવા લાગે અથવા આમતેમ ખસવા લાગે. આકાશ ડમરીથી ભરાઈ જાય. સૂરજ ઢંકાઈ જાય. કંઈ બાજું જવું તેની સૂઝ ન પડે, મનુષ્ય મૂંઝાઈ જાય. અને જો રસ્તો ભૂલ્યો, તો-તો ગયો સમજો ! થાય ભટકી-ભટકીને હેરાન. ચિત્રમાં સુંદર લાગતું રણ, હકીકતે, થોડી ભૂલ થઈ તો ભયાનક છે !

કચ્છનું રણ !

લ્યો ! આખો જુદો શબ્દ 'કચ્છનું' આપવાની શી જરૂર ! રણ એટલે રણ. કચ્છનું હોય કે રાજસ્થાન કે સહારાનું હોય ! રણ તો, બસ, રણ જ હોઈ શકે. સુંદર અને ખતરનાક. વ્યર્થ લીટી બગાડી ને !

બસ ! આ જ ભૂલ છે. વિશ્વના અન્ય રણો કરતાં કચ્છના રણની તાસીર જુદી છે. રણનું એક પણ લક્ષણ નથી તેનામાં. નથી રેતીના ઢૂવા કે નથી રણદ્વીપો. બસ, કેવળ મીઠાના પડથી છલકાતો પ્રદેશ. બપોરે સૂર્યનો તડકો તેના પર પડ્યો નથી અને ચાંદીની જેમ ચળકી ઊઠે. તેને પરિણામે અહીં અન્ય રણો કરતા મૃગજળ વધારે ખતરનાક દેખાય. ભલભલાને ચકરાવે ચડાવે. કચ્છનું રણ એટલે અફાટ મીઠાનો મહાસાગર. માટે જ રણ માટે વપરાતો શબ્દ desert કચ્છના રણ માટે નથી ઉપયોગાતો. તેના માટે ખાસ Rann જ લખાયે છે. તદ્દન સૂકું ! ભૂખરું ! બપોરે ચળકાટવાળું ! રાતે ઠંડુ અને ગાઢ અંધકાર ! પરિચય થઈ જાય તો ગાઢ પ્રેમમાં પડી જવાય તેવું, નહીં તો... !

કચ્છ મોટા ભાગે સૂકો પ્રદેશ. વરસાદ અનિયમિત પડે તો પણ સરાસરી, પાછી ગરમી. એટલી હોય તે પાણી પણ ઝડપથી સૂકાય. પરિણામે જમીન લગભગ તરસી જ રહે. વરસાદને અભાવે વનસ્પતિ પાંખી. જંગલનો તો સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકાય. મોટા ભાગે ડુંગરાળ અને સપાટ જમીન. ખુલ્લી ખરબચડી. આંખને તેની ભૂરાશ ખૂંચે. આકાશ ભૂરું, જમીન ભૂરી, રણ ધોળું ભૂરું મિશ્રિત. વાતાવરણમાં એક જાતની ઉદાસીનતા, વિચિત્ર ખાલીપો અનુભવાય. માઈલોના માઈલો ખાલીખમ્મ રંગહીન વિસ્તાર પથરાયેલો દેખાય. સહજ છે કે વસ્તી ઓછી જ હોય. છૂટક છવાઈ હોય, સરાસરી જીવતી હોય, આંખમાં ખાલીપો હોય. વર્તનમાં ખરબચડાપણું હોય, જીવન શુષ્ક હોય.

પણ દુનિયામાં રણોથી જેમ કચ્છનું રણ અલગ પડે છે. તેમ અન્ય પ્રજાજીવનથી, કદાચ. કચ્છના રણના પરિઘ પર રહેતું લોકજીવન પણ જુદુ પડે છે.

તેનું કારણ છે કચ્છી પ્રજાની સંઘર્ષ કરવાની તાકાત.

સૂકો પ્રદેશ. રણ પાસે, નહીવત્ સગવડો. એટલે ઝઝૂમવાનું જ હોય. સવારથી રાત સુધી એજ શુષ્કતા વચ્ચે જ રહેવાનું હોય. પ્રજા શૂન્યમનસ્ક થઈ જાય. તેનું જીવન પણ રંગહીન થઈ જાય અને આવું હોય તો નવાઈ પણ ન લાગે.

પણ રણીય પર્યાવરણને સ્પર્શતી કચ્છી પ્રજા તો જીવંત છે. તેની પાસે ત્રીજી આંખ છે જે આ મૌન અને રંગહીનતામાંથી જ સંગીત અને રંગો શોધી કાઢે છે અને રણને સંગીતમય અને મેઘધનુષી બનાવી દે છે. તેને જીવંત કરી દે છે.

તેના પ્રથમ દર્શન થાય તેમનાં ઘરોમાં, રણમાં કે આસપાસ રહેનારાના ઘરો વિશિષ્ટ ઘાટ ધરાવે છે. તેને તેઓ ભૂંગું કહે છે. એક જ રૂમનું ભૂંગું ગોળાકાર. ઉપર જતાં શંકુ આકારનું થતું જાય. લાકડા-માટી-ઘાસનું મિશ્રિત. પર્યાવરણને સો ટકા અનુકૂળ... પણ જેવા અંદર પ્રવેશ્યા, આહાહા.. ! ચકિત જ થઈ જવાય. વાસણોની ગોઠવણી, વસ્તુઓની ગોઠવણી. તેમાં છલકાતા રંગો, રૂમમાં પ્રવેશ્યા નથી અને આંખો અસ્થિર થતા શરીર પણ હળવેથી ઘૂમવાનું આંખને જોતી અટકાવવી જબરી મથામણ કરાવે.

રણ વચાળે ભૂંગામાં જવું. જોવું, મસ્તી અનુભવવી - ભૂલી જ જવાય કે રણમાં છીએ, હોં !

તો, આ પ્રદેશમાં રહેતા લોકો ભૂખરા રંગને નીચોવી નીચોવી તેમાંથી સાતે રંગના ઢગલેઢગલા સીંચે અને ભૂંગાં સાથે

પોતાના વસ્ત્રોને તથા વસ્તુઓને તેમાં બોળી પોતાને અને વાતાવરણને મેઘધનુષી બનાવી દે.

બીજા લોકો તેને હસ્તકળા કહે છે. હસ્તકળા તો હાથથી કરતા દેખાય છે માટે કહેવાય છે. હકીકતે તો દર્શન કળા છે તે. વાતાવરણની આરપાર (within and beyond) જઈ તેમાંથી રંગ જોવાની અને તેને પોતાના જીવનમાં ભરી દેવાની આવડત આ લોકોએ કેળવી છે. પાસેના રણમાં પવન ફૂંકાતો હોય. બળબળતો તડકો હોય કે કડકડતી ઠંડી હોય, તે વચ્ચે આ લોકો કલાકારો - પોતાના દર્શનને અનેક માધ્યમોમાં વ્યક્ત કરે છે. દેખાય છે હાથ કામ કરતા, હકીકતે આંખથી કામ કરે છે તેઓ.

પણ આ હસ્તકળાઓ રણનો અને રણમાં વસતા લોકોનો મિજાજ બદલાવી નાખે છે. એક વિશિષ્ટ પર્યાવરણ ઊભું કરે છે, જે એક અકથનીય અનુભૂતિમાં ભૂસકો મરાવે છે અને આનંદસમાધિમાં ખેંચી જાય છે.

કેવી કેવી હસ્તકળાઓ આ દર્શનીય લોકો તૈયાર કરે છે !

સૌથી દર્શનીય છે 'ધડકી'. આપણે શહેરી લોકો તેને ગોદડું કહીએ છીએ. ગોદડું બનાવવું કદાચ 'કામ' છે, પણ આ રણવીરોએ તેને કળામાં પલટાવી નાખી છે. હસવું આવે, પણ ધડકી બને છે અનેક વસ્ત્રોના ટુકડામાંથી. કદાચ તેને ચીંથરાં પણ કહી શકાય. પણ જેમ કાચના ટુકડા ગોઠવતાં 'કેલીડોસ્કોપ' બને છે જે અનેક ડિઝાઈનો બનાવે છે. તેમ આ સાદા ટુકડાઓને વ્યવસ્થિત રીતે ગોઠવી. સીવી ધડકી તૈયાર કરવામાં આવે છે. બનાવનાર મહિલા કલાકારના મનમાં જે મેઘધનુષ્ય તરતું હોય છે તેને નીચોવી તે ધડકીને તેમાં ઝબોળી દે છે. ધડકી પર નજર પડે તો તેનું રંગવૈવિધ્ય અને કલાકારનો કલ્પના વૈભવ જોઈ  છક થઈ જવાય છે. જોનારાની આંખો પણ રંગોથી છલકાવા લાગે છે.

આવું જ છે 'ભરતકામ' કપડાં અને દોરા વચ્ચેની રમત ! તેમાં થતી રંગપૂરણી. ભરતકામમાં ઘટ્ટ રંગોનો ઉપયોગ થાય છે. શુષ્ક જીવનમાં લોહીને ગરમ રાખવા લાલ રંગનો મહત્તમ ઉપયોગ થાય છે. જીવનની ઉત્તેજના કાયમ રહે છે.

અને કલાકારોની કલ્પનાશક્તિ ! કાપડના છેડા પરની ઝીણી રેખાઓ, તેની આસપાસ વિવિધ ડિઝાઈનો, આકૃતિઓ, આભલા - આહા, જોયા જ કરીએ. ભરતકામને અને તેને ઓઢનારને અહીં રણનું અને જીવનનું સૌંદર્ય સાથે અભિવ્યક્ત થાય છે. પરંપરા અને કલ્પનાનું સામુહિક નૃત્ય ભરતકામ રજૂ કરે છે. તે પણ રણના શુષ્ક પર્યાવરણને હંફાવવામાં મોટો ફાળો આપે છે.

એવું જ ચામડા ભરતનું ભરતકામ. જુઓ તો ખરા, મૃત પશુના ચામડા પર પણ સૌંદર્ય પ્રગટાવતું ઓછી વાત છે ! નાનકડી આર અને દોરાના માધ્યમથી ચામડાં પર પ્રગટે છે. માછલી, મોર, ફૂલ, બૂટી... ! જેવી આંખ તેના પર ઠરે છે. તરત તેની નજાકત અને સુંવાળપ શરીરમાં ફરી વળે છે અને એક ઊંડો રોમાંચ જન્માવે છે.

તો રોગાન ! પરંપરાગત આકૃતિઓમાં સંકુલતા લાવી તેને રંગોથી છલકાવી દેવામાં આવે છે. છે તો આના એક જ કલાકાર, પણ એકે હજારા જેવા છે.

તેવું જ અદ્‌ભુત કામ કરે છે 'વાઢા' કલાકારો. લાકડા પર સંઘાડાનું. લાકડાંને વસ્તુમાં આકારિત કરે છે અને જ્યારે તેના પર રંગકામ કરે છે. તેમાં જે રંગોનો મેળ કરે છે. જોનારને તો જાણે બાંધણી તૈયાર થતી હોય તેવો જ આભાસ થાય છે. વૃક્ષો નીચે રહેતા અને સૂતા, મૂળાક્ષરો એટલે શું તેને સ્વપ્નમાં પણ ન જાણતા આ મસ્ત ફકીરો જ્યારે સંઘાડાકામ કરે છે, ત્યરે તાજમહાલના કલાકારોની યાદ અપાવે છે.

અને આ રંગોને સૂર આપે છે 'ખરકી', આપણે તેને ઘંટડી કહીએ છીએ. સાદા પતરામાં મનમાં રહેલ પ્રતિભાને પ્રગટ કરીને આ ખરકી બનાવે છે, દરેક ખરકીના સૂર પાછા અલગ. રણના મૌન વાતાવરણમાં પશુના ગળામાં રણકતી આ વિવિધ સૂરોવાળી ખરકીઓ સમગ્ર રણ જાણે મંદિર હોય અને સતત ઘંટારવ થતો હોય તેવો આભાસ ઊભો કરે છે. સૂકા વાતાવરણમાં લીલુંછમ, ભીનું અને લયબદ્ધ મન થઈ જાય છે.

આવી તો નાનીમોટી બીજી પણ અનેક હસ્તકળાઓ છે. રણમાં ફરવાની પોતીકી મજા છે. તેમાં જો આંખ-કાનને આ હસ્તકળાઓનો સ્પર્શ થાય, તો રણમાં તો 'એરેબીયન નાઈટસ' જેવું રંગીન વાતાવરણ ખડું થઈ જાય છે અને વિદેશમાં રણમાં 'સફારી' વખતે જે આનંદ અનુભવાય છે. તે અહીં આ હસ્તકળાઓ જોતાં-સાંભળતાં અનુભવાય છે. (બધાનો સંગમ જોવો હોય તો ધ્રંગનો મેળો જોવો) એટલે તો કચ્છનું રણ 'વિશિષ્ટ' છે. અને ત્યાં પળેપળ કેવળ 'ઉત્સવ' છે તે બધાને હરહંમેશ માણવા આમંત્રણ આપે છે.

# કચ્છી ભાષાની પ્રથમ ગ્રામોફોન રેકર્ડ : 'મુંજી માતૃભૂમિ કે નમન'

● મહેશ સોલંકી - 'બેનામ' ●




વિશ્વના દરેક રાષ્ટ્રને પોતાનું આગવું રાષ્ટ્રગીત હોય છે જે વતનપ્રેમ સાથે તે દેશની કલા, સંસ્કૃતિ, ઐતિહાસિક અસ્મિતાનું ગુણગાન કરે છે. કચ્છ પ્રદેશ ભૌગોલિકતાને કારણે પોતાની આગવી અસ્મિતા ધરાવે છે. રાજાશાહીમાં કચ્છને પોતાનું શાસન હતું. આગવું ચલણ હતું. આગવી ભાષા હતી. કચ્છની લોકભાષા કચ્છી પણ આગવી હતી. માનવીની સૌથી વધુ ચોટદાર અભિવ્યક્તિ હંમેશાં માતૃભાષામાં થતી હોય છે. તેમ કચ્છી ભાષામાં રાષ્ટ્રપ્રેમની અભિવ્યક્તિ કરતું કચ્છી ગીત 'મુંજી માતૃભૂમિ કે નમન' એ ગીતને કચ્છીઓએ પોતાના રાષ્ટ્રપ્રેમ માટે આગવા ગીત તરીકે સ્વીકાર્યું છે. જેમાં વતનપ્રેમ સાથે પ્રદેશની સંસ્કૃતિ, ઇતિહાસ, કલાની અસ્મિતાને ઉજાગર કરતી શબ્દ રચના લોક હૈયે વસી ગઈ છે.

આ કચ્છી ગીતના કવિએ જીવનકાળ દરમ્યાન બે મહત્વની રચના આપી જેમાં 'એક ટીપે મેં મેરામણ' આધ્યાત્મિકતાથી સભર, જ્યારે બીજા રચના 'મુંજી માતૃભૂમિ કે નમન' 'નિરંજન' ઉપનામથી જાણીતા થયેલ કવિનું અસલ નામ મુરારી લાલજી વ્યાસ હતું. તેમનો જન્મ કચ્છના માંડવી શહેરમાં થયેલ સાચા અર્થમાં તેઓ મહાત્મા હતા. દેખાવમાં સફેદ લાંબી દાઢી સાથે કવિવર ટાગોરની યાદ અપાવે, સંસ્કૃતના પ્રખંડ વિદ્વાન, આયુર્વેદ, જ્યોતિષ દર્શન, દર્શન શાસ્ત્ર, તત્વચિંતક જેવી બહુમુખી પ્રતિભાના તેઓ માલિક હતા. તેથી જ એમની રચનાઓ ચિરંજીવ રહેવા પામી છે. એમના સંસર્ગમાં આવનાર કોઈ પણ વ્યક્તિ પ્રભાવિત થયા વિના રહેતી નહીં. 'મુંજી માતૃભૂમિ કે નમન' પોતાના હલકદાર કંઠથી રજૂ કરતા સાંભળનાર પ્રભાવિત થતા. કચ્છમાં પંચાયતી રાજ આવ્યા પહેલા જિલ્લાના વિકાસ માટે 'જિલ્લા લોકલ બોર્ડ' નામનું માળખું હતું. તેના પ્રમુખશ્રી હીરજીભાઈ કોટક કે, જેઓ કચ્છી હોઈ કચ્છની કલા, સંસ્કૃતિ, સાહિત્યના ચાહક, બોર્ડમાં નોકરી કરતા કલાકારોની કલાનો સદુપયોગ કરવા, પ્રોત્સાહન ખાતર વર્ષમાં એકાદ કાર્યક્રમ યોજતા. એ જમાનામાં ગ્રામોફોન રેકર્ડનું મનોરંજનમાં ખૂબ મહત્વ હતું ત્યારે એમને વિચાર આવ્યો કે, કચ્છી રાષ્ટ્રગીતને રેકોર્ડમાં આ કલાકારો દ્વારા ઉતરાવી કચ્છીઓમાં રાષ્ટ્રભાવના પ્રબળ થાય અને કલાકારોનું પ્રોત્સાહન પણ મળે તેવી શુભભાવના સાથે તેઓ જાતે મુંબઈ ગયા. એચ.એમ.વી. કંપનીના અધિકારીઓને મળ્યા. કલાકારોને મુંબઈ લાવવાનું કહેતા કલાકારોનો કાફલો લઈ જવો અને ખર્ચ, સમયની રીતે મોઘું પડે. વચ્ચેનો રસ્તો કાઢ્યો, તેઓએ ગીતને પુલ રેકોર્ડીંગ કરી લાવવા કહ્યું.

એ વખતે લોકલ બોર્ડમાં ભુજના જાણીતા કવ્વાલ રમ્ઝ (રમજુભાઈ)એ કલા મંડળના કર્મચારી કલાકારો સાથે રાખી જવાબદારી સંભાળી. ભુજમાં કલ્યાણેશ્વર મેઘનાનીએ સ્થાપેલ સંગીત વિદ્યાલય, ડાંડા બજારમાં દરરોજ ત્રણથી સાત દરમ્યાન રીહર્સલ શરૂ થયાં. સંગીતજ્ઞ શ્રી જયકિશન મેઘનાની મંડળના સહયોગથી કચ્છી ગીતને ચાર જુદા જુદા રાગોમાં સ્વરબદ્ધ કર્યું. જેમાં ભૈરવી, સારંગ, કલ્યાણ એમ વિવિધ રાગ પર ગીત સૌએ ઉત્સાહથી ગાવાની પ્રેકટીસ શરૂ કરી. લોકલ બોર્ડના રેકોર્ડીંગ પુલ ઉપર સંગીત વિદ્યાલયના અંદરના રૂમમાં વાહન-વ્યવહાર, ઘોંઘાટ નિવારવા માટે મોડી રાત્રે રેકોર્ડીંગ કરવામાં આવ્યું. કવ્વાલ રમ્ઝ તથા ભાઈશંકર પંડ્યા હાર્મોનિયમ પર ગિરીશભાઈ તબલા પર, ગાવામાં હંસાબેન ગોસ્વામી, નિર્મળાબેન દોશી, હિંમતભાઈ ઠક્કર, ગોવિંદ સોમૈયા (નાટ્ય કલાકાર) એ સૂર આપેલ.

એ સમયમાં ટાંચા સાધનોથી કરવામાં આવેલ રેકોર્ડીંગ ભુજથી એચ.એમ.વી. કંપની મુંબઈ ખાતે શ્રી ભાઈશંકરભાઈ પંડ્યા તથા ગોવિંદ સોમૈયા જાતે લઈ ગયેલ. શ્રી પંડ્યાભાઈએ જણાવ્યા મુજબ એ સમયે એચ.એમ.વી. કંપનીના ગુજરાતી ઊર્દૂ ઓડિયો વિજ્યુઅલ વિભાગના હેડ તરીકે કચ્છના સુથરી ગામના માસ્ટર 'કાસમ' હતા તેમની

પસંદગી, ઓરકેસ્ટ્રા કઈ રીતે ફીટ કરવું એ બધું જ તેઓ નક્કી કરતા. દરમ્યાન ફિલ્મ સંગીતના રેકોર્ડીંગ માટે યોગાનુયોગ કચ્છના કલ્યાણજી આણંદજી આવેલ. તેઓએ કચ્છી ગીત રેકોર્ડ માટેની હકીકત જાણી ખુશ થયા અને અધિકારીઓને પણ તેઓએ ભલામણ કરી, ગૌરવની લાગણી અનુભવેલી. એચ.એમ.વી.ના એકાઉન્ટ વિભાગમાં પણ સુથરીના વિશનજીભાઈ ઠક્કર નોકરી કરતા તેમણે પણ સહયોગ આપેલ. કચ્છી સંગીતજ્ઞ માસ્ટર કાસમભાઈ લંગાનો પણ એ જમાનામાં ઊંચો માન-મરતબો હતો.

કચ્છી ગીતના ચાર સ્વર નિયોજનોમાંથી ભૈરવી રાગમાં ગવાયેલ ગીતની પસંદગી કંપનીએ કરી. રેકર્ડની બંને તરફ ભાગ-૧ તથા ભાગ-૨માં સાત કડીનું કચ્છી ગીત ઉતારી આપેલ. આ રેકોર્ડીંગ ખાનગી હતું. જેની ૫૦૦ નકલો તૈયાર થયેલી. જે લોકલ બોર્ડ દ્વારા વિતરીત થયેલ આજે આ રેકર્ડ દુર્લભ બની ગઈ છે. આકાશવાણીનું ભુજ કેન્દ્ર પણ આ રેકર્ડથી વંચિત છે.

આ કચ્છી ગીત કવિ વિષે ડૉ. મનુભાઈ પાંધીએ પોતાના પથિકના લેખમાં ટાંક્યું છે કે, મહાકવિ શ્રી ન્હાનાલાલ એમના મિત્ર સમુદાયમાંના એક હતા. જૂહુ પર ચાંદનીની એક રાત્રે લલીતજી, ન્હાનાલાલ અને હાજી મહંમદ અલારખ્યા (વીસમી સદી) શ્રી મુરારિ શ્રી નિરંજને મુંજી માતૃભૂમિ કે નમન ગાયું. કચ્છી કાફી પરનો કાબૂ, સુરીલો કંઠ અને કવિનો વતન પ્રેમ એ સૌને અડી ગયો, બધાએ સાથે મળીને એ ગીત વારંવાર ગાયું, ગાંડા થઈ સૌ નાચી ઉઠ્યા. વીસમી સદીનો એક ખાસ અંક કાઢી, ગીતની લીટીએ લીટીએ ચિત્રો તૈયાર કરાવી યુરોપથી એના બ્લોક તૈયાર કરાવી. દેશ-વિદેશના રાષ્ટ્ર ગીતો એકઠા કરી. આ ગીતને એના મોભા અને પ્રતિભાને છાજે એવી રીતે રજૂ કરવાની હાજી મહંમદે યોજના રજૂ કરી. રવિશંકર રાવળ દ્વારા એનું લે આઉટ તૈયાર કરાવવામાં આવેલું. પરંતુ હાજી મહંમદ એને છાપે તે પહેલા કવિ ન્હાનાલાલે એને 'સમાલોચક' માં ગુજરાતી કાવ્યાનુવાદ સાથે છાપી પ્રગટ કરી દીધું. આમ છતાં હાજી તો પોતાની યોજના અમલમાં મૂકવાના જ નિર્ણયના હતા પરંતુ એનો અમલ એમની પરિસ્થિતિને લઈ થઈ શક્યો નહીં. કચ્છના જન જન અને મન મન પર 'વતનજી હુબ' ના ચિરંજીવ પડઘા પાડી, કચ્છના રાષ્ટ્ર શાયરનું અમર બિરુદ પામેલા શ્રી નિરંજન અને એમનું લોકપ્રિય ગીત 'મુંજી માતૃભૂમિ કે નમન' કચ્છીઓના વતનપ્રેમનો પડઘો પાડતું અડધી સદી વટાવ્યા છતાં એવું જ જીવંત રહ્યું છે અને સદાય રહેશે. પથિકના તંત્રીશ્રી માનસંગજીભાઈ બારડે નોંધ્યું છે તે મૂળ આ ગીતના અંગ્રેજી, ફ્રેન્ચ, રશિયન, બંગાળી, સંસ્કૃત, મરાઠી અને ગુજરાતી એમ સાત ભાષામાં અનુવાદો થયા છે. જેમને પણ આ અનુવાદો વિષે જાણકારી હોય તેમણે પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. કચ્છી સમુદાયના મિલન- મેળાવડામાં આજેય આ ગીતને સ્થાન મળતું રહ્યું છે. કચ્છના સંગીતકારો, ગાયકોથી આ ગીત અજાણ્યું નથી. દરેકે પોતાની રીતે સ્વરદેહ આપી વહેતું મૂક્યું છે. હિમાલય દર્શનથી કવિને કચ્છનો ધીણોધર ડુંગર સાંભર્યો તેમ કચ્છી રાષ્ટ્રગીતને યાદ કરતાં તેના કવિ મહાત્મા નિરંજનનું આજે પુણ્ય સ્મરણ થાય છે.

## "કચ્છડો કામણગારો" - અલવિદા

છેલ્લા બે વર્ષથી કચ્છશ્રુતિના સેન્ટર પેઈજ ઉપર પ્રકાશિત 'કચ્છડો કામણગારો' ખૂબ જ આકર્ષક જમાવ્યું હતું. કચ્છના વિશિષ્ટ સ્થાનોની સચિત્ર તેમજ રસસભર રજુઆતથી જેમણે હજુસુધી કચ્છ જોયું નથી એવા ઘણા ચાહકોના અમોને સારા પ્રતિભાવ મળ્યા છે. આ વિભાગથી વાચકોમાં સારી એવી જાણકારી આવી.

આ વિભાગનું સૌજન્ય અમદાવાદ સ્થિત અગ્રણી ઉદ્યોગપતિ અને ભુજના વિશેષ ચાહક એવા શ્રી હરીશભાઈ રંગવાલાનું પ્રાપ્ત થયેલ હતું. જ્યારે આ વિભાગમાં કચ્છના વિવિધ સ્થળોની સચિત્ર માહિતી એકઠી કરી અને વાચકો સમક્ષ રસસભર રજૂ કરી એવા અમદાવાદ સ્થિત અને ભુજના શ્રી તુલસીદાસ કંસારાએ પણ આ વિભાગ માટે સારું એવું સંશોધન કાર્ય કર્યું.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ તથા કચ્છશ્રુતિ પરિવાર બંને મહાનુભાવોને હાર્દિક ધન્યવાદ સાથે આભારની લાગણી વ્યક્ત કરે છે. **– ભરત ઓઝા (મુખ્ય તંત્રી)**

# અષાઢી બીજ કચ્છની આગવી પરંપરા છે અને કચ્છીયતનું કચ્છી પર્વ છે.

● ડૉ. મિહીર એમ. વોરા ●

મિત્ર સૌ પ્રથમ ભારતમાં અને વિદેશમાં રહેતા તમામ કચ્છી ભાઈ-બહેનોને મારા સપ્રેમ સાલમુબારક. અષાઢી બીજ આવે અને આ એક નાની કવિતા યાદ આવે છે કે —

મીઠો અંસાંજો કચ્છ,
મીઠા અંસાજા માડું,
મીઠી અંસાજી ગલીયું,
ને મીઠી અસાંજી
'અષાઢી બીજ'

મિત્રો, કચ્છીયતને ચાર ચાંદ કરતી આ પંક્તિમાં તમામ કચ્છીયતને ઊજાગર કરતી વાતો આવી જાય છે. કચ્છના માડુ, વતન, બોલી અને સંસ્કૃતિનો ચિતાર એટલે કચ્છનું કચ્છી પર્વ અને કચ્છીયતનું પર્વ 'અષાઢી બીજ' આ ઉપરાંત અષાઢી બીજ માટે બીજી પંક્તિઓ યાદ આવે છે કે

ખારી ખારી ધરતી,
ખારો ખારો પાણી રે,
મીઠા માડુ ઈ આંયે,
તે પાંજી નીશાની,
અવઈ અષાઢી બીજ અને 'આંકે લખલખ
નવે વરેજી ગરચ ગરચ વધ્યાઈ'

આમ, કચ્છનું પાણી અને ધરતી ખારી છે કારણકે રણપ્રદેશ છે અને રણપ્રદેશમાં ખારાશ ધરાવતું મીઠું પાકે છે તેવી ધરતીમાં રહેતા માણસો મીઠા છે. તે જ કચ્છીયતની સાચી નિશાની છે.

આવી છે અમારી અષાઢી બીજ

આ ઉપરાંત કવિની બીજી પંક્તિઓ પણ યાદ આવે છે કે,

'ગજ્જન ગાંજે મોરલા બોલે,
માથે ચમકે તે વીજ, હાલો આંજે કચ્છડે મેં,
આયે આષાઢી બીજ'

આમ કેવી અદ્‌ભૂત કાવ્યના મેંઘલી, ઉપર આકાશમાં વીજળી ચમકે છે અને વાદળો ગાજે છે, મોરલાઓ ટહુકાઓ કરે છે લાગે છે આવી છે અમારી કચ્છીયતની અષાઢી બીજ હાલો અમારા કચ્છમાં અષાઢી બીજની રંગત આવી છે. આવી છે અમારી કચ્છીયતનું એક માત્ર કચ્છી પર્વ અષાઢી બીજ.

આવા પ્રતિકાત્મક અષાઢી બીજ માટે બીજી વાત માટે કવિ કહે છે કે,

આન વધે, ધાન વધે,
શાંતિ વધે, હેત વધે,
વધે ખાનાભાવ, વયે માડીયેજો સહયોગ,
હીજી અંસાજી શુભેચ્છાઓ.

કચ્છીમાં અષાઢી બીજથી આન, વાન, બાન, શાંતિ, એખલાસ, ધાન, સંસ્કૃતિ, વૈભવ, વિનોદ, પ્રેમ, શાંતિ, સહયોગ વધે છે. આજ અષાઢી બીજની સાચી ભાવના છે કદાચ આના કારણે જ હજી સુધી કચ્છમાં એક પણ વાર કોમી લાગણીઓ કોઈ સમુદાયની દુભાણી નથી.

અષાઢી બીજ કચ્છી નવા વર્ષની શરૂઆત કરતો એક પવિત્ર હિંદુ તહેવાર છે. આ અષાઢી બીજથી કચ્છમાં ચોમાસાની ઋતુનો પ્રારંભ થાય છે તેવી માન્યતા રહેલી છે. આ અષાઢી બીજના પવિત્ર જગન્નાથ પુરીમાં અને સમગ્ર ભારતમાં ભગવાન જગન્નાથની પવિત્ર રથયાત્રા નીકળે છે. આવી પવિત્ર યાત્રાને જોવા માટે દેશ-વિદેશથી અનેક પ્રવાસીઓ, ભક્તો જગન્નાથ પુરી અને અમદાવાદમાં આવે છે. કચ્છમાં આ દિવસે હજી પણ નાગર સમાજમાં અને અમુક સમાજમાં ઘરે ઘરે વડીલોને પગે લાગવા જવાની પરંપરા છે. જે કાયમ આજ સુધી કચ્છની નાગર જ્ઞાતિએ દેશ-વિદેશમાં પણ જાળવી રાખી છે. આ પવિત્ર દિવસે કચ્છમાં વડીલોના અને દેવી-દેવતાઓના આશીર્વાદ પછી નવા વર્ષનો અને નવા પવિત્ર કાર્યનો પ્રારંભ થાય છે. આમ કચ્છનું અષાઢી બીજનું નવું વર્ષ એક અનોખી ભાત સમગ્ર ભારતવર્ષમાં ઉત્પન્ન કરે છે. જ્યાં જ્યાં વસે કચ્છીઓ ત્યાં ત્યાં ઉજવાય અષાઢી બીજ. તો આવો આવા પાવન પવિત્ર પ્રસંગે આપણે સૌ કચ્છીઓ ભગવાન જગન્નાથ ને પ્રાર્થના કરીએ સમગ્ર ભારત વર્ષમાંથી મોંઘવારી, ભ્રષ્ટાચાર, બેરોજગારી, ભાવવધારો અને કુદરતના કુદરતી ચમત્કારોથી રક્ષણ કરો. અને દુકાળ અતિવૃષ્ટિ જેવી અવસ્થા આવે નહિ અને અષાઢી બીજ કચ્છમાં હરખભેર ચોમાસાનો પ્રારંભ થાય અને સમગ્ર ભારતમાં અને ગુજરાતમાં, કચ્છમાં હરિયાળી છવાય તેવી પ્રાર્થના અને સૌને હરખભેર કચ્છીપર્વની શુભેચ્છાઓ...

# ધરિયલાલજો પૂજન કઈ મૂં મોભતનગરી અડઈ !

• જયંતિ જોશી - 'શબાબ' •

ફરી એક વખત, જી. હા. ફરી એક વખત અષાઢ આયખાની ડેલીએ આવી ઊભો છે. ચોફેર વાદળાંથી આખુંય આભ ઘેરાયું છે અને સુંદર સુરીલી રમઝટ સાથે ગગનગોખેથી વર્ષા-રાણી ઉતરવા થનગની રહ્યા છે. નીચે, પૃથ્વી પટે અને ખાસ તો કચ્છ દેશની ભૂમિ તથા કચ્છીઓના હૈયા એને આવકારવા તૈયાર છે.

''દૂર તક છાયે થે બાદલ,
ઔર કહીં સાયા ન થા,
ઈસ તરહ બરસાતકા મૌસમ,
કભી આયા ન થા.''

એવી કોઈ અજ્ઞાત શાયરની શાયરી હૈયે રમે એવું વાતાવરણ છે. ખૂબી તો એ છે કે અષાઢી બીજ એટલે કે કચ્છી નવા વર્ષનો સપરમો દિવસ છે. આ એવો દિવસ છે કે જ્યારે સાંજે ચંદ્રદર્શન કરી પ્રત્યેક કચ્છી પોતાના ઈષ્ટદેવને વિનંતી કરતો હોય છે, સજ્જનો, મિત્રો,પ્રિયજનોને કહેતો હોય છે...

''સજણ સીરો ઘૂંટયો, આવઈ આષાઢી બીજ,
અરઘાસ કર્યું માલક્કે, વરે વસંધો ડીજ !''

બધાયને ખબર છે કે વર્ષના બાર મહિનામાંથી ચાર મહિના વર્ષાઋતુના જતા રહે તો બાકી શૂન્ય રહેતું હોય છે અને તેથી જ ચતુર કચ્છીજનોએ આ વિશિષ્ટ ચાતુર્માસથી વર્ષારંભ કર્યો હોઈ શકે !

રાજ દરબારે વિશેષ રૂપે કચેરી ભરાઈ હોય, નોબત અને શરણાઈના મંગલવાદન સાથે આશાપુરી ધૂપથી વાતાવરણ દિવ્યત્વને ઉજાગર કરતું હોય. નવા નવા વસ્ત્રો સાથે નગરજનો એકમેકને ભાવપૂર્વક મળતા હોય અને વિશિષ્ટ મહાનુભાવો રાજકચેરીએ આવી આ અમીયલ તહેવારના વધામણાં આપતા અને લેતા હોય., બાળકો, યુવાનો વડીલોને પ્રણામ કરી આશીષ માંગતા હોય તો રાજ દરબારે આનંદવિનોદની મર્મગોષ્ઠિ પણ થતી હોય, ખોબાં ભરીને ત્રોફાં અને સાકરપૂડા આપી લોકોને કચ્છની માતા એવી આઈ આશાપુરાના સ્મરણ સાથે જવાજવામાં પણ આવતા હોય. માંડવી હોય કે પિંગલેશ્વર કે કોટેશ્વર દરિયાકાંઠો નગરજનોથી ઊભરાતો હોય. લોકો દરિયાલાલનું પૂજન કરે અને રસરેહાણના શોખીનો દૂહા, બેંત, કાફીઓ, ભજનો દ્વારા વીર અને ભક્તિરસમાં રસબોળ થતા હોય.

કોઈ પૂર્વજન્મના સંસ્કારે તેવે ટાણેં આ પંક્તિઓ સ્ફૂરી હશે કે
આવઈ પાંજી બીજ આષાઢી, હલો બેલીઆ મડઈ !
ધરિયાલાલજો પૂજન કઈ મૂં, મોભત નગરી અડઈ!
ત્રભાગો શીરો ઘૂંટાયો, વડી ઉકંઢસેં વિઈ,
ધિલજી ગાલ્યું ધ્રોસટ કૈબો, વિઝે રાત મર વઈ,
વલા, બેલીઆ, આંજી પાંજી રૂટ રેઆંણ વડઈ !
આવઈ પાંજી બીજ અષાઢી, હલો બેલીઆ મડઈ !

આ અને આવી મદમસ્ત ઉજવણીની વાતો હવે તો ગણ્યાગાંઠયા જૈફ લોકોના હૃદયને ઈસ્કોતરે બંદ છે. કાળચક્રના પરિવર્તન સાથે રાજસત્તાના વિસર્જન સાથે લોકસત્તાનો ઉદય થયો. સાવ સ્વતંત્ર રાજ્ય મટી, હળવેકથી ભારત પ્રજાસતાકમાં જોડાયેલા આ મહાપ્રદેશમાં ચોફેરથી આધુનિકતા હડીયું કાઢતી આવી પુગી.

આજે ક્યાંક થોડા ઉદ્‌ઘાટનો, ક્યાંક વરિષ્ઠ નાગરિકોના મિલન, ક્યાંક જૂના લોકવાદ્યના વાદકોના રડ્યાખડ્યા કાર્યક્રમો, ક્યાંક રાજ્યાશ્રયવિહોણાં વિદ્વાનો-કવિઓના છૂટાછવાયા અભિવાદન કે કાર્યક્રમો કે નાટ્યપ્રયોગો જેવું વર્તાય છે ! માડુ પિંઢજી પર્યાનિવરાનૈં (લોકો પોતાનામાંથી જ ઊંચા નથી આવતા) તો પછી મળવાનો અને મેળાવાનો સમય જ

ક્યાં રહ્યો ? શહેરીકરણ અને ઉદ્યોગીકરણ તરફની હરણફાળે લોકોનો સમય ઝૂંટવી લીધો. મનોરંજનના ટી.વી., મોબાઈલ, ઈન્ટરનેટ, ડી.ટી.એચ.ના જબરદસ્ત આક્રમણે લોકોના ઘરોઘર ઘુસી, હાથોહાથ વસી એમને મૂંગામંતર કરી નાખ્યા. કોઈના ઘરે જઈએ અને તેય કોઈ ટી.વી.થી ચાલતી સિરિયલના સમયે, તો લોકો આપણને કહે કશું નહીં હા, અતિથિ તુમ કબ વાપસ જાઓગે. એવો ભાવ એમના ચહેરે ડોકાતો રહે અને મનોમન તેઓ આપણને સિરિયલ કીલર સમજે નહીં તો જ નવાઈ.

કચ્છી નવા વર્ષની આવતીકાલ કેવી હશે ? એનો થોડો અણસાર તો આજના પરિદ્રશ્ય પરથી આવી જ જાય છે. .... લોકો કહે છે કે પહેલાં દુકાળ આવતાં. પરંતુ ફક્ત ઘાસચારાની તંગી થતી, લોકો થોડા દીનું સ્થાળાંતર કરી પાછા આવી જતા. આજે વિપરીત છે, શ્રેષ્ઠિઓના સુયોજન પ્રતાપે અને સરકારને ટેક ઘાસચારાની કમી નથી પણ ભાઈચારાના દુકાળને નાથવો એ જ મોટામાં મોટો પડકાર છે.

કચ્છનું ધોળું રણ જોવાં ધોરડાવાસીઓને પણ દંડ ચૂકવવો પડે એ દિવસો જોવા ન પડે તો સારું. કચ્છની ખાલી અને જળ-ઉલેચાયેલી ઊસર ભોમકા મીઠાશ ને બદલે મીઠાણી થતી જાય છે તેની વેદના સામે આશ્વાસન જેવા નર્મદાના નીર પણ ક્યારે, ક્યાં-ક્યાં, અને કેટલા પ્રમાણમાં પહોંચશે એ માટે, હાથનં નેજવું કરી, ઈશ્વર સામે જ જોવું રહ્યું.... કચ્છીયતની તાસીર જેવો એક શે'ર સંભારું ?

નજર હૈ અબ્રે-કસમ ર, દરપ્ને સહારા હૂં
કિયા ખુદાને ન મોહતાજે-બાગબાં મુઝકો.

વાદળો ઘેરાય અને વરસે નહીં, દૂર જઈ દરિયા ઉપર વરસે તો આપણાં શા કામનાં ? શું કવિકુલગુરુ કાલિદાસના કૈલાસે બેઠેલ યક્ષે કચ્છ ઉપર વરસવાનો કોઈ સંકેત કે સંદેશ નહીં જ આવ્યો હોય ? કે પછી એ ગગનમાંથી કોઈ સ્વેચ્છાચારી બની યક્ષના સંદેશને પણ ઘોળીને પી ગયાં ?

નવા વર્ષે સાચી વાત એ પણ છે કે યક્ષ તો પોતાની પ્રેયસી પરત્વોના પ્રેમમાં અંધ થઈ, સ્વામી પ્રત્યેની ફરજનિષ્ઠા ચૂક્યો હતો તેથી એને પ્રિયતમમાંથી વિયોગ અને તે પણ એક વર્ષ પૂરતો જ મળ્યો હતો ! કચ્છીઓ એવા કયા અપરાધનો અભિશાપ ભોગવી રહ્યા છે જે તેમને પેઢીઓ સુધી તેમની વહાલસોયી માતા જેવી માતૃભૂમિથી દુર રાખે છે ? રામાયણમાં પ્રભુ રામ કહે છે કે હે લક્ષ્મણ લંકા સોનાની હોવા છતાં, મને ગમતી નથી. કારણ કે માતા અને માતૃભૂમિ સ્વર્ગથી ય મહાન છે. કચ્છની બહાર વસતા કચ્છીઓના મનમાં વસતો આ રામભાવ સમયે ડોકાતો રહ્યો છે અને છતાં એમનો વનવાસ પૂરો થતો નથી. વતનની ગાદીએ એમનો રાજ્યાભિષેક થાય ત્યારે જ સાચા અર્થમાં નવા વર્ષની શરૂઆત થઈ લેખાશે.

અમારા એક મિત્ર ટુકડે ટુકડે થઈ બધુ મળીને દસથી પંદર દિવસ જ કચ્છમાં રહે અને છતાં આખું વર્ષ એમના મુખે કચ્છ કચ્છની રટણાં ચાલુ જ હોય. મેં તેમને સ્હેજે પુછયું કે તમે કચ્છમાં તો માંડ પંદરેક દિવસ હો છો, પછી શું ? તો તેમણે પળનાય વિલંબ વિના કહ્યું દોસ્ત, પછીનો પૂરો સમય કચ્છ મારામાં હોય છે.

''ડિસો, યાર, જાધુ નજરમેં રખાંતો,
અનેં ભલભલેંકે અસરમેં રખાંતો,
વસાંતો ભલેં આઉં મુંબઈ નગર પણ
વતનજી મિટી કે પગરમેં રખાંતો !'' (કવિ ઊર્મિલ)

કચ્છની જે મરણમુડી છે એ છે એનું સાગરપેટા હોવું. સમુદ્રમાં જેમ નદીઓ ઉતરી ગયા પછી પોતાનું અલગપણું ખોઈ સમુદ્ર બની જાય છે, તેવી જ રીતે અહીં સમયે સમયે આવી વસેલી વિભિન્ન જાતિઓ અને સમુદાય ફક્ત ને ફક્ત કચ્છી બનીની રહી ગયા છે. નાત, જાત, ઊંચ, નીચ, જાતિ, ગૌત્ર, થી પરે એક કચ્છીની ઓળખ એ એવી સમૃધ્ધિ છે જેની પાસે કુબેરના ખજાના વામણા લાગે. એને કોઈની નજર ન લાગે અને એ ઉત્તરોતર વધે એવા ભાવ નૂતન વર્ષે દરેક કચ્છી ભાવતો હોય છે. એ આસયથી ઉત્તમ કયો પ્રસાદ હોઈ શકે ?

એ સુરૂરને આવકારતાં કહી શકાય કે...
સાકી તૂ મેરે જામ પે, કુછ પઢકે ફૂંક દે,
પીતા ભી રહૂં ઔર, ભરી કી ભરી રહેં.

# મારી 'સાંવલી' ઘરોઘર જીવે છે.

• હસમુખ અબોટી 'ચંદન' •

અખબારના પ્રથમ પાને ગીધની તસવીર નીચે - 'લુપ્તતાના આરે પહોંચેલા ગીધ પક્ષીઓ' વાંચી, મને ભૂતકાળે આશ્લેષે લઈ અને રીતસરનો ઢંઢોળવા મંડી પડ્યો.

હું ત્યારે નવ વર્ષનો હતો. મને પ્રિયમાં પ્રિય મારા દાદી અને અમારી સાંવલી લાગતા. આ બે પ્રત્યે મને ખૂબ જ આસક્તિ રહેતી.

દાદીએ મને બા થી પણ વિશેષ પ્રેમ આપેલો. તેઓ ભલે અમારા સગા દાદી ન હતાં. સંબંધમાં મારા પિતાજીના ભાભી થતાં હતાં. પરંતુ અમે સૌ 'બા' કહી સંબોધતાં. બાના ચૌદમે વર્ષે લગ્ન થતા જ તેમનાં ચાંલ્લો-ચૂડી તૂટ્યા હતા. તેઓએ જ નવ નવ ભંડુઓને ઉછેરી અમને મોટા કરેલા. સાથે-સાથે બા દરરોજ પાંજરાપોળમાં વાસીદું કરવા જતાં, અન્નક્ષેત્રના રોટલા બનાવતાં અને પારકા દળણાં દળતાં, મારી માતાને 'બાઈ' કહી બોલાવીએ. બાઈ નદીએ કપડાં ધોવા જાય, પાણી ભરે, ચૂલો સળગાવવા બળતણ કરવા જાય અને બાકી બચેલ સમયમાં બાને પણ મદદ કરે. બાએ જ મને સાંવલીના ગુણ કહી સંભળાવેલા.

'સાંવલી' તો સાંવલી જ હતી. સાંવલી એટલે એવો જીવ, તેની નજીક કોઈ પણ વ્યક્તિ અથવા જાનવર જઈ શકતું. તે ક્યારે પણ શિંગડાં ન ઉલાળે. બા કહેતા - આ સાંવલી ત્રણ વખત વિયાઈ છે. પ્રસૂતિ સમયે પણ કોઈને રંજાડ્યાનું મને યાદ નથી. પાડોશીઓ તેને શબરી કહીને પણ બોલાવતાં. વાર-તહેવારે કે પછી શુભ દિવસે તેના ગૌમુત્રની ભારે માંગ હતી. અમારા બ્રાહ્મણો તો તેનું પૂંછડું આંખે અડાડી ધન્ય બનતા.

તે વખતે મને ગામની આખી ભૂગોળનો ખ્યાલ. દરેક મહોલ્લો, શેરી અને પાદરનો હું ભોમિયો હતો. રજાના દિવસોમાં બે-ત્રણ વખત ગોવાળની સાથે ધણમાં ગયેલો, એટલે ધણ કયા સમયે ક્યા હશે તે ગમે ત્યારે કહી શકતો. શ્રીકૃષ્ણને ગાય પ્રિય તેથી મને કૃષ્ણ વહાલા લાગે. આમ તો બાલસંસ્કાર કેન્દ્રમાં ઘણા શ્લોકો અમારા ગુરુજી સ્વ. વિઠ્ઠલજી જીવરામ ગોર શીખવતા, બે શ્લોક આજ દિન સુધી ભૂલી શક્યો નથી. એક 'આયુર્બલં યશો વર્ચ..' અને 'ગાવો મે અગ્રતઃ સન્તુ ગાવો મે સન્તુ પૃષ્ઠતઃ ગાવો મે હૃદયે સન્તુ, ગાવાં મધ્યે વસામ્યહમ્' જ્યારે જ્યારે કોઈ ચિત્રમાં શ્રીકૃષ્ણને ગાય સાથે જોઉં છું ત્યારે અદ્દલ મારી સાંવલી યાદ આવી જાય છે. તેને રામની શબરી કહેવી કે પછી કૃષ્ણની કામધેનું કહેવી એ આજ દિન લગી નક્કી નથી કરી શક્યો. એક વાત ચોક્કસપણે કહી શકું, તે વખતના કપરા દિવસોમાં સાંવલી જ અમારા માટે આશીર્વાદરૂપ બની શકી હતી.

સાંવલીના લીધે હું એક વખત બિમાર પડી ગયેલો એ બરોબર યાદ છે. વાત જાણે એમ હતી કે ધણમાં અન્ય ગાય સાથે એક આંખલાની લડાઈ જામી. આખલાના શિંગડાની પક્કડમાંથી પેલી ગાય છટકાવી ગઈ. શિંગડા ઉલાળતો અને દોડતો દોડતો તેણે સામે ચરતી સાંવલીના પાછળના ભાગમાં પોતાનું અણિયાળું શિંગડું ભરાવી દીધું. શિંગડું બરોબર તેના પાછલા બે પગની વચ્ચોવચ ભરાઈ ગયું. લોહી નીકળતી હાલતમાં બેહોશ થઈ પડી ગઈ. ગોવાળે ભાનમાં લાવવા બધા ઉપાયો કર્યા. મોડે-મોડે ભાનમાં આવતા ગોવાળ તેને નિયત સમય પહેલા જ ઘરે લઈ આવ્યો. પશુચિકિત્સક ધીરૂભાઈ ડાભી આવ્યા. ઈલાજો થયાં. મેં તેની આંખમાંથી સતત ટપકતાં આંસુઓ જોયા. શિંગડું ભરાયાની જગ્યા એટલી ઊંડી હતી કે કોઈ પણ જોનારને કંપારી છૂટી જાય. હું પણ તેની પીડા જોઈ શક્યો નહિ. તેને કંઈ કરતાં કંઈ જ ન થાય તે વાસ્તે મેં માનતા રાખી વેદનાથી ગાય બેસી શકતી ન હતી. સાંજના વખતે મને તાવ ચડી આવ્યો. તાવથી હું નિંદરમાં પણ ગાયની જ વાત કર્યા કરતો હતો એવું પછીથી બાએ કહેલું. બરોબર દોઢ મહિના પછી ગાય સ્વસ્થ થઈ શકી. તેની શરૂઆતની સેવા ચાકરીના કારણે હું આઠેક દિવસ સુધી લેશન કરી શક્યો નો'તો અને નિશાળમાં કલાકો સુધી અંગૂઠા પકડ્યાનું આજે પણ સ્મરણમાં છે.

છ મહિના પછી અમારા ઘર માટે શુભ દિવસો આવ્યા. એક સાંજે ગોવાળે બાપુજીને સાંવલી ગાભણી થયાના સમાચાર આપ્યા. તે ચોથા વિયાની મા થવા થઈ રહી હતી. હવેથી તેને દાણા અને થોડો ઘણો લીલો ચારો આપવામાં આવતો હતો. દરરોજ મારો નાનકડો હાથ તેના પર ફરે. તે માથું હલાવી રાજીપાના સંકેત આપે. હું નાના બચ્ચા વિશે રોજ કલ્પના કર્યા કરું.

સવારે સાંવલીને ખીલે ન જોતા ઉદાસ થઈ ગયેલો. મારું ઢીલું મોઢું જોઈ બાએ પ્રશ્ન કર્યો - કેમ હસુ, આજે તું કેમ ઉદાસ છો ? મેં માથું નકારમાં ધૂણાવી ચલતી પકડું ત્યાં બા ફરી બોલ્યાં - સવારે સાંવલીને ખંજવાળી નથી એટલે ને ? પણ, આજે તેને વે'લી ધણમાં મૂકી દીધી છે. ઠાકોરજી કરશે તો આજે પોતાની સાથે બચ્ચાને પણ લાવશે. પછી તો રાજીને ? વાત સાંભળી મેં સહસા પ્રશ્ન પૂછી નાંખ્યો. 'તમને કેમ ખબર પડી હેં બા... ?' બાએ જવા વાળ્યો - 'ગોવાળબાપા કહેતા હતા એટલે.'

આજે નિશાળે ન ગયો. ગામમાં ધણ જ્યાંથી પ્રવેશ કરે છે તે જગ્યાએ સાંવલીની રાહ જોઈ બેસી રહ્યો. તેના બચ્ચાના અને મીઠા દૂધની કલ્પનાએ ચડી ગયો. તેના પીધેલા દૂધથી હજુ હોઠ સૂલયા ન હતા. તાજા દૂધના ફીણથી બનેલી મારી મૂછો સઘળા સભ્યોમાં હાસ્ય રેલાવતી. ક્યારેક તો બહેનના ભાગનું દૂધ પણ ઝૂંટવી પી જતો. ત્યારે રીતસરનું વાક્યુદ્ધ છેડાતું, જે પછીથી મારામારી સુધી પહોંચતું. બા દૂરથી હાકોટા પાડીને કહેતા 'ખબરદાર ! બહેનને મારી છે તો ? જોજે... તારા હાથ ઘોરમાં ખૂંપી જશે.' આ શબ્દો સાંભળી દૂર થઈ જતો.

હજું હું ઘેર પગ મૂકું ત્યાં બધું પૂરું થઈ ગયું. સૌના મોઢા પડેલા જોયાં. સાંવલીને શૂળ ઉપડેલું ને તે મરી ગઈ ! મરી ગઈ શબ્દ સાંભળતાં જ હું રડી પડ્યો. ક્યાં ગઈ મારી સાંવલી ? પૂછતાં જ બાઈએ તેની વિગતે વાત કરી. રડમસ ચહેરે હું ગામની બહાર જ્યાં મૃત જાનવરોને લઈ જાય છે તે જગ્યાએ પહોંચી ગયો. આ લોકો મારી સાંવલીને ચીરી રહ્યા હતા. તેની આંખો જાણે મારી સામે તાકેલી જણાઈ. તે કશુંક કહેવા મથતી હશે ? પણ હવે શું ? મેં તેના પેટમાં નાની વાછલડી જોઈ. હૃદય ભરાઈ આવ્યું. ફરી રડવું આવ્યું. બિચારી સાંવલી અને તેના બચ્ચાને હાથ ફેરવવા આગળ વધું ત્યાં સૌએ મને દૂર ઊભા રહેવા આદેશ આપ્યો. એ વખતે માંડ-માંડ ગુસ્સાને કાબૂમાં રાખી શક્યો. મનમાં બે-ત્રણ અપશબ્દો પણ બોલાઈ ગયાં. મોટા થાળમાં તેનું માંસ અને ઉતારેલું ચામડું લઈ આ લોકો ત્યાંથી ચાલ્યા ગયા. ભલા, હવે મારાથી બીજું શું થઈ શકવાનું હતું ? સાંવલી આખે આખી ચૂંથાઈ ચૂકી હતી. લોહીથી લથપથ કાયામાં માત્ર તેનું બચ્ચું માની ગોદમાં સોડ તાણી સૂતું હતું. થોડી જ વારમાં ગીધડાં, સમડીઓ, કાગડાં અને કૂતરાં આવી ચડ્યાં. હવે આ રાક્ષસો પણ થોડા છોડવાના હતા ? આવા વખતે જાણે સાંવલી જ ન કહેતી હોય ! કાગા ! ચુન - ચુન ખાઈઓ, ચુન-ચુન ખાઈઓ માંસ, મત ખાઈઓ મેરે દો નયનાં, મોયે પિયા મિલન કી આશ.'

મારા મનમાં કશોક સળવળાટ થયો. એક હાથમાં પથ્થર ઉપાડી, બીજો હાથ ઢીલી ચડ્ડીને પકડી, પથ્થરને ગીધડાં ઉપર ફેંક્યો. તે સણણ.. કરતો એક ગીધની ડોક પર વાગ્યો. ગીધ ગડથોલિયાં ખાઈ ગયું. મારા મોઢામાંથી શબ્દો સરી પડ્યાં - મુંઆ, મરી જાવને ! તમારી જાતને મારું !! થોડા સમયમાં તો સાંવલી અને તેના બચ્ચાનું ક્યાંય નિશાન ન હતું. બચ્યાં હતા તો માત્ર ને માત્ર તેના હાડકા !

આજે પણ સાંવલીનું નામ ઉચ્ચારાય છે ત્યારે બેશક મનોમન તેને શ્રદ્ધાંજલિ અપાઈ જાય છે. જેમ જેમ મારી સમજ કેળવાતી ગઈ, તેમ તેમ લુપ્ત થતી આ ગીધની જાત પાસે, ભૂતકાળમાં મેં કરેલ અપરાધ બદલ હું ક્ષોભ સાથે દિલગીરી વ્યક્ત કર્યા વગર રહી શકતો નથી.

## 'કચ્છશ્રુતિ કંપા વિશેષાંક' બાબતે સ્પષ્ટતા

કચ્છશ્રુતિનો આ માસનો અંક કચ્છીકંપા વિશેષાંક તરીકે પ્રસિદ્ધ કરવાનું આયોજન હતું. પરંતુ કંપા ખાતે રહેતા કચ્છી ખેડૂત પરિવારો હાલ ખેતીના કામમાં વ્યસ્ત હોઈ અમોને પુરતી માહિતી મળી શકેલ નથી. આથી કંપા વિશેષાંક આગામી સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની સૌએ નોંધ લેવા વિનંતી. કંપા વિશેની કોઈપણ માહિતી આપ મોકલી શકો છો. – **મુખ્ય તંત્રી**

# નચિકેતા - યુવાનો માટે મહાન આદર્શ

• ડૉ. કાન્તિ ગોર 'કારણ' •

વિવેકાનંદજીએ એવું કહેલું કે મને સો નચિકેતા જેવા યુવાન આપો હું ભારત વર્ષને બદલી દઈશ. કોણ હતા આ નચિકેતા ? એવા સો નચિકેતા મળે તો ભારતના બધા માનવસર્જિત અનિષ્ટો નાશ પામે અને ભારત સત્ય અને ઉત્તમ બાબતોને વરેલો દેશ બની જાય તેમ વિવેકાનંદજી જેવા ઉત્તમ વિચારક અને યુવાનોના આદર્શ સંન્યાસીને લાગેલું.

નચિકેતાના પિતાશ્રી ઉદાલક નામના ગૌત્રમાં જન્મેલા ઋષિ હતા. નચિકેતા પાંચ વર્ષના હતા ત્યારે ઉદાલક ઋષિએ યજ્ઞ કરેલો. યજ્ઞ પછી એમણે બ્રાહ્મણોને ગાયોનું દાન કર્યું. એમણે સારી સારી ગાયોને અલગ તારવી અને થાકેલી, બિમાર, વસૂકી ગયેલી, નઠારી, ખાઈ પીને ઉતરેલી ગાયો બ્રાહ્મણોને આપી. બાળક નચિકેતાને આ ન ગમ્યું. એને વિચાર આવ્યો કે આ ગાયોને તો દાંત પણ નથી. ચારો પણ ચરી શકે તેમ નથી. આવી ગાયો તો જેને અપાશે તેને માટે તકલીફરૂપ બનશે તેથી એણે વિચાર્યું કે પિતાજી મોહવશ થઈને સારી ગાયો મારા માટે બચાવી રહ્યા છે મારે એમને અનિષ્ટમાંથી બચાવવા જોઈએ. તેથી એણે પિતાને પૂછ્યું પિતાજી, 'યજ્ઞના અંતે ઉત્તમ બ્રાહ્મણોને, ઋત્વિજોને ધનનું દાન કરવામાં આવે છે., હું પણ આપનું ધન છું. શાસ્ત્રોમાં પુત્રને પણ ધન ગણવામાં આવ્યું છે, તો આપ મારું દાન કોને કરો છો ?' આ પ્રશ્નનો ઉત્તર પિતાએ ન આપ્યો. નચિકેતાએ આ પ્રશઅન સતત પૂછ્યો, છેવટે પિતાએ કંટાળીને કહી દીધું. 'જા તને મૃત્યુને આપું છું.'

નચિકેતાએ વિચાર્યું કે મને મૃત્યુ એટલે કે યમને સોંપ્યો છે તો એમનું પણ કંઈક પ્રયોજન હોવું જોઈએ અને સારા પુત્ર તરીકે મારે એમના આદર્શનું પાલન કરવું જોઈએ. તેથી પિતાએ ખુબ સમજાવ્યાં છતાં પિતાની આજ્ઞા મેળવીને એ તો યમના ઘરે ગયો. ત્યારે યમરાજ ઘરે ન હતા. (એમની ફરજ બજાવવા, કોઈને લેવા ગયા હશે.) નચિકેતા તો પલાંઠી વાળીને બેસી ગયા, યમરાજના મહેલ સામે. યમરાજ આવ્યા ત્યારે યમની પત્નીએ કહ્યું કે, 'એક બાળક ત્રણ દિવસથી અન્નજળનો ત્યાગ કરીને, આપના દર્શનની હઠ કરીને આપણા ઘર સામે બેઠેલ છે એ આપણો અતિથિ છે, એનો આતિથ્ય સત્કાર કરો.' યમે બાળકને કહ્યું, 'તેં ત્રણ દિવસ અન્નજળનો ત્યાગ કર્યો છે. મારા આંગણે તપ કર્યું છે તો હું તને ત્રણ વરદાન આપું છું તે માંગી લે. નચિકેતાએ પ્રથમ વરદાનમાં માગ્યું કે મારા પિતા શાન્તચિત થઈ જાય. એમનો ગુસ્સો ઉતરી જાય હું અહીં આવ્યો તે બધી વાત એ પણ યાદ રાખે અને એમનું ચિત્ત સ્વાર્થ વગરનું બને. બીજા વરદાનમાં એમણે અગ્નિ વિદ્યા માગી અને ત્રીજા વરદાનમાં એમણે આત્મા એટલે શું તેની સમજ માટે બ્રહ્મવિદ્યા માગી. આ બીજા અને ત્રીજા વરદાન માટે યમરાજે બહુ આનાકાની કરી અને કહ્યું કે તું બાળક છે અને આ વિદ્યા તારા ગજા બહારની વાત છે. યમરાજે બાળકને અનેક બીજી સુખ સમૃધ્ધિ આપવાની લાલચ પણ આપી પણ નચિકેતા મક્કમ રહ્યા અને એ વિદ્યા મેળવીને જ રહ્યા એટલું જ નહીં યમરાજે આપેલી આ વિદ્યા એમને એમણે ફરીથી સમજપૂર્વક કહી સંભળાવી. નચિકેતા યમ પાસેથી અદ્ભુત વિદ્યા મેળવીને ઘરે પાછા આવ્યા અને બ્રહ્મવિદ્યાનો પ્રસાર પ્રચાર કર્યો.

નચિકેતા પાસે આપણે અને આજના યુવાનો શું શીખી શકે ? (૧) અસત્ય અને અનીતિ નિયમ વર્તન કરનાર સગો બાપ હોય. તો એનો પણ વિરોધ કરાય પછી ભલેને મૃત્યુને ભેટવું પડે. (૨) જ્ઞાન મેળવવા માટે ચાહે કેટલી તકલીફ પડે તેનો સામનો કરીને ધારેલું પ્રાપ્ત કરવું જોઈએ. (૩) જ્ઞાન મેળવતી વખતે ચાહે કેટલી લાલચો સામે આવે એમાં ફસાયા વગર ધ્યેય સિધ્ધ કરવું જોઈએ. (૪) પોતાના વર્તનવ્યવહારમાં ક્યારેય અવિવેક ન આવવો જોઈએ. આવી અનેક બાબતો નચિકેતા પાસેથી શીખી શકાય.

નચિકેતાએ મેળવેલી બ્રહ્મવિદ્યા શી હતી ? અને નચિકેતાએ તે કેવી રીતે મેળવી તથા એનું કથાનક વિસ્તૃત રીતે જાણવા માટે કઠોપનિષદ વાંચવું જોઈએ. હવે તો તે અનુવાદ સાથે ગુજરાતીમાં પણ ઉપલબ્ધ છે. નચિકેતાને સ્વામી વિવેકાનંદજી પણ આદર્શ માનતા હતા. અંતે કઠોપનિષદનો એક મંત્ર જોઈએ.

શ્રેયશ્ચ પ્રેયશ્ચ મનુષ્યમેતસ્તૌ સમ્પરીત્ય વિવિનકીત ધીરઃ।
શ્રેયો હિ ધીરોડભિ પ્રેયસો વૃણીતે પ્રેયો મન્દો યોગક્ષેમાદ્ વૃણીતે ॥

(કઠોપનિષદ, દ્વિતિયવલ્લી,૨)

શ્રેય (કલ્યાણકારી બાબતો) અને પ્રેય (ગમતી, પ્રિય લાગે તેવી બાબતો) બંને મનુષ્યની સામે આવે છે. બુધ્ધિમાન મનુષ્ય બે બાબતોને અલગ અલગ સમજી લે છે. બુધ્ધિમાન ધીર પુરુષ શ્રેયસ (કલ્યાણકારી બાબતો)ને પસંદ કરે છે, જ્યારે મંદબુધ્ધિ જીવન નિર્વાહ માટે જરૂરી ભોગવિલાસની વસ્તુઓને એટલે કે પ્રેયસ (કલ્યાણકારી નહી પણ ક્ષણિક સુખ આપનારી બાબતો)ને પસંદ કરે છે.

# ગામની ગાથા

• જગદીશ ચં. છાયા 'શ્રેયસ' ભુજ •

કોઈપણ વ્યક્તિને અચાનક પૂછવામાં આવે, 'વિશ્વનું શ્રેષ્ઠ સ્થળ ક્યું ?' તો ચોક્કસ પણે એ એક ક્ષણનો વિલંબ કર્યા વિના એ પોતાના ગામનું નામ બોલી ઉઠશે. જન્મભૂમિ પ્રત્યેની લાગણી દરેકમાં ઠાંસોઠાંસ ભરેલી હોય એ સ્વાભાવિક છે. કામધંધાર્થે કે કોઈપણ કારણસર બીજે રહેતી વ્યક્તિના હૃદયમાં 'વતન ભક્તિ' અખંડ હોય છે. દરેક ગામ પોતાનો આગવો ઈતિહાસ, ભૂગોળ, સમાજ જીવન, ખાસિયતો, ધરાવે છે. આ બાબતોના જાણકારો, અભ્યાસુઓ ગામમાં હોય છે. તેઓ કર્ણોપકર્ણ વાતોને પેઢી દર પેઢી વહેતી રાખે છે. પણ એને શબ્દ દેહ આપતા નથી તેથી.. વહેતી વાતોમાં સરવાળા-બાદબાકી થતા રહેતા હોઈ, મૂળ વાત સાચા અર્થમાં સચવાચી હોતી નથી. ત્યારે આવું 'ધૂળ ધોયું' ઉમદા કાર્ય પૂર્ણ નિષ્ઠાથી, નિરપેક્ષ ભાવે કરી રહ્યા છે. બાડા ગામના વસંતભાઈ છાડવા.. હું એમના આ કાર્યને એક પ્રકારનાં ધાર્મિક કાર્યનો દરજ્જો આપું છું.

**ભૌગોલિક દર્શન :** કચ્છ માંડવીથી ૨૬ કિમી. અંતરે આવેલું બાડા ૨૨.૫૪ અક્ષાંસ અને ૫૯.૯ રેખાંશ પર સ્થિત છે. અરબી સમુદ્રની સપાટીથી ૧૫.૮૮ મી. ઉંચાઈ, દરિયાથી ફક્ત ૩ કિમી દૂર હોઈ, અહીં બારેમાસ ખુશનુમા હવામાન રહે છે એનો પ્રભાવ અહીંના લોકોના મિજાજ પર પણ એવો જ પડ્યો છે.

**ઈતિહાસ :** બાડાનું તોરણ કાઠી દરબાર વનરાજસિંહ જોધાજીએ સંવત ૧૦૯૦માં બાંધ્યું. કચ્છમાં લખપતજીના વખતમાં કચ્છના નાના રાજવીઓની ગાદીઓ સ્થપાતી. બાડા વખતે 'રાજાણી' કહેવાતું. ગામના છેલ્લા રાજવી હતા દેવાજી ઠાકોર. રાયધણજી પ્રથમના સમયમાં સુમરોજીનું રાજ હતું. એમણે ૧૫ વર્ષ રાજ કર્યું હોવાનો ઉલ્લેખ, ગામના દ્વારમાં શિલાલેખમાં છે.

**બાડા :** અહીંના લોકોને જે સ્થળોમાં ભાવાત્મક બંધન આસ્થા છે એ આ રહ્યા. ગામના પાદ પ્રક્ષાલન કરતી વેગડી નદીના કાંઠે ભીમનાથ મહાદેવનું મંદિર છે. આજે તો એ મંદિર પુનઃપ્રતિષ્ઠિત થયું છે. પણ આજથી ૧૦૦ વર્ષ પહેલા એ સાવ નિર્જન હતું. રાત્રે તો ત્યાં કોઈ જવાની હિંમત પણ કરતું નહિં. એવો બિહામણો માહોલ હતો. એ વખતે મારા દાદાજી હરિદાસ મકનજી છાયા એ મંદિરે શિવનું રાત્રી અનુષ્ઠાન કર્યું હતું. તેઓ આ વિસ્તારના શિરસ્તેદાર હતા. ઉપરાંત દેરાસર, યક્ષ, દેવ, ઠાકર મંદિર, હાજીપીર, હનુમાનજી, શીતળામાતા, મતિયાપીર, પદ્ધાપીર, પન્જોરા પીર, વાછરા દાદા. વગેરે આસ્થા સ્થાનો છે.

ગામના વિકાસમાં જૈનોનો ફાળો વિશેષ છે. ભાટિયાનો પણ નોંધપાત્ર ફાળો છે. ગામનું પ્રવેશદ્વાર કેશવજી જેઠાભાઈ પરિવારે બંધાવ્યું છે. અહીં બસ સ્ટેશન, દવાખાનું, ધર્મશાળા, વિદ્યાભવન, હરિયા હાઈસ્કૂલ, બાળ મંદિર પણ છે.

**વાવ-તળાવ :** ભાટિયા ગૃહસ્થ ટોપણદાસે સંવત ૧૬૩૬માં 'ટોપણસર' તળાવ બંધાવી આપ્યું. એના ફરતે પાકી દિવાલો, સ્નાન ઘાટ, મધ્યસ્તંભ છે. પાસે મીઠા પાણીનો કૂવો છે. સીમમાં કારી, નબેતરાઈ, લાલીરા, નોગડાઈ વિગેરે તળાવડી છે. જીવીબા વેશલજી અરજનજીએ સને ૧૯૩૧માં ૧૪૫૦ કોરી ખર્ચીને લાલીરા તળાવડી બનાવી છે. બાડા ગામના પાણી વિષે કહેવાય છે બાડે જો પાણી નાય ખરો નાય મીઠો ઈ તા આય બાડો..!

**શિક્ષણ :** ગામમાં પંચાયતી શાળા તા. ૩-૧૨-૧૯૬૫થી શરૂ થઈ. કાન્તીપ્રસાદભાઈ અંતાણી એ એનું ઉદ્‌ઘાટન કર્યું હતું. તા. ૮-૮-૧૯૮૫થી માધ્યમિક શિક્ષણનો પ્રારંભ થયો. જે તા. ૧૮-૭-૧૯૯૦થી નવા ભવવમાં પૂર્ણ સ્વરૂપ પામી. તા. ૮-૬-૨૦૦૯થી ધો. ૧૧, ૧૨ શરૂ થયા. હાઈસ્કૂલને ગુજ. પ્રદેશ મધ્યસ્થ સમિતિ દ્વારા શ્રેષ્ઠ શાળા, શ્રેષ્ઠ આચાર્યનો એવોર્ડ મળ્યો છે.

**દવાખાનું :** તા. ૧૮-૧૨-૧૯૬૪થી દવાખાનું શરૂ થયું. પ્રથમ ડોક્ટર દંપતિ ઉષાબેન અને નવીનભાઈ ગોગરી.

**મૈત્રીધામ :** શહેરી સુવિધાઓથી સંપન્ન આ સોસાયટીમાં ૪૦ બંગલા છે. ગામને ઓગષ્ટ ૧૯૭૯માં વીજળીની સુવિધા મળી.

**વિપશ્યના કેન્દ્ર :** વિશ્વભરમાં સુવિખ્યાત ધમ્મસિંધુ એ બાડા ગામનું નામ પણ વિશ્વના ફલક પર ચમકાવી દીધું છે. સત્યનારાયણ ગોએન્કાજી સ્થાપિત આ કેન્દ્રમાં દેશ-વિદેશમાં સાધકો આવે છે. કબીરવડની નાની પ્રતિકૃતિ માણેક વડ પણ દર્શનીય છે.

**બાડા ગામમાં પ્રથમ :** ગામના પ્રથમ ડોક્ટર કુંવરજી રાયશી. મુંબઈમાં ચીંચ બંદર પર એમના નામે માર્ગ છે. પ્રથમ વકીલ - નાનજી દેવરાજ માલશી (મુંબઈ સમાચાર પત્રકાર), આંતરજ્ઞાતિય લગ્ન - વિસનજી દેવરાજ માલશી. એસ.એસ.સી.માં સુવર્ણ ચંદ્રક - તેજશી કારું કરમશી. મુંબઈમાં રંગરસાયણ કારખાનું - દના રતનશી, આશુ રતનશી. કહેવત ભલે હોય - 'બાડે ગામ મેં બ તેરસ' પણ વાસ્તવમાં વૃંદાવન જેવા આ ગામમાં છે. કોમી એકતા, ભાઈચારો અને સંપ..

**અસ્તુ...**

લેખમાળા

# 'ઉછાળી દે આભને... સમાપને'

● રમેશ ભટ્ટ-'રશ્મિ'-નખત્રાણા ●

દાદ આપે એવી શ્રોતાઓ ભરી ભીડ, વાહ... વાહ... દુબારા..ની પ્રેરક શબ્દાવલીની કતાર.. કળાસાધના લેવા નહીં આપવાની ઉતાવળ... આ બધું માંડવીના દિલેર દરિયા સાથે સરાજાહેર ગુફ્તેગો કરતા પુસ્તકો પાસે છે.. માંડવીની મતવાલી વારિ લહરીઓથી ભીંજાતા છેલ્લા ચારેક લેખોનું આલેખ સાથે સમાપન કરીશું. પરંતુ હંઅઅઅ... મનખાદેહ ની મોંઘેરી વાતો - વાર્તાઓ તો અમરવેલમાં પાકતાં અમરફળો છે.. પાળીયામાંથી પંથ બને પણ ગાથાઓ કંઈ ખૂટે ? 'બહુરત્ના વસુંધરા' ના મીઠાં માનવીઓની ગાથાઓથી તો આભમાં શૂરા-પૂરા-સંતો-દાતાઓની બેઠકો થાય છે, અને એમના હરખના આંસુ વરસાદ બનીને વરસે છે.

'ઉછાળી દે આભને' લેખક મહોદય નારાયણ શનિશ્ચરાના ગ્રંથરત્નના ઓટલે થયેલી જ્ઞાન-ભક્તિ-કર્મની સભા છે. એમાં નરપુંગવો, વિદુષીઓને મળીએ, 'હરિ હોંકારો દેશે-  જો વાતોમાં હોય વજૂદ' કંઈ અમથું કહેવાયું હશે ?

વિભાગ-૨માં લેખકશ્રી નોંધે છે તેમ 'માંડવીમાં જન્મેલ કે કર્મભૂમિ બનાવનાર કેટલીક વ્યક્તિઓ.. (પૃ. ૨૫૫) ની સાચાં મોતીની માળામાં લેખકરત્ન ગૌતમ શર્મા (૧૦૦ થી વધુ પુસ્તકોના રચયિતા)' નવલકથાકાર જટુભાઈ પનીયા, ઉર્દૂ ભાષાના અચ્છા જ્ઞાતા, ગઝલ નવાઝ વિનુ, કેશવાણી શબ્દ સાધક હીરાલાલ ફોફલીયા, સાગર કથાઓના સર્જક મનુભાઈ પાંધી, કવિનંગ તરીકે જાણીતા મુળજી સંપટ, શાયર અબ્દુલ્લાહ રૂંજા, રામાયણ વિષયક સંશોધનાત્મક ગ્રંથોના લેખક નાનાલાલ શાહ, પ્રખર વૈયાકરણી અને બહુશ્રુત વિદ્વાન ડૉ. શીવાજી બારોટ, કાવ્ય વ્યાકરણના પ્રબુદ્ધ વિદ્વાન પ્રતાપરાય ત્રિવેદી, કવિશ્રી ઉપેન્દ્રરાય વોરા, સાગરકથાઓના સબળ સર્જક નારાણ દામજી ઝાલા, જાસુસી નવલથા લેખક-નવલિકાકાર પુષ્પદંત ભટ્ટ, વાર્તાકાર અને હાલે હાઈકોર્ટમાં ન્યાયાધીશ શ્રી નીલય અંજારીયા, સંવેદનાસભર વાર્તાઓ આપનારા, પ્રખર વક્તા નાનાલાલ વસા, સબલ, ઊર્મિકવિ, રસિક મામતોરા, હાસ્ય લેખક ચિત્રસેન શાહ, કવિ સંદીપ ભાટીયા, રંગકામ છપાઈ માટે પુરસ્કૃત દેવજી બી. મચ્છર, પ્રખર પ્રવકતા, એનાઉન્સના બેતાજ બાદશાહ હરિશ ભીમાણી, ઈલેક્ટ્રીક તાપથી નોબતને તપાવનાર ટેકનોકેટ જમનાદાસ ઠક્કર, એક સમયના પ્રખ્યાત જાદુગર, ફોટોગ્રાફીમાં અગ્રણી વિશ્વનાથ એમ. જોશી ઉર્ફે શંભુભાઈ, કચ્છી જોક્સના કલાકાર રસીક મહારાજ કલાકાર - હાસ્યકાર રમેશ જોશી, ઉચીકૂદમાં મૃગલીની જેમ કૂદનાર કોમલબા ઝાલા, સુભાષચંદ્ર બોઝને ભારતથી બર્મા લઈ જનારા મનુભાઈ ભીમાણી, પ્રખ્યાત નવલકથાકાર વાર્તાકાર વિનેશ અંતાણી, ભાટીયા જાદવજી દેવજી. બ્રિટીશ સરકારને નમાવનારા વોરા યુસુફઅલી કરીમજી, પ્રખર ચિંતક લક્ષ્મીદાસ કેશવજી ભાટીયા, કચ્છના એક સમયના દીવાન નાનજી જીવરાજ ભાટીયા, જુનાગઢના દીવાન જબર લીલાધર ભાટીયા, સી.એસ.આઈ.નો ઈલકાબ મેળવનારા, રાજનીતિજ્ઞ મુરારજી ગોકલદાસ ભાટીયા, જાણીતા કથાકાર અશ્વિનકુમાર પંડ્યા, માંડવી ભગિની મંડળના રચનારા કુંજલતા ધ્રુવ, મહાત્મા ગાંધી કેપટાઉનમાં જેમને ત્યાં ઉતરતા એવા લાંગાય હાજી આધમ હાજી ગુલમામદ, મોટી હવેલીના એક સમયના મહંત કિશોરચંદ્રજી આદિ નરરત્નો નીપજ્યાં છે.

વિભાગ-૩માં માંડવીનાં સાહસિક રત્નો કે જેમણે ઓમાન તેમજ અન્ય સ્થળોએ વિદેશોમાં વ્યાપારી પેઢીઓની સ્થાપના કરીને દાનગંગા વહાવી એવાં અગરબત્તી જેવા અણનમ અને સુગંધી સજ્જન સ્વજનો સર્વશ્રી રતનશી પુરૂષોત્તમ પુરેચા, નારાણદાસ પ્રાગજી ટોપરાણી, ધનજી મોરારજી શબીકા, વિજયસિંહ ટોપરાણી, ગુલાબસિંહ રતનશી, ગુલાબસિંહ હરીદાસ સંપટ, ઈશાભાઈ સિધીક થૈમ, લાટવાલા એટલે મસ્કતના હંસરાજ નારાણજી લાટવાલા ઉર્ફે ખટાલો શેઠ, વિજયસિંહ લીલાધર ભીમાણી, નવીન ગોવિંદજી આશર, અજીત કરશનદાસ હમલાઈ અને હરિદાસ દામોદર અને બીજા સાત એમ નરરત્નોએ નીપજીને માતૃભૂમિ, દેશ-દુનિયામાં નામ કાઢ્યું છે, ધન્ય હો.. જય હો..

સમાપનમાં ધૂળધોયાનું કામ કરનારા લેખકશ્રી નારાયણ શનિશ્ચરાનો પરિચય એટલે.. વેદવ્યાસને મળવાની આનંદઘડી ... કેમ કે નારાયણભાઈએ શ્વાસે-શ્વાસે શબ્દસંહિતા લખી છે. તવારીખો નોંધી છે, નીરક્ષીરનો વિવેક કર્યો છે, માંગ્યું યે છે ને મેળવ્યું ય છે.. પરંતુ પોતાને માટે નહિં... માંડવી માટે, સમગ્ર માનવજાતિ માટે પર્યાવરણ કળા અને સંસ્કૃતિ માટે.. ત્યારે 'કચ્છશ્રુતિ' ને લેખકની નમ્ર વિનંતી છે કે 'નારાયણ શનિશ્ચરા ફાઉન્ડેશન' ની સત્વરે રચના થાય. અને કડે-ધડે છે એવા ધબકતા છલકતા લખતા આ લેખક શ્રેષ્ઠીની સ્મૃતિમાં, ચમકતી ઝીણી હેતાળ આંખોમાં, દિલના ધબકારમાં મક્કમ ચાલમાં, દૃઢ સંકલ્પમાં ઠાંસી ઠાંસીને ભર્યું છે, તે સાચવી લેવામાં આવે. તેમણે ૨૪૩ વાર્તા, ૪૫ લેખ, ૬ નાટક માંડવીના લેખો-૯૭ એમ ૩૯૧ કૃતિઓ પ્રસિદ્ધ થઈ છે. આ તો એમની ઊર્મિનો અંશ છે. 'ભીતરે સાત દરિયા છે' આ સાથે 'ઉછાળી દે આભને' લેખમાળા વિરામ પામે છે. નારાયણભાઈને અવશ્ય કહીએ..

'ઉછળતા દરિયા પર મલકાતા ઉછાળી દેતાં આભને માણીને અમે ભીંજાયા જ નહીં' પાવન થયા.

# પિંગળશીભાઈ મેઘાણંદ ગઢવી

• ભરત'કુમાર' પ્રા. ઠાકર-અંજાર •

આ વર્ષે જે કેટલાક ગુજરાતી કલમકારોની શતાબ્દી આવે છે તેમાં એક કાઠિયાવાડની લોકસંસ્કૃતિના પ્રહરી અને પીઢ લોકસાહિત્યકાર એવા પિંગળશીભાઈ ગઢવીનો પણ સમાવેશ થાય છે, જેમની ૨૭મી જુલાઈના ૧૦૦ મી જન્મજયંતિ મનાવાશે. તેઓ માત્ર સૌરાષ્ટ્રના જ નહિ, ગુજરાતના લોકસાહિત્ય, ચારણી સાહિત્ય, સંત સાહિત્ય અને આધુનિક ગુજરાતી સાહિત્યના પણ આરાધક હતા.

ગુજરાતી સાહિત્યના પિતાપુત્ર કે ભાઈઓની જોડીએ પ્રદાન કર્યાના કેટલાક સુખદ ઉદાહરણો આપને સાંપડે છે. તેમ આપણા ચરિત્રનાયકના પિતા મેઘાણંદભાઈ ગઢવી સમર્થ વાર્તાકાર અને 'નિરક્ષર સાક્ષર'નું બિરુદ પામ્યા હતા. તો, ગોકુલદાસ રાયચુરા (૧૮૯૦-૧૯૫૧) સાથે લોકસાહિત્યની અનુપમ સેવા કરનાર એમના વડીલબંધુ મેરુભાભાઈ ગઢવી (૧૯૦૬-૭૭) નાદબ્રહ્મના ઉપાસક હતા. જ્યારે પિંગળશીભાઈ શબ્દબ્રહ્મ-નાદબ્રહ્મ બંનેના આરાધક હતા.

જ્ઞાનની વિવિધ શાખાઓના જ્ઞાતા : આ ત્રિપુટીએ સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિના પ્રહરી બની સદી પાર સેવા કરી. બન્ને ભાઈઓએ ચારણી અને લોકસાહિત્યના દુહા, સોરઠા, છંદોના શાસ્ત્રીય ગાન દ્વારા જનસમૂહને વર્ષો પર્યંત મંત્રમુગ્ધ બનાવ્યો હતો. પિંગળશીભાઈની સર્જનશક્તિમાં પિતા મેઘાણંદજી અને ભાઈ મેરુભાજીનો પણ ફાળો રહેલો છે. છતાં એક પ્રતિભાવંત કલાકાર નાતે લોકસાહિત્યનું પ્રભાવી પ્રસ્તુતિકરણ એમની આગવી વિશેષતા હતી.

લોસાહિત્યકાર, કવિ, વાર્તાકાર, નાટ્યલેખક, નવલકથાકાર એમ બહુસર્જક વ્યક્તિત્વ ધરાવનાર પિંગળશીભાઈ ગઢવીનો જન્મ આજથી બરાબર એક સદી પૂર્વે સંવત ૧૯૭૦ના શ્રાવણ-સુદ-૫ ને તા. ૨૭મી જુલાઈ, ૧૯૧૪ (સોમવાર)ના સૌરાષ્ટ્રના ઘેડ વિસ્તારના ગામ છત્રાળાના (તા. કુતિયાણા, જી. જુનાગઢ) મધ્યે થયો હતો. જ્ઞાતિકીય અને પારિવારિક સંસ્કારો થકી બાળપણથી જ સાહિત્યરસમાં ઉછર્યા હતા. માત્ર પાંચ ચોપડી ભણી શક્યા, પણ ચારણી અને લોકસાહિત્યકારની સાચી શિક્ષા-દીક્ષા તો એમને ઘરમાંથી જ પ્રાપ્ત થઈ હતી.

એમની ગ્રહણશીલતા, સ્મૃતિશક્તિ અને સર્જનાત્મક સૂઝ અદ્ભુત હતા ! તેથી પ્રારંભે છંદ શિક્ષણના પાઠ શીખી ઘણું સાહિત્ય કંઠસ્થ પણ કરી લીધું. આગળ જતા ઊંડા અભ્યાસના પરિણામે એમને ચારણી અને લોકસાહિત્યને 'નવજીવન' બક્ષ્યું તથા સિદ્ધહસ્ત લેખક તરીકે ખ્યાતિ મેળવી. ઈતિહાસ, ભૂગોળ, પરંપરાઓ, રીતરિવાજો, પ્રણાલિકાઓ, પહેરવેશ, લોકબોલી, લોકકળાઓ જેવી જ્ઞાનની વિવિધ શાખાઓની ઊંડી સમજ ધરાવતા હતા. લોકડાયરાઓમાં આ વિગતો રજૂ કરી લોકોને જ્ઞાનસજ્જ કરતા.

આપણા આ લોકકવિ છંદશાસ્ત્રનું સંગીન જ્ઞાન ધરાવતા હતા. છંદરચના પર અનેરું પ્રભુત્વ હતું. સૌથી કઠિન છંદપ્રયોગ પણ કરતા. અપ્રચલિત છંદો શોધી તેમને પુનર્જીવિત કર્યા છે. કોઈ પણ કાર્યક્રમ વખતે ગીતશુદ્ધિનો ખાસ આગ્રહ રાખતા. તેથી શ્રોતાઓ પણ સસ્તા કે સ્થૂલ મનોરંજનની અપેક્ષા ન રાખતા. સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ અને પૂર્વ આફ્રિકામાં લોકડાયરાઓમાં ચારણી અને લોકસાહિત્યને રૂચિકર ઢબે રજૂ કરી જીવન સાથે તેનો સંબંધ સમજાવ્યો અને તેને લોકભોગ્ય પણ બનાવ્યું.

અખંડ સાહિત્ય-સાધના : જૂનાગઢના લોકસાહિત્ય વિદ્યાલયમાં દાયકા (૧૯૫૬-૬૬) લગી અધ્યાપક અને આચાર્ય તરીકે રહી સાઠ જેટલા વિદ્યાર્થીઓને આ સાહિત્યથી દીક્ષિત કર્યા. કન્યા શિક્ષણના પ્રસારાર્થે જૂનાગઢમાં ચારણ કન્યા છાત્રાલય પણ શરૂ કરાવ્યું. જીવનનો અંતર્મુખ બની ભક્તિપ્રધાન રચનાઓ આપી. પિંગળશીભાઈનું વિવિધલક્ષી સાહિત્યસર્જન છેક ૧૯૪૧થી શરૂ થઈ જીવનપર્યંત અખંડ ચાલ્યું. તેમાં એમની રાષ્ટ્રપ્રીતિ, ઉદાર ભાવવિશ્વ અને માનવોત્કર્ષની ઝંખના પ્રગટે છે..

**કાવ્યસંગ્રહો :** પિંગલ કાવ્યસંગ્રહ (૧૯૪૧), સાહિત્ય કાવ્યસંગ્રહ (૧૯૫૧), દારૂનિષેધ પચીસી, ખેડૂતબાવની (બંને ૧૯૫૮), સોરઠ સરવાણી, સરહદનો સંગ્રામ (બંને ૧૯૬૨), ગીતા દોહાવલિ (૧૯૬૯), મહાદાન યશમાળા (૧૯૭૦, અપ્રકાશિત), આરાધ (૧૯૭૨), વેણુનાદ (૧૯૮૦), નિજાનંદ કાવ્યધારા (૧૯૮૬), શિક્ષાપત્રી દોહાવલી (૧૯૮૭),

છંદદર્શન (૧૯૯૧), નર્મદાશતક (૧૯૯૪, અપ્રકાશિત), મહર્ષિ દયાનંદ જીવનદર્શન (૨૦૦૧), હરિની હાટડીએ (૨૦૦૨)

**નૃત્યનાટિકા :** પહેલું પરોઢ (૧૯૬૦), દેપાળદે (૧૯૬૩), ધૂંધળીમલ, જીવનઝલક (બંને ૧૯૭૨), યુગ અવતાર (૧૯૭૩),

**વાર્તાસંગ્રહો :** જીવતરના જોખ (૧૯૬૪), પ્રાગવડના પંખી (૧૯૬૫), ખમીરવંતા માનવી ભાગ-૧ (૧૯૬૯), નામ રહંતા ઠક્કરાં (૧૯૮૦), ખમીરવંતા માનવી ભાગ-૨ (૧૯૮૯), ખમીરવંતી કથાઓ (૧૯૯૭)

**નવલકથાઓ :** જસમા ઓડણ (૧૯૬૮), ગાંધીકુળ (૧૯૬૯), આ ઉપરાંત ચારણી અને લોકસાહિત્યના ફુટ પ્રશ્નો વિષયક અને સંશોધનાત્મક લેખો તથા અનેક ફૂટકલ કાવ્યો લખ્યા.

**સન્માન અને સ્મૃતિ-સુવાસ**

ગુજરાતની અનેક સમિતિઓ કે સંસ્થાઓમાં રહીને સેવાઓ આપી હતી. તેમાં ચારણ સાંસ્કૃતિક સેવામંડળ, ચારણી-લોકસાહિત્ય સંમેલનો, લોકસાહિત્ય સલાહકાર સમિતિ, સાંસ્કૃતિક પ્રમાણપત્ર બોર્ડ, સંગીત નૃત્ય નાટક અકાદમી, ગુજરાત સાહિત્ય અકાદમી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની 'મેઘાણી ચેર' વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૬૯માં ચારણી સાહિત્યકાર અને લોકસાહિત્યકાર તથા ૧૯૮૦માં લોકકવિ તરીકે સન્માનિત થનાર પિંગળશીભાઈને ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર (૧૯૭૮) અને કારકિર્દીના શિરમોર સમાન કેન્દ્રીય સંગીત - નાટ્ય અકાદમી (દિલ્હી)નું રાષ્ટ્રીય પારિતોષિક એનાયત થયા હતા.

ચારણી અને લોકસાહિત્યના સંનિષ્ઠ પ્રશિક્ષક, દષ્ટિપૂત સંયોજક, સાહિત્યસર્જક અને વિશેષ તો કંઠસ્થ કથનકલાના વાહક એવા પિંગળશી મેઘાણંદ ગઢવીનું સંવત ૨૦૫૪ના જેઠ સુદ-૫ અને તા. ૩૧મી મે, ૧૯૯૮ (રવિવાર)ના અવસાન થયું. જામનગરમાં એમના નિવાસ વોર્ડ નં. ૩માં પટેલ કોલોનીના મુખ્ય રસ્તાને ૨૦૦૦માં મહાનગરપાલિકાએ એમનું નામકરણ કર્યું છે. જન્મશતીએ આપણી ભાવવંદના...


## કચ્છશ્રુતિમાં આપશ્રીની સંસ્થાની જાહેરાત

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ, એક એવી યોજના લઈને આપશ્રી સમક્ષ ઉપસ્થિત થાય છે કે જે યોજનાથી ખૂબ જ નાની રકમથી આપશ્રી સમાજના મુખપત્ર કચ્છશ્રુતિમાં જાહેરાત આપીને શ્રી કચ્છી સમાજ-અમદાવાદને તેના કાર્યો માટે યોગ્ય ભંડોળ ઊભું કરવા સહકાર આપી શકશો.

સાથે સાથે આપણે તેની પણ નોંધ લેવી જોઈએ કે આપશ્રીના વ્યવસાય અંગેની જરૂરિયાત હોય કે ન હોય, તો પણ કોઈ પણ પ્રકારની જાહેરાત કયારેય પણ વ્યર્થ જતી નથી. વહેલા - મોડા તેના મીઠા પરિણામો આવે જ છે. 'કચ્છશ્રુતિ' ના અંકો માટે વિઝિટીંગ કાર્ડ ટાઈપની જાહેરાત વિચારવામાં આવેલ છે કે જેની લંબાઈ-પહોળાઈ ૯ X ૬ સેમી. હશે. આ પ્રકારની ૮ જાહેરાત દરેક પાના પર લેવામાં આવશે આ જાહેરાત મલ્ટીકલર પ્રકારની અને ૧૨ મહિનાના સ્વરૂપમાં હશે. જાહેરાતના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

કવર પેઈજ નં. ૪ - ૯ X ૬ સેમી. સાઈઝ - બાર મહિનાની દરેક જાહેરાતના રૂ. ૨૦,૦૦૦/-

કવર પેઈજ નં. ૨, ૩ - ૯ X ૬ સેમી. સાઈઝ - બાર મહિનાની દરેક જાહેરાતના રૂ. ૧૫,૦૦૦/-

અંદરના પાના પર - ૯ X ૬ સેમી. સાઈઝ - બાર મહિનાની દરેક જાહેરાતના રૂ. ૧૦,૦૦૦/-

આપશ્રી આપની જાહેરાતની મેટર તથા શ્રી કચ્છી સમાજ-અમદાવાદના નામનો રૂ. ૨૦,૦૦૦/- રૂ. ૧૫,૦૦૦/- કે રૂ. ૧૦,૦૦૦/- નો ચેક નીચેના સરનામે મોકલી શકશો.

**શ્રી મનુભાઈ કોટડીયા, કન્વીનર વ્યવસ્થાપક સમિતિ, કચ્છશ્રુતિ**

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬.

**— ભરત ઓઝા,**

**માનદ્ મંત્રી- શ્રી કચ્છી સમાજ-અમદાવાદ**

# કચ્છશ્રુતિનાં કલમકારો (૬)

## તુલસીદાસ કંસારા-અમદાવાદ

● હંસરાજ કંસારા ●



'કચ્છડો કામણગારો' તસવીર કથા શ્રેણીના ૨૪ મણકા, તેનાથી અગાઉ 'કમ્પ્યુટરની દુનિયામાં ડોકિયું' લેખમાળાની ૪૫ કડીઓ તેમજ એનાથી પણ પહેલાના એકાદ વર્ષ દરમ્યાન એમણે આપેલા અમેરિકા પ્રવાસ તેમજ ત્યાંના જનજીવનના વર્ણનાત્મક લેખો થકી 'કચ્છશ્રુતિ' ના વાચકો સાથે છેલ્લા લગભગ આઠેક વર્ષથી જોડાયેલા, એવા શ્રી તુલસીદાસ કંસારાની કલમથી 'કચ્છશ્રુતિ' ના વાચકો સુપેરે પરિચિત છે. આ અંકમાં એમની 'કચ્છડો કામણગારો' શ્રેણીનો છેલ્લો હપ્તો છે.

જો કે તાજેતરમાં એમની નવી લેખશ્રેણી 'શબ્દોની કમ્પ્યુગ્રાફી' ત્રણેક લેખ પ્રકાશીત થયા છે. આ તબક્કે શ્રી તુલસીદાસભાઈ કંસારાનો વ્યક્તિગત પરિચય અત્રે પ્રસ્તુત છે.

શ્રી તુલસીદાસ કંસારા મુળ કચ્છ ભુજના વતની છે. ૨૧ સપ્ટેમ્બર, ૧૯૪૪ ને રોજ અંજાર (કચ્છ) મધ્યે એમનો જન્મ થયો. ધો. ૧૦ પાસ કર્યા બાદ તેઓશ્રી તરત જ નોકરીએ લાગી ગયા. કચ્છમાં જિલ્લા લોકલ બોર્ડ, જિલ્લા પંચાયત, સ્ટેટ ટ્રાન્સપોર્ટ અને બેન્ક ઓફ ઈન્ડીયા એમ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત રહ્યા. ૧૯૭૫માં બેંકની નોકરીમાં પ્રમોશન મળતાં ભુજ છોડ્યું. ૧૯૭૭માં બેંકની મેનેજમેન્ટ કેડરમાં સ્થાન મેળવી અમદાવાદમાં સ્થાયી થયા. નોકરીની સાથે સાથે અભ્યાસ ચાલુ રાખી, એમ.એ., એલ.એલ.બી., થયા. ૨૦૦૪માં નોકરીમાંથી નિવૃત્ત થયા.

૨૦૦૩માં અમદાવાદમાં એમની જ્ઞાતિનું મંડળ સ્થપાયું. તેઓશ્રી એના સ્થાપક પ્રમુખ થયા. ૨૦૦૪માં આ લેખના લેખક (હંસરાજ કંસારા) ના તંત્રીપદે જ્ઞાતિમંડળના મુખપત્ર 'સેતુ' નું પ્રકાશન શરૂ થયું. તદુપરાંત આ લેખકે ૨૦૦૫માં બૃહદ અમદાવાદના કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નું તંત્રીપદ પણ સંભાળ્યું. ત્યારે એમણે શ્રી તુલસીદાસભાઈએ એમના અમેરિકા પ્રવાસ / જનજીવન વર્ણવતાં લેખો, કચ્છશ્રુતિના વાચકો માટે આપવા અનુરોધ કર્યો. જે એમણે સ્વીકાર્યો. ત્યારબાદ ૨૦૦૭ જૂનથી એમની કમ્પ્યૂટરની દુનિયામાં ડોકિયું લેખમાળા શરૂ થઈ. જે ચાર વર્ષ ચાલી. ત્યારબાદ 'કચ્છડો ખેલે ખલકમેં' કચ્છની વૈભવી વિરાસત ઉજાગર કરતી સંશોધનાત્મક તસ્વીર કથા-શ્રેણી શરૂ થઈ. આ શ્રેણી અંતર્ગત તેઓશ્રીએ કચ્છના પ્રવાસન સ્થળો, સ્થાપત્યો આદિની તસવીરો સાથે ઈતિહાસમૂલક વિગતો આપી છે. તદુપરાંત શ્રી તુલસીદાસભાઈએ, કચ્છશ્રુતિના ઈસ્યુબેઝ્ડ વિશેષાંકો, જેમકે 'સ્વાસ્થ્ય વિશેષાંક' માટે 'ટેલી મેડીસીન' જેવા લેખો પણ આપ્યા છે.

કચ્છશ્રુતિ માટે ઉપરોક્ત ઉલ્લેખીત લેખન ઉપરાંત શ્રી તુલસીદાસભાઈ એમની જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' માટે પણ નિયમીત લખે છે, જેમાં જ્ઞાતિ પરિવારોની સંશોધનાત્મક ઈતિહાસ મૂલક વિગતો અને 'કમ્પ્યૂટરનો કક્કો' લેખશ્રેણી મુખ્ય છે.

શ્રી તુલસીદાસભાઈ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સભ્ય છે. આ સંસ્થા દ્વારા આયોજીત તજજ્ઞોના વ્યાખ્યાનો સાંભળવામાં એમની વિશેષરૂચિ છે. તદુપરાંત તેઓશ્રી લાફીંગ ક્લબ સંસ્થાઓમાં પણ સક્રિય સભ્ય છે.


શ્રી તુલસીદાસભાઈના સંતાનોમાં બે પુત્ર અને એક પુત્રી છે. જેઓ ન્યુજર્સી - યુએસએ.માં સ્થાયી થયા છે. તેઓશ્રી પણ ત્યાં અવારનવાર જાય છે. ખાસ કરીને મે-૨૦૧૨માં એમના ધર્મપત્નીના અવસાન બાદ તેઓશ્રી વધુ સમય એમના સંતાનો સાથે યુએસએ. માં રહે છે. તેમ છતાં એમણે કચ્છશ્રુતિ અને 'સેતુ' સામયિકો સાથેનો એમનો લેખન સંબંધ પૂર્ણતઃ જાળવી રાખ્યો છે.

એમના લેખો નિયમીત મળતા રહેશે તેવી આશા સાથે, શ્રી તુલસીદાસભાઈને કચ્છશ્રુતિ પરિવારના 'અષાઢી બીજ' કચ્છી નવ વર્ષ અભિનંદન...

અસ્તુ.

# ગીતાંજલી : પુસ્તક પરિચય

**• દિનેશ માંકડ •**




મૂળ લેખક : કવિવર રવિન્દ્રનાથ ટાગોર

કચ્છી ભાષામાં અનુવાદ : ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'

વિશ્વમાં નોબેલ પારિતોષિક સૌથી શ્રેષ્ઠ ગણાય. એમાંય ભારતીય સાહિત્યમાં અત્યાર સુધી મળેલ એક માત્ર નોબેલ પારિષોતિક એટલે કવિવર રવિન્દ્રનાથ ટાગોરનું કાવ્યપુસ્તક - ગીતાંજલિ. પ્રકૃતિ સાથેના સંવાદોના મૂળ બંગાળી પુસ્તકના અંગ્રેજી અને ગુજરાતી અનુવાદો તો અનેક થયા છે. પરંતુ આવા અનેરા પુસ્તકનો કચ્છી ભાષામાં અનુવાદ થાય, તે વાત માત્ર અનુવાદક ડૉ. રમેશભાઈ ભટ્ટ માટે જ નહી પરંતુ, સમગ્ર કચ્છ અને કચ્છી ભાષા માટે ગૌરવપ્રદ ઘટના છે.

પ્રસ્તુત અનુવાદિય પુસ્તક ગીતાંજલિ માટે તેઓ પોતે કહે છે, કે 'કચ્ચી ખારેક વારેંજી - ચુસીયોં' તી મીઠાસ - સુવાડ બરૂકા થીયેં' કવિવર ટાગોરના દરેક કાવ્યનો મૂળ ભાવ જળવાઈ રહે, છતાં કચ્છી ભાષાના વ્યાકરણને જરાય ક્ષતિ પહોંચે તેવો લેખકે ખૂબ જ સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે.

'ને મુંજીયું ચૂકતે સગતીયું પ્રેમ સે તોકે ધરાય ડીયાં એડો સામરથ તું મૂંકે ડે' વળી 'જીયંણ જી આખરી ખટ એજા કે મયણ મુંજા મયણ તું અચને તો કે મૂંકે નિંકી નેવે ઈ મૂંકે હરેં હરેં ચોં !'

કવિવર ટાગોર પોતાની પ્રિય નદી પદ્મા પર બેસીને જે દિલ ખોલતા એ જ ભાવ આબેહુબ રમેશભાઈએ કચ્છી ભાવાનુવાદમાં મૂકવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે.

ડૉ. રમેશભાઈ માટે કવિ મદનકુમાર અંજારિયાએ ''અખરે' જો અખેપાતર જેવો શબ્દ પ્રયોજ્યો છે. એ જ એમની ઓળખ છે. કચ્છીભાષામાં વાર્તાઓ, લેખ, સંપાદનનો અવિરત પ્રવાહ વહેરાવનારને કચ્છીભાષાને જીવંત રાખવામાં તેમનું ખૂબ જ મોટું યોગદાન છે ને એમાંય ગીતાંજલીનો અનુવાદ કચ્છીભાષામાં કરીને તેમણે માતૃભાષાના મોરલામાં એક કલગી ઓર ઉમેરી છે.

પોતાના સહધર્મચારિણી ડૉ. મંજુલાબેનને અર્પણ કરાયેલ પુસ્તકમાં ક્યાંય મુદ્રણદોષ જોવામાં આવતો નથી, ઉત્તમ ગુણવત્તાવાળા કાગળ અને સુરમ્ય મુખપૃષ્ઠવાળા પુસ્તકમાં લેખકશ્રી માવજીભાઈ સાવલા અને અન્ય શુભેચ્છકોનો આભાર માનવાનું અનુવાદક ભૂલ્યા નથી.

પુસ્તક વિશે રમેશભાઈના શબ્દોમાં કહીએ તો - 'મૂંકે નિડી તંઈ ભરોસોં આય, 'ગીતાંજલી' જે કચ્છી અનુવાદ કે ઑંઈ મન ભરે માણીંધા'

## પશ્ચિમ પ્રદેશે ઊજવાયો પૂર્વીય યજ્ઞોપવિત સંસ્કાર

ભારતીય સંસ્કૃતિમાં મનુષ્યએ સોળ સંસ્કાર પ્રાપ્ત કરવાના હોય. એમાંનો એક અદ્‌ભુત સંસ્કાર એટલે યજ્ઞોપવિત (જનોઈ) સંસ્કાર. કેટલાય લોકો વિદેશ સ્થાયી થાય એટલે ઓછેવત્તે અંશે કેટલાય પશ્ચિમની સંસ્કૃતિથી રંગાય, પણ ગૌરવ લેવા જેવી વાત છે કે અમદાવાદના જાણીતા એડવોકેટ્સ શ્રી અવિનાશભાઈ માંકડ તથા શ્રીમતી મિનાક્ષીબેન માંકડ (પૂર્વ તંત્રી-કચ્છશ્રુતિ)ના પૌત્ર **'અર્પણ'**ના યજ્ઞોપવિત સંસ્કાર અમેરિકાના બોસ્ટન શહેરમાં પૂર્ણ ભારતીય પરંપરાથી ઊજવાયા. ત્રિદિવસીય આ પ્રસંગ મૂળ પંજાબી ગાયત્રી પરિવારના તાલીમબદ્ધ દંપતિએ, સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી પ્રસંગ સંપન્ન કરેલ. પીઠી ચોળવી, ચૌલકર્મ (ટકો મૂંડો), દંડ, મહેંદી, મોસાળું ને નગારા ત્રાંસા સાથે બટુક દોડાવવાની વિધિએ પ્રસંગને અનેરી શોભા આપી હતી.

૩૦૦ થી વધારે સ્નેહીજનોએ વિદેશી ભૂમિ પર રોશની, રાસ સાથે આ અવસર માણ્યો હતો. સૌ NRI ઓએ ઉદાહરણ લેવા જેવો આ પ્રસંગ છે. જે આપણને ગૌરવ અપાવે છે.

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# અષાઢી બીજ સ્નેહમિલન અહેવાલ

● હંસરાજ કંસારા ●

શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા એની પરંપરા અનુસાર અષાઢી બીજ ઉજવણી નિમિત્તે, ૯, જુલાઈ,૨૦૧૪ને રોજ, વાર્ષિક સ્નેહ મિલનનો ભવ્ય કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં સોત્સાહ સંપન્ન થયો.

આ કાર્યક્રમની શરૂઆતમાં ભુજમાં જાણીતા સુગમ સંગીતના ગાયક તેમજ ગીતકારશ્રી અનિલ વોરા તેમજ તેમની સાથે માર્ગી હાથી, મંજરી વૈશ્નવ અને મલય વૈશ્નવે સંગીત આપેલ હતી. ગીતોના કાર્યક્રમ બાદ ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના તેમજ કચ્છી સમાજના કારોબારી સભ્ય શ્રીમતી વર્ષા મહેતા તથા પ્રજ્ઞાબેન જોશીની આગેવાની હેઠળના કલાકારો, કુ. દિશા જોશી, ક્રિષ્ના પંચાલ તથા અન્ય કલાકારોએ નૃત્યોની સુંદર રજુઆત કરેલ હતી.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના અગ્રણી શ્રેષ્ઠીશ્રી શાંતિભાઈ ગાલાના અધ્યક્ષપદે આયોજીત આ કાર્યક્રમ, બૃહદ અમદાવાદમાં વસતા કચ્છી પરિવારોના અંદાજે ૭૦૦ થી વધુ સભ્યો તેમજ માનવંતા આમંત્રીતો - તાજેતરમાં ચૂંટાયેલા કચ્છનું પ્રતિનિધિત્વ કરતા, ગુજરાત વિધાનસભાના ધારાસભ્યો તેમજ કચ્છમાંથી પધારેલ વિશિષ્ટ આમંત્રિતોએ સાથે મળીને સ્નેહમિલનનો ભરપૂર આનંદ માણ્યો.

કન્વેન્શન હોલ-૨ માં કેપેસીટી કરતાં શ્રોતાઓની સંખ્યા અત્યધિક થતાં, એની પાછળનો હોલ પણ ખીચોખીચ ભરાઈ ગયો હતો. બૃહદ અમદાવાદમાં વસતા કચ્છી પરિવારોની વર્ષમાં ઓછામાં ઓછું એકવાર પરસ્પર મળવાની અને સંવાદ સ્થાપવાની ઝંખનાની આ કાર્યક્રમની પ્રતિતિ કરાવતો હતો.

ગીત-સંગીતના કાર્યક્રમ બાદ માંડવી વિભાગના ધારાસભ્ય તેમજ રાજ્યમંત્રીશ્રી તારાચંદ છેડા, અબડાસા વિભાગના ધારાસભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ, રાપર વિભાગના ધારાસભ્યશ્રી પંકજ મહેતા તેમજ ગાંધીધામ વિભાગના ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરીનું કચ્છી સમાજ-અમદાવાદના આગેવાનો દ્વારા સ્વાગત તેમજ બહુમાન કરવામાં આવ્યું હતું.

સન્માનના પ્રતિભાવમાં માનનીય શ્રી તારાચંદ છેડા, રાજયકક્ષાના મંત્રીશ્રી (કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ તથા ગૌસંવર્ધન)એ લાગણીસભર રીતે અમદાવાદમાં વસતા કચ્છીઓનો 'વતનપ્રેમ' બિરદાવ્યો. તેઓશ્રીએ કહ્યું કે અહીં વસતા કોઈ પણ કચ્છીઓ માટે એમના ગાંધીનગરના સત્તાવાર નિવાસસ્થાને 'કચ્છી ભવન' ના બારણા સદૈવ ખુલ્લા છે. અહીં વસતા એમના ભાંડરુઓની કોઈ પણ સામાજીક કે વ્યક્તિગત સમસ્યાના હલ માટે તેઓશ્રી બનતા બધા જ ઉપાયો અવશ્ય કરશે. મંત્રીશ્રીના ઉદ્‌બોધન અગાઉ માનવંતા મહેમાનોને આવકારતાં શ્રી કચ્છી સમાજ-અમદાવાદના વર્તમાન પ્રમુખશ્રી અશોક મહેતાએ કચ્છી સમાજ અમદાવાદની સ્થાપનાથી લઈને વર્તમાન સુધીનો ઈતિહાસ સંક્ષેપ પ્રસ્તુત કર્યો. કચ્છી સમાજની પ્રવૃત્તિઓ ઉલ્લેખતાં તેઓશ્રીએ ભાવિ આયોજનમાં કચ્છથી આવતી વિદ્યાર્થીનીઓ માટે અમદાવાદમાં હોસ્ટેલ વ્યવસ્થા, કચ્છથી આવતા દર્દીઓ માટે મેડિકલ-માર્ગદર્શન સુવિધા અને વ્યવસાયલક્ષી માહિતી પ્રસારણ વ્યવસ્થા વિકસાવવાના સંકેત આપ્યા.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદની તાજેતરમાં સ્થાપીત 'વેબસાઈટ' www.kutchisamajahmedabad.org નું શ્રી વી. આર. ગોપાણીના હસ્તે લોકાર્પણ થયું. આ વેબસાઈટ અંગેની વિગતો આપતા શ્રી હિમાંશુ ઠક્કરે અમદાવાદ તેમજ અન્યત્ર વસતા કચ્છીઓને આ વેબસાઈટ વિઝીટ કરવા તેમજ ઋચિ અનુસાર વેબસાઈટને એમના યોગદાન દ્વારા સમૃદ્ધ કરવા આવાહન આપ્યું.

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના ટ્રસ્ટીશ્રી ભાઈલાલભાઈ પટેલે કાર્યક્રમના અધ્યક્ષ વતી શ્રી શાંતિલાલ ગાલાનું એમના અધ્યક્ષીય પ્રવચનનું વાંચન કર્યું.

આ કાર્યક્રમમાં સંસ્થાના આમંત્રણને માન આપીને સર્વશ્રી પ્રકાશભાઈ સંઘવી (ચેરમેન, રત્નમણી મેટલ્સ), મીસીસ કંચન રાય (ડીરેક્ટર, કંડલા એનર્જી એન્ડ કેમીકલ્સ લી.), યુરો ગ્રુપના શ્રી તલકશી નંદુ, ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખશ્રી સુરેશ સ્વરૂપચંદ શાહ, ફોકીયાના પ્રમુખશ્રી નિમેશ ફડકે સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત આ કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત અગ્રણી કચ્છીઓ સર્વશ્રી હસમુખ ગઢેચા, છોટુભાઈ ગાલા, બાબુભાઈ રતાણી, ડેપ્યુટી કમિશ્નર (ઈન્મકટેક્ષ) શ્રીમતી

ભૂમિકા પોકાર, ડૉ. ચંદ્રકાંત દેઢીયા, શ્રી હરીશ રંગવાલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આયોજનમાં માનદ્ મંત્રી શ્રી ભરત ઓઝા, ખજાનચી શ્રી મનુભાઈ કોટડીયા, અતુલ સોની, દિપક ચૌહાણ, સંજય રાઠોડ, ડૉ. મુકેશ ચૌહાણ, સુનિલ દાવડાએ ખૂબ સારી જહેમત લીધી હતી.

શ્રીમતી અલ્પા શાહે સમગ્ર કાર્યક્રમને એમની રસપ્રદ વાણીમાં પ્રસ્તુત કર્યા. સમારંભ બાદ સહુએ સાથે મળીને સહભોજનના સમભાવ સહ આસ્વાદ માણ્યો.

ભોજનની વ્યવસ્થા અને જવાબદારી શ્રી સંદીપ મહેતા, શ્રી રાજુભાઈ વસા, શ્રી પિયુષ પારેખ વગેરેએ સંભાળેલ હતી. કાર્યક્રમ દરમિયાન વ્યવસ્થા જાળવવા કચ્છી જૈન સમાજની સંકલ્પના સર્વ શ્રી પારસ વીરા, પિયુષ પારેખ, ધારીણી શાહ, રચના પિયુષ પારેખ તેમજ પિયુષ ચાવડા, અમીત, સંસ્થાના સહમંત્રી સંજય રાઠોડ, ડૉ. મુકેશ ચૌહાણ, સુનિલ દાવડા વિગેરે સૌએ સુંદર આયોજન કરેલ હતું. શ્રી કચ્છી સમાજના કાર્યાલયના કર્મચારી નિલય મહેતા, પિયુશ વેદાંત તેમજ શ્રી કિરીટભાઈ ઠક્કર સાથે રહેલ હતા.

## શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા આયોજીત સરસ્વતી સન્માન સમારંભમાં સન્માન મેળવેલ વિદ્યાર્થીઓ

**(૧) નારણભાઈ કાનજીભાઈ પટેલ - ધોળકાવાળા શ્રેષ્ઠતા પારિતોષિક - (ધો.૧૦)**

**પ્રથમ :** ટાંક યેશા ચેતનકુમાર - ૯૧.૩%

**દ્વિતીય :** વોરા જય મનીષભાઈ - ૮૯.૬%

**તૃતીય :** પટેલ કૌશિક દિનેશભાઈ - ૮૬.૮૩%

**(૨) શ્રી નવનીત પરિવાર શ્રેષ્ઠતા પારિતોષિક - (ધો.૧૨ - સામાન્યપ્રવાહ)**

**પ્રથમ :** કોટડીયા સિદ્ધાંત વિજયભાઈ - ૮૭.૨%

**દ્વિતીય :** ગાંધી વિધિ અજયકુમાર - ૮૩.૪૬%

**તૃતીય :** ઠક્કર દિપેશ પ્રેમજીભાઈ - ૮૨.૦૦%

**(૩) માતૃશ્રી ઝવેરબેન રંગવાલા શ્રેષ્ઠતા પારિતોષિક - (ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ)**

**પ્રથમ :** શાસ્ત્રી રૂજુલ પિયુષભાઈ - ૮૯.૪%

**દ્વિતીય :** રૈયા દિપ કિર્તીકુમાર - ૮૮.૭૬%

**તૃતીય :** શાહ પ્રિયંકા સુકેતુભાઈ - ૮૪.૧૪%

**(૪) નારણભાઈ કાનજીભાઈ પટેલ - ધોળકાવાળા સ્પોર્ટસ પારિતોષિક**

- વોલીબોલ અને હેન્ડબોલમાં રાજ્યકક્ષાએ રમેલા ઓઝા રાહિલ રૂપેશભાઈ
- ચેસ ટુર્નામેન્ટમાં એશિયન ચેસ ચેમ્પીનયશીપમાં ભાગ લીધેલ (ઉઝ્બેકીસ્તાન ખાતે રમાયેલ) ઠક્કર કથન કૌશિકભાઈ

**(૫) શ્રી ચમનભાઈ વલમજી પલણ શ્રેષ્ઠતા પારિતોષિક**

જૈન રીંકેશ દિનેશકુમાર -બી.ઈ. (ઈ.સી.) ગ્રેડ-૧

શાહ વિરલ પ્રકાશભાઈ - ટાઈમ્સ ઓફ ઈન્ડિયા એચીવમેન્ટ માટે અમદાવાદમાંથી પ્રથમ પાંચ ક્રમાંકે આવેલ.

**(૬) શ્રી હિરજીભાઈ જેઠાભાઈ પટેલ - સરસ્વતી કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક**

**પ્રથમ :** ટાંક યેશા ચેતનકુમાર (ધો.૧૦)

**દ્વિતીય :** ગાંધી વિધિ અજયકુમાર (ધો.૧૨ સામાન્યપ્રવાહ)

**તૃતીય :** શાસ્ત્રી રૂજુલ પિયુષભાઈ (ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ)


मौज, मस्ती
और MICHI'S
JRJ PRODUCTS
Love Bite
mango maha
COCONUT COOKIES
Pan Mahek
Slicy Nimbupani
Kaju
Badam Nuts Masti
Kaju Nuts Masti
MICHI'S®
Candies & Toffees
JRJ FOODS PVT. LTD.
Manufacturer & Marketeer of Confectionery Products
Plot No. 314/315, Phase 1, G.I.D.C. Chhatral, Tal : Kalol, Dist.: Gandhinagar - 382 729. (Guj.) INDIA
Tel.: +91-2764-234400, 234411 / 12 // Cell : 0 - 99090 23957 / 58 // Fax: +91-2764 234200 // E-mail : info@jrjfoods.com // Visit us on : http//www.jrjfoods.com

# અષાઢી બીજ - સન્માન સમારંભની તસ્વીરી ઝલક



મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય



રાજ્યમંત્રીશ્રી તારાચંદ છેડાનું સ્વાગત કરતા પ્રમુખશ્રી અશોક મહેતા



ઉદ્‌બોધન કરતા રાજ્યમંત્રીશ્રી તારાચંદ છેડા



અબડાસાના ધારાસભ્યશ્રી શક્તિસિંહ ગોહિલનું મનનીય પ્રવચન



લાક્ષણિક શૈલીમાં પ્રવચન આપતા રાપરના ધારાસભ્યશ્રી પંકજ મહેતા



અબડાસાના ધારાસભ્યશ્રી શક્તિસિંહ ગોહિલનું મનનીય પ્રવચન



પ્રમુખશ્રી અશોક મહેતાનું આવકાર સંબોધન



ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખ શ્રી સુરેશ શાહને આવકારતા શ્રી રઘુરામભાઈ ઠક્કર

# તેજસ્વી તારલાઓનું સન્માન




શ્રી હરીશભાઈ રંગવાલાના વરદ્ હસ્તે સન્માન મેળવતા કુ. રૂજુલ શાસ્ત્રી, દીપ રૈયા




શ્રી શાંતિલાલ ગાલાના વરદ્ હસ્તે સન્માન મેળવતા સિદ્ધાંત કોરડીયા, કુ. વિધી ગાંધી




શ્રી મનસુખભાઈ પટેલના વરદ્ હસ્તે સન્માન મેળવતા કુ. યેશા ટાંક, જય વોરા




શ્રી મનસુખભાઈ પટેલ તથા શ્રી હીરજીભાઈ પટેલના વરદ્ હસ્તે સન્માન મેળવતા કૌશિક પટેલ તથા કુ. યેશા ટાંક

# કચ્છડો કામણગારો

## સૂર્યપૂજક કાઠીઓની આઠમી સદીની રાજધાની કંથકોટ








સિંધમાંથી આવેલ સૂર્યપૂજક કાઠીઓએ ઈસુની આઠમી સદીમાં કચ્છના વાગડ પ્રદેશના ઉચાઉથી લગભગ ૩૫ કિમી. ઉત્તરે આવેલું કંથકોટ કબજે કરી પોતાની રાજધાની બનાવેલ. ત્યારબાદ ચાવડા પછી સોલંકી અને છેલ્લે વાઘેલાઓ અહીં કબજો જમાવેલ. મોડ અને મનાઈ ભાઈઓમાંથી મોડે વાઘેલાઓ સાથે ઘરોબો વધારેલ. વાઘેલાની કુંવરી મોડના કુંવર સાડને કંથકોટ સાથે તેમની મળેલ. સાડના દિકરા કુલે તેને કંથડદુર્ગ નામઆપેલ. અગિયારમી સદીમાં ગુજરાતના મહાન રાજા ભીમદેવે મહમ્મદ ગઝનીએ ભૂલાવામાં નાખીને કંથકોટમાં આસરો મેળવ્યાનું ઈતિસકારોએ નોંધેલ છે.

આશરે અઢીસો વર્ષ પહેલાં જમાદાર ફતેહમામદના સમયમાં (૧૭૮૬-૫ ઓક્ટોબર, ૧૮૧૩) અહીં ટેકરી પર આવેલ કિલ્લાને મજબૂત બનાવાયેલ. અત્યારે ખંડેરમાં ફેરવાઈ ગયેલ જુના કિલ્લાની ત્રીજીયા પાંચ કિમી.ની હતી. જે દર્શાવે છે કે તેનો વિસ્તાર લગભગ ૧૬ કિમી. માં ફેલાયેલ હશે. આ સૂર્યવંશી કાઠી દરબારોના સમયમાં ચણાયેલ સૂર્યમંદિરના અવશેષો આજે પણ જોઈ શકાય છે. ઈ.સ. ૧૮૧૬માં બ્રિટીશ લોકોએ આ કંથરોટને પોતાના હસ્તક લીધું ત્યારે કહેવાય છે કે તેમણે, જ્યાં સુધી કચ્છ રાજ્યે તેમનું વર્ચસ્વ નહોતું સ્વીકાર્યું ત્યાં સુધીમાં (ઈ.સ. ૧૮૧૯) આ કિલ્લાના મોટા ભાગનો વિનાશ થયેલ. પુરાતત્વ વિભાગ દ્વારા આરક્ષિત જાહેર કરાયેલ આ સૂર્ય મંદિરના અવશેષો, ટેકરી પરનો કિલ્લો અને કંઠડનાથ તેમજ જૈન મંદિર તે સમયની સ્થાપત્યકલાના બોલતા નમૂનાઓ જેવા જોવાલાયક આકર્ષણો છે.

આપણે કચ્છડા કામણગારાની મધ્યમાં આવેલ ભુજ અને તેના લેન્ડમાર્ક સ્થળો સાથે આ કોલમની શરૂઆત કરેલ અને વાગડ-પૂર્વ કચ્છથી વિદાય લઈ રહ્યા છીએ. ત્યારે ફેબ્રુઆરી ૨૦૧૩ના અંકમાં મને સુઝી આવેલ અને લખેલ ચાર-પાંચ લાઈનોની છેલ્લી પંક્તિ '.... બિચાર કબૂતરો હજુ શોધે આ ચબૂતરો..'

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)

# કચ્છડો કામણગારો

## અસલનો ઈતિહાસ સાચવીને બેઠેલ હબાય



( Pictures from the net. combined by me. source not recorded)

કચ્છ એટલે બે-ત્રણ વખત દરિયાના પાણીની નીચે રહીને બહાર આવેલ ભૂમિ. આ શીફટીંગ લેન્ડની જેમ ત્યાં કેટલાક શીફટીંગ વિલેજીસ (વાંઢ) પણ છે. જ્યારે અહીંના કેટલાક ગામડાઓ, હજુપણ અસલનો ઈતિહાસ સાચવીને બેઠેલા છે અને હબાય તેમાનું એક છે. ભુજની સ્થાપના પહેલાંનો ઈતિહાસ બોલે છે કે કાઠીઓના વારંવારના હુમલાઓથી બચવા જામવહેણજી (૧૨૮૫-૧૩૨૧)એ લાખિયા-વિરેરા (પશ્ચિમકચ્છ-નખત્રાણા વિસ્તાર)થી ખસીને પોતાની રાજધાની ભુજથી ૩૦ કિમી. ઉત્તર-પૂર્વમાં આવેલ બહાય મુકામે ફેરવેલ. સુંદર ટેકરીઓની વચ્ચે રક્ષાયેલ, નયનરમ્ય વાતાવરણ વચ્ચે વાઘેશ્વરી માતાજીનું મંદિર જ્યાં આવેલ છે તે હબાયના પ્રવેશ દ્વારે જ ઠંડક આપતા પાણીનો કુંડ છે અને ચારે તરફ વડના વૃક્ષો જાણે માતાજીના અવિરત આરતી ઉતારતા હોય છે. અહીંના મેળામાં કચ્છના ગામડાની અસલ નઝાકત જોવા મળે છે.

ઈ.સ.૧૨૮૫ થી ૧૩૮૬ સુધીના એકસો એક વર્ષોના હબાય ત્રણ રાજવીઓની રાજધાની રહેલ હોવાનું જણાય છે. અબડાસાના રાયઘણના પૌત્ર જામહરઘોલે ની ચડામણીથી કાઠી અને બોરિયાઓ વારંવાર હુમલાઓ કરતા રહેલ જેની સામે જામવહેણજી અને જામમુલવાજીએ ટક્કર જીલેલી. ત્યારબાદ રાઓ કૈયાજીએ કાઠીઓને કચ્છ બહાર હાંકી કાઢેલ અને તેમના ટેકેદાર વાઢેરની રાજધાની ઉન્મી, જે ગેડી-રાપર પાસે આવેલ તેનો નાશ કરેલ. ત્યાર બાદ કોઈ સમયમાં હબાયથી ખસીને ૩૦ કિમી.ના અંતરે આવેલ ભુજીયાની તળેટીમાં રાજધાની ખસી હોય તે શક્ય છે.

આજ હબાયના ડુંગરોની હારમાળાની બીજી તરફ આવેલ છે. કચ્છના કબીર મેકણદાદાની સમાધી જેમની વાત આપણે આ કોલમમાં અગાઉ કરી ચૂકેલ છીએ. આમછતાં, વિદાય વેળાએ (મુંજે કચ્છડેજી, કામણગારે કચ્છડેજી, વિદાય ગનાતોં, તડે હનજી સમાપ્તિ જે ટાણે, એટ ધી કોસ્ટ ઓફ રીપટીશન, જનમેં જગતજી મળે ફીલોસોફી અચી વઈ આય) તેમની બે - ચાર લાઈનો અહીં પ્રસ્તુત છે.

**જીયો તો ઝેર મથિયો. સક્કર થિયો મુંજા સેણા, મરી વેંધા મેંકણ ચૈ. રોધા ભલેં જા વેણ.. હિન્દુ જપે રામરામ. મુસલમાન ચેં. અલા. મુંજે નાથ મેંકણ ચૈ. બય ઘર ભલા...**

(સૌજન્ય : હરીશ રંગવાલા rangwala.harish@gmail.com)
(સંકલન : તુલસી કંસારા tulsi_66@yahoo.in)








વિશિષ્ટ સિદ્ધિ બહુમાન મેળવતા (૧) માસ્ટર કથન ઠક્કર (૨) વિરલ શાહ (૩) રાહિલ ઓઝા










(૧) કચ્છી સમાજની વેબસાઈટ લોન્ચ કરતા મંત્રીશ્રી સાથે શ્રી વી.આર. ગોપાણી તથા હિમાંશુ ઠક્કર (૨) માનદ્ મંત્રી શ્રી ભરત ઓઝા સાથે કચ્છી સમાજના આગેવાનો સર્વ શ્રી હસમુખ પટેલ, કરશનભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, દેવજીભાઈ પટેલ, (૩) કાર્યક્રમનું સંચાલન કરતા શ્રીમતી અલ્પા શાહ (૪) ગીતસંગીતનો કાર્યક્રમ રજુ કરતા શ્રી અનિલ વોરા, મલય વૈષ્ણવ, માર્ગી હાથી, શ્રીમતી મંજરી વૈષ્ણવ

સમાજના આગેવાનો દ્વારા બહુમાન મેળવતા શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી (ડાબે) અને ઉદ્યોગપતિ શ્રી તલક્ષીભાઈ નંદુ (ડાબે)





## કાર્યક્રમનો ઉત્સાહપૂર્ણ માહોલ....














પુનિત પ્રબોધચંદ્ર ઠક્કર
૯૮૯૮૬૪૮૯૮૭
૯૪૨૬૦૬૦૨૭૭
"જય જલારામ"
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર
અમારી બીજી કોઈ શાખા નથી. નકલથી સાવધાન
"મહેમાનનું માન
સેન્હીઓનું સન્માન
કર્ણાવતીની દાબેલીથી જ શોભે"
૧, રાધા મંદિર કોમ્પલેક્ષ, હીરાભાઈ ટાવર સામે, ઉત્તમનગર,
મણિનગર, કર્ણાવતી-૩૮૦ ૦૦૮. ફોન. (ઓ) ૨૫૪૭૦૦૮૬


રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય અનુભવ સાથે
પ્રસ્તુત કરીએ ભરોસાપાત્ર અને ઉત્તમપ્રવાસ
કન્સલ્ટન્સી
• Domestic and international flight tickets
• Domestic and international individual and or group packages
• Rental car services anywhere in the world
• Foreign exchange
• Visa consultancy
• Education abroad
RTC
Rest at Best Rate
Relyxcel Travel Consultant
Rest At Best Rate
Contact:
Pooja Thakkar
21 Shiv Complex, Isanpur Bus Stop
Uttam Nagar Maninagar
Ph. 079-32214002 M. 7818884440

# વિટામીન્સ-૯

• દિલીપ વૈશ્નવ-અમદાવાદ •

## પાણીમાં દ્રાવ્ય વિટામીન

B કોમ્પલેક્ષ શ્રેણીના બાકીના બે વિટામીન્સ, B9 (ફોલીક એસિડ) અને B12 (કોબાલમીન)ની વાત કરીએ. B કોમ્પલેક્ષ વિટામીન્સમાં આપણે B1 (થાયોમીન), B2 (રીબોફલેવીન), B3 (મિઆસીન), B5 (પેન્ટાથેનીક એસિડ), B6 (પાયરોડોક્ષીન), B7 (બાયોટીન) વિશે ઉપયોગી વિગત જોઈ ગયા. B1 થી B12 વિટામીનોમાંના ક્રમમાં B4, B8, B10 અને B11 કેમ ન આવ્યા, તે પ્રશ્ન તમને થયો હશે. B12 પછી પણ થોડાક અન્ય વિટામીનો છે, આ વિટામીનો બિલકુલ મહત્વના નથી, બીજા અર્થમાં તેમને TRACE VITAMINE કહી શકાય, શોધ, સંશોધનો ચોક્કસ થયા છે, દરેકના નામો પણ છે. આપણા ખોરાકમાં તેની હાજરી પણ છે, પણ મહત્વના નથી.

વિટામીન B9 ફોલીક એસિડ, ફોલેટ તરીકે પણ જાણીતું છે. કારણકે શાકભાજી, ફળોમાં B9 ફોલેટના સ્વરૂપમાં છે, અને આ વનસ્પતિજન્ય પદાર્થોમાં કુદરતે પ્રચુર પ્રમાણમાં આપેલ છે. પાણીમાં દ્રાવ્ય થાય છે જેથી શરીરમાં સ્ટોરેજ થતું નથી. ફોલીસ એસિડનો પ્રકાશમાં નાશ થાય છે. આ B9 વિટામીનના શોષણની જવાબદારી નાના આંતરડાના ઉપરનો ભાગ સંભાળે છે. બીટાગ્લોબ્યુલ નામના એક પદાર્થની મદદથી લોહીમાં તેનું પરિવહન થાય છે, શરીરના બધા જ કોષોને પ્રાપ્ત થાય, બાદ બિનજરૂરી B9 પેશાબ દ્વારા બહાર નીકળી જાય છે. લેટીન ભાષામાં Folium નો અર્થ વનસ્પતિના પાંદડા થાય અને તેથી Folium ઉપરથી ફોલેટ શબ્દ બન્યો. ફોલીક એસિડ નવમા ક્રમે શોધાયું, તેથી તેને B9 વિટામીન પણ કહેવાય છે. ફોલીક એસિડ નામ આપનાર બે વૈજ્ઞાનિકો હતા - ઓમયેલ સ્નેલ અને વિલીયમ્સ. એન્જીયરે ફોલીક એસિડની સ્ટ્રક્ચરલ ફોર્મ્યુલા નક્કી કરી. (૧૯૪૧) અન્ય બે વૈજ્ઞાનિકો, ડૉમાગુ (૧૯૩૯) અને ઝેન્ટુક એલીઓનને (૧૯૪૧) મહત્વના સંશોધનો માટ નોબેલ પ્રાઈઝ મળ્યા છે.

ફોલીક એસિડ / ફોલેટ ગર્ભસ્થ શિશુ તેની માતા તેમજ નાના બાળકોથી માંડીને મોટી ઉંમરના સૌ સ્ત્રી-પુરૂષો માટે ખૂબ જ ઉપયોગી છે, તેમજ ગર્ભ ધારણ કરનાર સ્ત્રી અને આ સ્ત્રી માટે પ્રસુતિ બાદ છ માસ સુધી અચુક ફોલીક એસિડ સપ્લીમેન્ટ તરીકે ઘરના પોષક આહાર સાથે લેવાની હોય છે.

આ વિટામીન B9ની ઉપયોગિતા જાણીએ.. • પુરૂષોમાં સ્પર્મ કાઉન્ટ વધે, શુક્રાણુઓની ગતિશીલતા પણ સારી રહે. • શરીરમાં શક્તિ રહે • મગજ સારી રીતે કામ કરે • ચેતાતંત્ર પણ સક્રીય હોય. • આપણી લાગણીસભર સંવેદના તેમજ માનસિક સ્થિતિનું સંતુલન જાળવે છે. • લોહીમાં રક્તકણો બનાવે તેમજ તેની સંખ્યામાં વધારો કરે, DNA (આનુવાંશિક બાબતોને લગતી સામગ્રી)નું નિર્માણ કરે છે. એનીમિયા થવા ન દે તેથી શરીરને સ્ફૂર્તિમય રાખેછે. • એલડીએલ (નકામું કોલેસ્ટેરોલ) ઘટાડે, સારું કોલેસ્ટેરોલ - HDLમાં વધારો કરે, તેથી હૃદયને સ્વસ્થ રાખે • સ્ટ્રોક ન આવવા દે • કેન્સરથી સુરક્ષિત રાખે. અન્ય પણ ફાયદાઓ છે.

સ્ત્રીઓમાં સામાન્યતઃ ફોલીક એસિડની ઉણપ જોવા મળે છે, જે તેને માટે તેમજ આવનાર શિશુ માટે જરાય સારી બાબત નથી. જે મહિલા ગર્ભધારણનો વિચાર કરે તે મહિલાઓએ તેમજ ગર્ભસ્થ મહિલાઓએ ગર્ભાધાન ધારણ કરે ત્યારથી સમગ્ર પ્રેગનન્સી દરમ્યાન તેમજ બાળકના જન્મ બાદ સ્તનપાનના છ માસ સુધી ફોલીક એસિડ દવા સ્વરૂપે ઘરના સાદા અને પોષક આહારની સાથે અચુક નિયમિત રીતે લેવી જોઈએ. તેમના ડોક્ટર સ્ત્રીઓના આ સમય દરમ્યાન સામાન્ય રીતે ફોલીક એસિડના સાથે આયર્ન (લોહતત્વ), વિટામીન B12 અને ડોક્ટરને જરૂર જણાય તો અન્ય વિટામીનો મિનરલ્સની ટેબલેટ / કેપ્સ્યુલ પણ આપે છે. ફોલેટ (ફોલીક એસિડ) ગર્ભસ્થ શિશુ તેમજ તેના અવતરણ બાદ બાળકના શરીરના બધા જ અંગોના વિકાસ માટે અત્યંત જરૂરી છે. સગર્ભા બહેનોમાં જો ફોલીક એસિડની સતત ઉણપ રહે તો તે સ્ત્રીને ગર્ભપાત થાય, અધુરા માસે જન્મેલ બાળક સંપૂર્ણ અવિકસિત હોય, મગજ, ચેતાતંત્ર (સ્પાઈનલ કોડ) તદ્દન નબળા રહે, ખોડખાંપણવાળું બાળક જન્મે)

વિટામીન B9 (ફોલીક એસિડ)ની ઉણપના કારણો નીચે મુજબ છે

(૧) કુદરતી રીતે સ્ત્રીઓ ગર્ભસ્થ થાય તે સમય દરમ્યાન શરીરનું ફોલીક એસિડ ઘટે, ઉણપ વર્તાય, આ ઉણપ દૂર કરવા ડૉક્ટર ઉપર જણાવ્યા મુજબ ફોલેટની સારવાર શરૂ કરે છે.

(૨) લોહીમાં હિમોગ્લોબીન ઘટતા મહિલાની એનીમીક પરિસ્થિતિ વખતે ઉણપ સર્જાય, ડોક્ટર આયર્નની ઉણપ દૂર કરવા લોહ તત્વની ગોળીઓ, વિટામીન B12ની સાથે સગર્ભા સ્ત્રીને સારવાર આપે છે.

(૩) કેટલીક પ્રકારની દવાઓ પણ અન્ય પુરૂષ-સ્ત્રીમાં વિટામીન B9ની ઉણપ લાવે છે,

(૪) ખાનપાનની કુટેવો - શાકભાજી, ફળો, અનાજ, પોષકતત્વોથી ભરપૂર ઘરનો ખોરાક નિયમિત ન ખાવાથી, જંકફુડ સતત ખાવાથી ફોલીક એસિડની સાથે અન્ય વિટામીનો / ખનીજ તત્વોની ઉણપ આપણા સૌના શરીરમાં વર્તાય, જે આજ કાલ આ બાબત સામાન્ય છે.

(૫) આગળ જણાવ્યું છે તે મુજબ દારૂ, ધુમ્રપાન, કેફી પીણા વિગેરેનો સતત ઉપયોગ કરવાથી ઉણપ રહે.

**ઉણપની આડઅસરો :** વિટામીન B9 ની ઉણપથી શરીરની વૃદ્ધિ અને વિકાસ યોગ્ય સ્તરે ન થાય. યુવાન પુરૂષોમાં શુક્રાણુઓની સંખ્યા ઓછી હોય તેથી તે ક્રિયાશીલ ન હોય. ઉણપ અશક્તિ લાવે કારણકે રક્તકણો પણ ઓછા થવા લાગે, થાક વર્તાય, ભૂખ ન લાગે, ઝાડા થાય, મગજ અને ચેતાતંત્ર નબળા પડે. ઈરીટી બિમારી જણાય. પેઢા-અવાળુંની તકલીફ થાય. એકાગ્રતા ન જળવાય, મુડ જતો રહે, બેચેની, ડિપ્રેશન વિગેરે.

**સ્રોત :** લીલીછમ ભાજીઓ, શાક, અનાજ, કઠોળ, ફળો વિગેરે દૂધમાં ફોમિક એસિડ ઓછું હોય છે. યીસ્ટમાં આ વિટામીન ઘણું હોય છે. ઈંડા અને સીડ્સ. સગર્ભા સ્ત્રીઓએ / ધાત્રી માતાએ ડાયેટીશીયનની સલાહ પ્રમાણે ફોલીક એસિડ તેમજ આયર્ન ધરાવતા ખાદ્ય પદાર્થો ખોરાક તરીકે લેવા જોઈએ, તેમજ ગાયનેક ડોક્ટરની સુચના પ્રમાણે સપ્લીમેન્ટ તરીકે આયર્ન, વિટામીન B12, ફોલીક એસિડ તેમજ આવશ્યક અન્ય વિટામીનો / મિનરલ્સની પુરક (સપ્લીમેન્ટ) સારવાર અચુક લેવી જે માતા અને બાળકના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે. જેથી આ તત્વોની ઉણપ રહે નહીં.

ફોલેટ (વિટામીન B9)ની દૈનિક જરૂરિયાત ૨૦૦ માઈક્રોગ્રામ પ્રતિદિન છે. સગર્ભા માટે પ્રતિદિન ૪૦૦ માઈક્રોગ્રામ છે જ્યારે ધાત્રી માતા માટે ૩૦૦ માઈક્રોગ્રામ / પ્રતિદિન છે. ડોઝની વિગત માત્ર જાણ માટે છે. રોગ નિવારક ડોઝ પણ છે, આ કામ નિષ્ણાંત ડોક્ટર કરશે. ફોલીક એસિડનો બિનજરૂરી તેમજ અધિક ઉપયોગ શરીરમાં ટોક્ષીસીટી લાવે છે. ડોક્ટરની મદદ સારવાર માટે ચોક્કસ લઈ શકાય. ફોમિક એસિડ સૌના માટે છે. ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ જો મહિલાઓ નિયમિત રીતે લે, તો બાળક તંદુરસ્ત જન્મે, તેમજ અન્ય સૌને માટે છે, જેથી હાર્ટએટેક, સ્ટ્રોક તેમજ કેન્સરના દર્દીઓની સંખ્યામાં ઘટાડો થાય (જો કે આ માટે અન્ય નકારાત્મક પણ પરિબળો છે)

વિટામીન B12 (કોબાલમીન) B12 ની ઉણપના કિસ્સા આજકાલ ઘણા જોવા મળે છે. સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીઓમાં તેમજ ૫૫-૬૦ વર્ષની અને તેથી વધુ ઉંમરના લોકોમાં કારણોસર B12ની ઉણપ જોવા મળે તે સ્વાભાવિક છે. બાળકોથી માંડીને યુવાન વયના લોકો સ્ટ્રેસ સભર જીવનશૈલી તેમજ જંકફુડ ફાસ્ટફુડને કારણે મિનરલ્સ / વિટામીનો / અન્ય પોષક તત્વો શરીરને મળતા નથી, જેમાં વિટામીન B12 ની ઉણપ આવે છે અને B12 ની ઉણપ લોહીની તપાસ બાદ ખબર પડે પછી ટેબલેટસ - ઈન્જેકશનનો લાંબો કોર્ષ કરવો પડે છે.

વિટામીન B12 કોબાલમીન છે, જેમાં થોડા પ્રમાણમાં કોબાલ્ટ છે. આ વિટામીન પાણીમાં દ્રાવ્ય છે. ગરમીથી તેનો નાશ થતો નથી, રંગે રાતો છે B કોમ્પલેક્ષ વિટામીનોનું શરીરમાં સ્ટોર થતું નથી, પણ વિટામીન B12 તેમાં અપવાદ છે, લીવરમાં સ્ટોર થાય છે. લીવરમાં ૨ મિ.ગ્રામ જેટલું B12 સતત જળવાઈ રહે જે ૨ થી ૩ વર્ષની જરૂરિયાત જાળવી રાખે, પેટ અને તેના અંગો સ્વસ્થ હોવા જોઈએ. જો પેટની કોઈ તકલીફ ઊભી થઈ હોય, એ સંજોગવશાત નાનું - મોટું ઓપરેશન કરી પેટ કે થોડો ભાગ કાઢી નાખવામાં આવે તો તે સંજોગોમાં B12 ની ઉણપ શરીરમાં થાય.

૧૦૦-૧૫૦ વર્ષ પહેલા વિશ્વના કેટલાક દેશોમાં પેરનીસીઅસ (Pernicious) એનીમિયાથી પીડાતા હતા. શરીરમાં રક્તકણોની એકદમ ઉણપ સર્જાતા આ બિમારી જીવલેણ બની જતી હતી. આ એનીમીયાને મટાડવા જાતજાતના ખાદ્યપદાર્થો વિજ્ઞાનીઓએ દર્દીઓને ખવડાવતા હતા. એ વિજ્ઞાનીઓ વિલીયમ મર્ફી અને જ્યોર્જ મિનોટે સાબિત કરી દીધું કે પેરનીસીઅસ એનીમિયા માટે લીવર એક સશક્ત સારવાર છે. અન્ય ત્રણ વૈજ્ઞાનિકોએ પણ ઘણા સંશોધન કર્યા, જેમાના

ચારને ૧૯૩૪-૧૯૬૪માં નોબેલ પ્રાઈઝ મળ્યા જે કેમીકલ્સ શોધાયું તેને નામ મળ્યું કોબાલમીન અને B complex શ્રેણીમાં બારમાં સ્થાને શોધાતા, તે B12 વિટામીન તરીકે ઓળખવા લાગ્યું. મહત્વના ઘણા સંશોધનો થયા.

આપણે જાણ્યું કે (૧૮૪૯) થોમસ એડીસને પેરનીસીઅસ એનીમિયાની વિજ્ઞાનિક ઓળખ આપી જે વિટામીન B12 ની ઉણપને કારણે રક્ત કણો શરીરમાં ઘટતા જતા નવા રક્તકણો બને નહી એક પ્રકારની ગંભીર બિમારી કહેવાય, જેના લીવર નબળા હતા તેવાને B12નું શોષણ થતુ નહીં, તેથી આ પ્રકારની બિમારી તેમને થતી. આ બિમારી યુરોપીયન દેશોમાં પ્રવર્તમાન છે. પણ ભારતમાં આ બિમારી ઘણા ઓછા પ્રમાણમાં છે. અન્ય દેશોમાં પણ પેરનીસીઅસ એનીમિયાના ઘણા લક્ષણો છે.

વિટામીન B12નો ઉપયોગીતા સમજીએ. શરીરને ઊર્જા આપે, સ્ફુર્તિમય રાખે કારણકે કાર્બોહાઈડ્રેટસના ગ્લુકોઝમાં રૂપાંતર કરે છે. મગજ અને ચેતાતંત્ર ખૂબ સારી રીતે કામ કરે છે. પાચનતંત્ર સક્રીય રહે. સ્ટ્રેસ/ડીપ્રેશન ન થવા દે. રક્તકણો બનાવે, પ્રમાણ જાળવે જેથી શરીરને અશક્તિ ન લાગે, રોગપ્રતિકારક શક્તિ વધારે, જાળવે, આપણા વાળ, નખ અને ચામડીની સંભાળ લે છે. સગર્ભા બહેનો/ધાત્રી માતા, તેમજ ધાવણા બાળકની તંદુરસ્તી જાળવે છે. લોહીમાં, ખરાબ ચરબી ઓછી કરે, સારી ચરબી વધારે તેથી હૃદય સ્વસ્થ રહે, સ્ટ્રોક ન આવે, લોહીની નસો પણ સારી રીતે કાર્યરત રહે, તેમજ અન્ય કાર્યો પણ છે.

**વિટામીન B12ના સ્રોત :** લીવર B12 માટે ખૂબ સારો સ્રોત ઈંડામાં છે. આપણા શાકાહારી - અનાજ ફળોમાં વિટામીન B12 નથી. દૂધમાં B12 સાધારણ પ્રમાણમાં છે. દહી યોગર્ટમાં છે. દહીં-દૂધ કરતા પણ સારું તેમાં લેક્ટોબેસીલીયસ નામના મિત્ર બેકટેરીઆ છે જે B12 બનાવે છે. જેથી શાકાહારી લોકોએ દૂધ, દહી, પનીર, છાસ, તેમજ યોગર્ટ એટલે ડેરીપ્રોડક્ટસ B12 માટે લઈ શકાય.

**વિટામીન B12ની દૈનિક જરૂરિયાત :** રોજની નોર્મલ જરૂરિયાત ૧ થી ૨ માઈક્રોગ્રામ / દૈનિક છે. પ્રેગનન્સી અને નવજાત બાળકને દૂધપાન સમય દરમ્યાન દરરોજની આવશ્યકતા ૨ મિગ્રા/દૈનિક છે. જે વ્યક્તિઓને ફોલીક એસિડ સપ્લીમેન્ટ તરીકે લેવાતી હોય તેવી વ્યક્તિઓ વિટામીન B12 અચૂક લેવું જોઈએ. મોટી ઉંમરની વ્યક્તિઓ B12 વિટામીન લેવાની તબીબી સલાહ છે.

**વિટામીન B12ની ઉણપના કારણો :** ભારતમાં શાકાહારી લોકોમાં B12 ની ઉણપ જોવા મળે. દૂધ, દહીં વિગેરે કેટલાક લોકો, આર્થિક રીતે નબળા લોકોમાં ઉણપ હોય. પેટની સર્જરી / માંદગી, લીવરની તકલીફ હોવાથી શોષણ થતા નથી, સ્ટોરેજ થાય નહી. શરીરમાં કોનીક પ્રકારની આયર્નની ઉણપને કારણે. સગર્ભાવસ્થા દરમ્યાન શરીરમાં વિટામીનોની માંગ વધે તે કારણોસર B12 ની ઉણપ વધે છે.


**વિટામીન B12ની ઉણપથી થતી આડઅસરો :** B12 ની ઉણપને કારણે રક્તકણો બને નહીં, તેથી એનીમિયા થાય, જેથી અશક્તિ આવે, થાક લાગે, સ્ફૂર્તિ ન રહે, મગજ, ચેતાતંત્ર, અન્ય તંત્રોની કામગીરી નબળી થાય, યાદશક્તિ ઘટે, કબજિયાત થાય, ભૂખ ન લાગે, રક્તકણોની ઉણપને કારણે એનીમિયા થાય, વજન ઘટે, સ્પર્મ કાઉન્ટ ઘટે, શ્વાસોશ્વાસની તકલીફ, દ્રષ્ટિ નબળી થાય. લોહીની નસોમાં ચરબી વધે, હૃદયરોગ, વાસ્કુયલર રોગ (રક્તવાહિનીઓને લગતી બિમારી) અન્ય બિમારી થાય.

B12 ઉણપથી થતી બિમારીની સારવાર માટે ડોક્ટરી ઈલાજ છે. B12 ના સપ્લીમેન્ટ દવાઓનો વધારે પ્રમાણ ઉપયોગથી ટોક્ષીસીટી થાય. કુદરતે શાકાહારીઓ માટે વિટામીન B12 સિવાય ખાદ્ય પદાર્થો આપેલા છે. જે નાસ્તા/ભોજનમાં ચોક્કસ લઈ શકાય ખાવાપીવામાં ચુઝી નહી બની જતા વિવિધ શાકભાજી, સિઝન પ્રમાણે ફળો, અનાજમાંથી બનતી વિવિધ વાનગી રોજ લેવી જરૂરી છે. જેથી શરીરને પોષણયુક્ત આહાર મળે. વિટામીન B12 સાથે દૂધ, દહીં, છાસ, પનીર તો છે. વિટામીન B12 યુક્ત ફોર્ટીફાઈડ આહાર લઈ શકાય. જંકફુડ કે ફાસ્ટફુડથી દૂર રહેવું સારું ક્યારેક જ ટેસ્ટ થાય, રોજની ટેવ સારી નહીં ખાવા સાથે કસરતને ભુલશો નહીં.


શરીર માટે કુલ અગત્યના ૧૩ વિટામીનો છે. વિટામીન C સિવાય આપણે ૧૨ વિટામીનો વિશે જાણ્યું. પ્રથમ શ્રેણીના ૪ વિટીનો A, D, E અને K (ચરબીમાં દ્રાવ્ય) અને બાકીના ૮ વિટામીન B શ્રેણીના (પાણીમાં દ્રાવ્ય) વિટામીનો વિશે આ લેખમાળામાં વાંચ્યું. વિટામીન C નવેમ્બર ૨૦૧૨માં કચ્છશ્રુતિમાં પ્રસિદ્ધ થયેલ છે. આરોગ્યની જાગૃતિ માટે આરોગ્ય શિક્ષણને ધ્યાને રાખીને આ લેખો લખ્યા છે.

***સંદર્ભ - સૌજન્યથી : મેડીકલ સ્ટુડન્ટ બાયોકેમેસ્ટ્રી અને ઈન્ટરનેટ (વિટામીન્સના બધા જ લેખો માટે)***

# શબ્દોની કમ્પ્યૂગ્રાફી-૫




● તુલસીદાસ કંસારા ●




**હાર્ડવેર : કલાઉડ કમ્પ્યૂટીંગ :** વાદળ કહો કે અંગ્રેજીમાં કલાઉડ કહો, પરંતુ આ કલાઉડ કમ્પ્યુટીંગમાં વપરાશ તો આ શબ્દ આર્કીટેકટો અને એન્જીનીયરોએ નેટવર્કીંગના હાર્ડવેરોના દોરેલ ચિત્ર - ડિઝાઈન પરથી લેવામાં આવેલ છે. ધી કલાઉડ બોલાય એટલે કમ્પ્યૂટરની દુનિયાના લોકો તુરત જ સમજી જાય કે શેની વાત થઈ રહેલ છે. કાલિદાસે મેઘદૂત કાવ્યમાં વાદળ મારફત સંદેશો મોકલવાની કરેલ કલ્પના આજે હકીકત બની ચૂકી છે. ૧૯૬૦માં આવો જ વિચાર-બીજ વાવનાર હતા અમેરિકાના સાયકોલોજીસ્ટ અને કમ્પ્યૂટર સાયન્ટીસ્ટ 'જેસીઆર લીક' તરીકે જાણીતા 'જોશેફ કાર્લ રોબનેટ લીકલીડર' જેમણે સાયબર નેટીક્સ-ઈન્ટર-એક્ટીવ કમ્પ્યૂટીંગ અને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સની કલ્પનાઓ કરેલ.

હાર્ડવેરોમાં હાઈ પાવર્ડ સેન્ટ્રલ પ્રોસેસીંગ યુનિટ - સર્વર સાથે લેપટોલ, ટેબલેટ, ડેસ્કટોપ, બેક-અપ ડ્રાઈવ વગેરેને આખી દુનિયામાં અલગ અલગ જગ્યાએ કે એક જ ઠેકાણે રાખી તેમનું જોડાણ સધાય છે. આ કલાઉડ કમ્પ્યૂટીંગનો ઉપયોગ તમે ગોડાઉન કે વખારનો ઉપયોગ જે રીતે કરતા હોય તે જ રીતે થાય છે. તમે વસ્તુઓ રાખવા માટેના સ્ટોરેજ હાઉસોની જે તેમાંની જગ્યાઓ અનેક લોકોને ભાડે આપી શકો છો. દરેક ભાડુઆતો ગમે તે સમયે પોતાની જગ્યા ખોલી, ઉપયોગ કરી અને લોક કરી શકે, તે જગ્યા નાની-મોટી થઈ શકે તેવી લચીલી હોય છે. દરેક ભાડુઆતને આપેલ સેવાની ગણતરી ઓટોમેટીક થાય, ખાનગી રીતે - કોઈને ખબર ના પડે તેમ તેમાંની વસ્તુઓ કે ફાઈલો સચવાય અને જરૂર પડ્યે કાઢી કે રાખી શકાય તેમજ ક્યાંય પણ દષ્ટિગોચર ના થતા એક મોટા સ્ટોરેજ હાઉસ તરીકે થાય છે. પરંતુ તે સ્ટોર - હાઉસો ક્યાં કયાં આવેલ છે તે ખબર ના પડે. આવા મોડેલનો વાસ્તવિક રીતે - સિમેન્ટ કોન્ક્રીટના મકાનમાં ઉપયોગ કરનાર વિઓન કેપેસીટી સર્વિસિસ નામની પ્રથમ કંપની હતી અને એમેઝોન-એસ-૩ નામના મોડેલ થી જાણે ખરેખર વર્ચ્યુલ રીતે દૂરથી ઉપયોગ કરનાર એમેઝોન.કોમ.

જેવી રીતે આ અષાઢ મહિનાના પાણી ભરેલ વાદળો એક-બીજા ઉપર છવાઈ જાય ત્યારે ક્યાંક બરાબર દેખાય તો ક્યાંક ધૂંધળું દેખાય, કે ક્યારેક ન દેખા, તેવી રીતે આ માહિતીનો ભંડાર વાદળ રૂપી કલાઉડ કમ્પ્યૂટીંગમાં કઈ વસ્તુ ક્યા છે, શું છે, કોણ છે, વિગેરે જાણવું તેના વપરાશ કરનાર વ્યક્તિ કે કંપની સિવાય અન્ય લોકો માટે અઘરું બને છે. કદાચ કહો કે ઈમ્પોસીબલ બને છે. દા.ત. કોઈ બેંકના સર્વરો ચાર દિશામાં છે અને દરેકમાં માહિતી સ્ટોર થતી જાય છે. દિવસ હોય કે રાત, તો પણ, જ્યારે કોઈપણ સર્વર મેઈન્ટનન્સમાં હોય, તો પણ કામકાજ બંધ નથી રહેતું.. ઓન લાઈન સેવાઓ સતત ચાલુ રહેતી હોય છે તે આ કલાઉડ કમ્પ્યુટીંગને આભારી છે.



લંગર

**સોફ્ટવેર : એંકર એટલે વહાણ કે વિમાનને લાંગરવા માટે વપરાતી ડિવાઈસ :** ડેસ્કટોપ પબ્લીશીંગમાં ગ્રાફીક-ચિત્ર ને એક જગ્યાએ સ્થિર કરવા માટે વાપરવામાં આવતા સોફ્ટ - ટૂલને એંકર કહેવામાં આવે છે. જો તેને એક અક્ષર સાથે જોડવામાં આવે તો તે ત્યાંજ ફીક્સ થઈ જાય, જો પેરેગ્રાફ કે પેઈજ સાથે જોડવામાં આવે તો તેટલા જ વિસ્તારમાં રહે. મૂળ દરિયાઈ સફર શરૂ થઈ ત્યારથી વહાણને લાંગરવા માટે લોખંડ, પથ્થર કે વજનદાર ધાતુમાંથી બનાવવામાં આવતું જે વહાણને પાણી નીચેની જમીન સાથે જકડી રાખે.



**ઈન્ટરનેટ : ગેઈમ્સ એક્ષપ્લોરર ઓન લાઈન પત્તા, ચેસ કે અન્ય રમતો રમવા માટેના સાધનનું નામ :** ચારે તરફ કરીને નિરીક્ષણ કરવુ, સ્પર્શ કરી જોવું વિગેરે અર્થ ધરાવતા, 'ટુ એક્ષપ્લોર' શબ્દને માઈક્રોસોફ્ટ વધારે પ્રચલિત બનાવ્યો તેના ઈન્ટરનેટ એક્ષપ્લોરરને તે નામ પ્રદાન કરીને ત્યારબાદ જાણે તેની તે શબ્દ ઉપર માલીકી થઈ ગઈ અને તેના અનુસંધાને તે કંપનીએ ૧૯૯૫માં બહાર પાડ્યું ગેમ્સ એક્ષપ્લોરર. આ કમ્પ્યૂટર પર રમતો રમવા માટેનું એક્ષપ્લોરર, વિન્ડોઝ ૭ ઓપરેટીંગ સિસ્ટમમાં વપરાશકર્તાઓને તેમના પર્સનલ કમ્પ્યુટરમાંની કોઈપણ ગેઈમ - રમત - ઝડપથી શોધી અને તેને મેનેજ કરવાની સગવડ આપે છે.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

ચાલુ માસથી 'કચ્છશ્રુતિ'માં એક નવી કોલમ શરૂ કરવામાં આવે છે. આ નવી કોલમ એટલે શ્રી કચ્છી સમાજ -અમદાવાદનો દૈનિક અહેવાલ કે જેના કારણે સમાજની રોજબરોજની પ્રવૃત્તિઓથી સારાએ સમાજને માહિતગાર રાખવાનો પ્રયાસ કરવામાં આવશે. સમાજની પ્રવૃત્તિઓને તેના સભ્યો સમક્ષ પારદર્શક રાખવાનો આ કોલમનો હેતુ છે. આશા રાખવામાં આવે છે કે વાચકવર્ગ આ પ્રયાસને આવકારશે. **– મુખ્યતંત્રી**

**શનિવાર તા. ૧૨-૪-૨૦૧૪ :** આજ રોજ શ્રી કચ્છી સમાજ અમદાવાદની વાર્ષિક જનરલ સભા સંસ્થાની ઓફિસ પાલડી ખાતે મળેલ હતી કે જેમાં અંદાજિત ૨૫ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ગત જનરલ સભાની મિટીંગની મીનીટસનું વાંચન કરી તેને બહાલ રાખવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૨-૧૩ના ઓડિટેડ હિસાબો મંજુર કરવામાં આવેલ હતા. વર્ષ ૨૦૧૩-૧૪ના ઓડિટેડ હિસાબો તૈયાર ન હોવાથી તેને બાકી રાખવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૪-૧૫ માટે ઓડિટરની નિમણુંક કરવામાં આવેલ હતી. રૂ. ૧૦,૦૦૦/- ના ગ્રુપના ૬ ટ્રસ્ટીઓની, રૂ. ૧૦૦૦/- ગ્રુપના ૬ ટ્રસ્ટીઓની તથા કારોબારી સમિતિના ૧૫ સભ્યોની વરણી કરવામાં આવેલ હતી. નવા ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ માટે આ પ્રથમ સભા હોવાથી ચિઠ્ઠી નાખીને દરેકની ૧, ૨ કે ૩ વર્ષની મુદત નક્કી કરવામાં આવેલ હતી. આવતા વર્ષના કાર્યક્રમની રૂપરેખાની વિચારણા કરવામાં આવેલ હતી.

**શુક્રવાર તા. ૨૫-૪-૨૦૧૪ :** નવા ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની પ્રથમ મિટીંગ બોલાવવાની તા. ૪-૫-૨૦૧૪ની નક્કી થતા એ પ્રમાણે ટ્રસ્ટ મંડશ તથા કારોબારી સમિતિના એજન્ડાના સરક્યુલર તૈયાર કરી પોસ્ટથી મોકલી આપવાની કાર્યવાહી કરવામાં આવી.

**શનિવાર તા. ૩-૫-૨૦૧૪ :** આજે શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી ભરત ઓઝા તથા શ્રી અશોક મહેતા એકત્રિત થયેલ હતા. અને આવતી કાલની ટ્રસ્ટ મંડળની મિટીંગ તથા કારોબારી સમિતિની મિટીંગના આયોજન અંગે વિચારેલ હતું.

**રવિવાર તા. ૪-૫-૨૦૧૪ :** સવારે ૯-૦૦ કલાકે સંસ્થાની સ્પાન ટ્રેડ સેન્ટરની ઓફિસ પર ચાલુ વર્ષના ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટીંગ મળેલ હતી કે જેમાં ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. સહુથી પ્રથમ (૧) શ્રી અશોકભાઈ ધોળકીયા (૨) શ્રી બી. કે. પટેલ (૩) શ્રી હસમુખભાઈ પટેલની વર્ષ ૨૦૧૪-૧૫ માટે કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકેની વરણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે શ્રી અશોક મહેતાની વરણી કરવામાં આવે હતી. ત્યાર બાદ નીચે મુજબના ૫ ટ્રસ્ટીઓને કારોબારી સમિતિમાં મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૧) શ્રી જગદીશભાઈ ઠક્કર (૨) શ્રી મનુભાઈ શાહ (૩) શ્રી ભરત ઓઝા (૪) શ્રી મનુભાઈ કોટડીયા તથા (૫) શ્રી કૈલાસદાન ગઢવી, ટ્રસ્ટ મંડળની મિટીંગની આજની કાર્યવાહી પુરી થતા તેને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવેલ હતી.

સવારમાં ૧૧ કલાકે સમાજની ઓફિસમાં કારોબારી સમિતિની એક મિટીંગ મળેલ હતી કે જ્યારે સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ મિટીંગમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી. ઉપપ્રમુખ -૧ તરીકે શ્રી જગદીશભાઈ ઠક્કર, ઉપપ્રમુખ-૨ તરીકે શ્રી મનુભાઈ શાહ, ઉપપ્રમુખ-૩ તરીકે શ્રી રઘુરામભાઈ ઠક્કર, માનદ્ મંત્રી તરીકે શ્રી ભરત ઓઝા, સહમંત્રી-૧ તરીકે શ્રી સંજયભાઈ રાઠોડ, સહમંત્રી-૨ તરીકે શ્રી સુનીલભાઈ દાવડા, ખજાનચી તરીકે શ્રી મનુભાઈ કોટડીયા, સહખજાનચી શ્રી હસમુખભાઈ વી. પટેલ ત્યારબાદ વર્ષ ૨૦૧૪-૧૫ માટે વિવિધ સમિતિઓ ગઠબંધન કરી, તે દરેક સમિતિના કન્વીનર તરીકે નીચે મુજબના સભ્યોની વરણી કરવામાં આવેલ હતી. અને દરેક કન્વીનરશ્રીને પોતાની સમિતિના સભ્યો નક્કી કરી શ્રી કચ્છી સમાજની ઓફિસે જાણ કરવામાં વિનંતી કરવામાં આવેલ હતી. કચ્છશ્રુતિના મુખ્યતંત્રી તરીકે શ્રી ભરત ઓઝા કન્વીનરશ્રી તરીકે શ્રી હિમાંશુભાઈ ઠક્કર, સરસ્વતી સન્માન સમિતિના કન્વીનરશ્રી દિપકભાઈ ચૌહાણ, યુવા વિકાસ સમિતિના કન્વીનરશ્રી તરીકે શ્રી સુનિલભાઈ દાવડા, મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર તરીકે શ્રીમતી શિલ્પીબેન શાહ, સભ્યપદ સમિતિના કન્વીનર તરીકે શ્રી પરબતભાઈ પટેલ, વયસ્ક સમિતિના કન્વીનરશ્રી રજનીભાઈ પારેખ, બંધારણ સમિતિના કન્વીનરશ્રી અતુલભાઈ સોની, નવા પ્રોજેક્ટ સમિતિના કન્વીનરશ્રી તરીકે શ્રી કૈલાસદાન ગઢવી,

કચ્છી ખબર પત્રિકા સમિતિના કન્વીનર તરીકે શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શૈક્ષણિક લોન સમિતિના કન્વીનરશ્રી કૈલાસદાન ગઢવી, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિના કન્વીનર શ્રી અતુલ સોની તથા વેબસાઈટ સમિતિના કન્વીનર શ્રી હિમાંશુભાઈ ઠક્કરની વરણી કરવામાં આવેલ હતી. દરેક સમિતિના નીતિ-નિયમો બનાવીને થોડા સમયમાં મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. દરેક સમિતિના કન્વીનર શ્રીએ પોતાની કાર્યવાહી શરૂ કરી દેવાનું પણ જણાવવામાં આવેલ હતું. ત્યારબાદ આ સભાને બરખાસ્ત કરવામાં આવેલ હતી.

**શુક્રવાર તા. ૯-૫-૨૦૧૪ :** શ્રી હિમાંશુભાઈ ઠક્કરે વેબસાઈટ પર મૂકવા શ્રી કચ્છી સમાજ-અમદાવાદનો ઈતિહાસ માગતા તેના અનુસંધાને શ્રી હીરજી પાસુ શાહ, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડીયા તથા શ્રી મનુભાઈ શાહને પત્રો લખી જરૂરી વિગતો મોકલી આપવાનું જણાવવામાં આવ્યું.

**શનિવાર તા. ૧૦-૫-૨૦૧૪ :** આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી ભરત ઓઝા વગેરે એકત્રિત થયેલ હતા અને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના સભ્યપદ માટે તથા કચ્છશ્રુતિના સભ્યપદ માટેની ઝુંબેશ આદરવી અને તેના અનુસંધાને દરેકના ૨૫૦૦-૨૫૦૦ ફોર્મ છપાવી વિવિધ કચ્છી મહાનુભાવોને ત્યાં મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**બુધવાર તા. ૧૪-૫-૨૦૧૪ :** શ્રી કચ્છી સમાજની ઓફિસ માટે ગુજરાતી ટાઈપીસ્ટ + કલાર્ક અંગેની આજના પેપરમાં જાહેરાત આપેલ હોવાથી શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી મનુભાઈ કોટડીયાએ આવેલ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લીધેલ હતા અને આવતા દિવસોમાં અનુકૂળ ઉમેદવાર સાથે ફાઈનલ કરી લેવાનું શ્રી ભરત ઓઝા પર છોડવામાં આવેલ હતું.

**મંગળવાર તા. ૨૦-૫-૨૦૧૪ :** મહિલા ઉત્કર્ષ સમિતિના સભ્ય બનવા શ્રીમતી શીલ્પીબેન શાહે અને વિજયાબેન શેઠ તથા લીલાબેન વીસારીયા સાથે ફોન પર વાત કરી તેમને શ્રી કચ્છી સમાજ-અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિના સભ્ય બનવા માટે આમંત્રિત કરેલ હતા કે જેનો તેઓ બંને એ સ્વીકાર કરેલ હતો.

**બુધવાર તા. ૨૧-૫-૨૦૧૪ :** શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડીયાએ શ્રી કચ્છી સમાજની ઓફિસમાં જરૂરિયાત મુજબ બેસવાનું શરૂ કરી દીધેલ છે. ટાઈપીસ્ટ-કલાર્ક તરીકે શ્રી નિલયભાઈ મહેતાએ આજથી જવાબદારી સંભાળી લીધેલ છે. કચ્છશ્રુતિમાં જાહેરાત આપી સહકાર આપવા વિવિધ મહાનુભાવોને પત્રો લખીને મોકલી આપવાની શરૂઆત કરી દેવામાં આવેલ છે.

સભ્યપદ માટેના તથા કચ્છશ્રુતિના સભ્ય માટેના ફોર્મ છપાઈને આવી ગયેલ હોવાથી તે અંગેની કાર્યવાહી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

**શુક્રવાર તા. ૩૦-૫-૨૦૧૪ :** ઓફિસની દિવાલો પર ફીક્સ કરવામાં આવેલ કબાટમાં ઊધઈ લાગી જતા આજે ઊધઈની ટ્રીટમેન્ટ કરાવવામાં આવેલ હતી.

**શનિવાર તા. ૩૧-૫-૨૦૧૪ :** આજ રોજ ઓફિસમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડીયા, ડૉ. મુકેશ ચૌહાણ, શ્રી દિપક ચૌહાણ, શ્રી સંજય રાઠોડ વગેરે એકત્રિત થયેલ હતા અને ઊધઈની ટ્રીટમેન્ટના અનુસંધાને બહાર કાઢવામાં આવેલ ફાઈલોનું ચેકીંગ અને સાફ-સફાઈ કામ આદરી દેવામાં આવેલ હતું.

**સોમવાર તા. ૨-૬-૨૦૧૪ :** શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડીયા, શ્રી અતુલ સોની અને શ્રી હિમાંશુ ઠક્કર એકત્રિત થયેલ હતા અને કચ્છના ચુંટાયેલા ધારાસભ્યોનું અમદાવાદ ખાતે બહુમાન કરવાનું આયોજન વિચારેલ હતું.

**શનિવાર તા. ૭-૬-૨૦૧૪ :** આજ રોજ કચ્છી સમાજના કાર્યાલય ખાતે કચ્છશ્રુતિના કચ્છીકંપા વિશેષાંકના સંદર્ભે એક મિટીંગ મળેલ હતી. જેમાં મુખ્યતંત્રી શ્રી ભરત ઓઝા, સહતંત્રી શ્રી દિનેશ માંકડ, સીએ શાંતિભાઈ પટેલ, સીએ. કે.ડી. પટેલ, સહમંત્રી શ્રી સુનિલ દાવડા વિગેરે મળેલ હતા. અને કંપા વિશેષાંક અંગે માહિતી કેવી રીતે મેળવવી તે બાબતે ચર્ચા કરેલ હતી. અને તે અંગેના જરૂરી ફોર્મ તેમને આપેલ હતા. જેમાં વિવિધ કંપાઓની પાસેથી માહિતી મેળવવાની વિગતો હતી. આ બબતે સીએ. શ્રી શાંતિભાઈ પટેલ તેમજ સીએ. શ્રી કે.ડી. પટેલે સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

**રવિવાર તા. ૮-૬-૨૦૧૪ :** ટ્રસ્ટ મંડળની એક મિટીંગ સમાજની ઓફિસ ખાતે મળેલ હતી. આ મિટીંગમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ શાહ, શ્રી મેઘજીભાઈ પટેલ, શ્રી બી. કે. પટેલ, શ્રી અશોકભાઈ ધોળકીયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શક્ય હોય તો ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અધ્યક્ષપણા હેઠળ કચ્છના વરાયેલા રાજ્યકક્ષાના મંત્રીશ્રી, કચ્છના અન્ય ધારાસભ્યશ્રીઓ તથા કચ્છના સાંસદશ્રીઓનું તા. ૧૦-૭-૨૦૧૪ના સાંજના બહુમાન કરવાના કાર્યક્રમ અંગે નિર્ણય લેવામાં આવેલ હતો. આ અંગે થનાર રૂ. ૫૦/- લાખના અંદાજિત ખર્ચને મંજુરી આપવામાં આવેલ હતી. કચ્છ સ્થિત ઉદ્યોગોના

ઉદ્યોગપતિશ્રીઓને પણ આ સભામાં આમંત્રિણ કરવાનું વિચારાયેલ હતું.

**સોમવાર તા. ૯-૬-૨૦૧૪ :** કચ્છશ્રુતિના અષાઢીબીજ નિમિત્તેના 'કચ્છ કંપા વિશેષાંક' બહાર પાડવાના અનુસંધાને શ્રી બી. કે. પટેલ પાસેથી વિગત મેળવીને જરૂરી ફોર્મ ભરાવી આપવામાં સહકાર આપવા માટે ખેડબ્રહ્માના શ્રી રાજાભાઈ ખેતાભાઈ પટેલ, હિંમતનગરના શ્રી બચુભાઈ કરમશીભાઈ પટેલ તથા કપડવંજના શ્રી જશુભાઈ કે. પટેલનો ફોનથી સંપર્ક સાધવામાં આવેલ હતો. તેઓએ સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી ઉચ્ચારેલ હતી.

**મંગળવાર તા. ૧૦-૬-૨૦૧૪ :** કચ્છી કંપાઓની વિગત મેળવવા માટે બે પ્રકારના ફોર્મ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રકારના ૮૦-૮૦ ફોર્મ રાજાભાઈએ ખેડબ્રહ્મા, ૩૦૦-૩૦૦ ફોર્મ શ્રી બચુભાઈએ હિંમતનગર તથા ૭૦-૭૦ ફોર્મ શ્રી જસુભાઈએ કપડવંજ કુરીયરથી મોકલી આપવામાં આવ્યા.

**બુધવાર તા. ૧૧-૬-૨૦૧૪ :** ખેડબ્રહ્મા, હિંમતનગર તથા કપડવંજ એમ ત્રણે સ્થળના મહાનુભાવોને ફોર્મ મળી ગયેલ હોવાથી તેઓએ પોતાના વિસ્તારના કંપાઓમાં આ ફોર્મ ભરાવવા માટે મોકલી આપવાની કામગીરીનો આરંભ કરી દીધેલ છે.

**રવિવાર તા. ૧૫-૬-૨૦૧૪ :** શ્રી કચ્છી સમાજ - અમદાવાદના એક અગ્રણી ઉદ્યોપગતિ શ્રી નાનુભાઈ મજીઠીયાનું અવસાન થતા તેમની સ્મશાનયાત્રામાં અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. એક અવિર્વિસરની ચર્ચામાં શ્રી અશોક મહેતા, શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી લખમીદાસભાઈ ઠક્કર, શ્રી ચમનભાઈ પલણ, શ્રી જયેશભાઈ ઠક્કર વગેરેએ ભાગ લઈ શ્રી કચ્છી સમાજ-અમદાવાદે આવતા દિવસોમાં વિદ્યાર્થીઓ માટે એક હોસ્ટેલ પ્રોજેક્ટ હાથ પર લેવાની વિચારણા કરેલ હતી.

**સોમવાર તા. ૧૬-૬-૨૦૧૪ :** આજે શ્રી અશોક મહેતા અને શ્રી ભરત ઓઝા એકત્રિત થયેલ હતા અને ધારાસભ્યશ્રીઓના સન્માનના અનુસંધાને રાજ્યકક્ષાના મંત્રીશ્રી તારાચંદભાઈ છેડા સંગાથે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને કાર્યક્રમના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેવા જે આમંત્રિત કરવાના હતા તે મુલાકાત હજુ સુધી ગોઠવાયેલ ન હોવાથી તે બાબતે વિવિધ એંગલથી ચર્ચા કરવામાં આવેલ હતી.

કચ્છી કંપા વિશેષાંકની માહિતી માટે શ્રી રાજાભાઈ પટેલ સાથે ખેડબ્રહ્મા વાત કરવામાં આવેલ હતી. તેઓના જણાવ્યા અનુસાર જરૂરી ફોર્મસ એ વિસ્તારના વિવિધ કંપાઓમાં મોકલી આપવાની કાર્યવાહી હાલે ચાલી રહેલ છે.

**મંગળવાર તા. ૧૭-૬-૨૦૧૪ :** શ્રી અશોક મહેતા, શ્રી મનુભાઈ શાહ, શ્રી ભરત ઓઝા, શ્રી પ્રદિપ જોશી મુખ્યમંત્રી શ્રીમતી આનંદબેન પટેલને ધારાસભ્યશ્રીઓના સન્માનનાં કાર્યક્રમમાં નિમંત્રિત કરવા ગયેલ હતા. પરંતુ આજે ત્યાં ગીર્દી પુષ્કળ હોવાના કારણે તેમની સાથે યોગ્ય સ્વરૂપે વાતચીત થઈ શકેલ નહતી.

ત્યારબાદ આ ટીમ રાજયકક્ષાના મંત્રીશ્રી તારાચંદભાઈ છેડાને રૂબરૂ આમંત્રિત કરવા ગયેલ હતી કે જયારે કચ્છના અન્ય ધારાસભ્યશ્રીઓ શ્રી પંકજ મહેતા, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી રમેશભાઈ મહેશ્વરી તથા કચ્છના સંસદ સભ્યશ્રી વિનોદભાઈ ચાવડા પણ રૂબરૂમાં મળી ગયેલ હતા અને તેઓને સહુને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવેલ હતા.

**બુધવાર તા. ૧૮-૬-૨૦૧૪ :** કચ્છી કંપા વિશેષાંકના ફોર્મ ભરાવવા અંગે શ્રી બચુભાઈ સાથે હિંમનગર અને શ્રી જસુભાઈ સાથે કપડવંજ વાત થયેલ કે જયારે તેઓએ કાર્યવાહી ચાલુ હોવાનું જણાવેલ હતું.

**ગુરુવાર તા. ૧૯-૬-૨૦૧૪ :** આજે સવારમાં હિંમતનગરથી શ્રી બચુભાઈએ ફોન હતો કે કમ્પાના ખેડૂતો હાલે ચોમાસા અગાઉ જમીન ખેડવા અંગે તથા વાવણી અંગે ખૂબ જ બીઝી હોવાથી તેઓ ફોર્મ ભરીને આપી શકતા નથી, તેથી આ ભરેલા ફોર્મ પરત આવતા થોડો સમય લાગશે, ત્યાર બાદ આ અંગે શ્રી ભરત ઓઝા તથા શ્રી હંસરાજભાઈ કંસારા સાથે ચર્ચા કરતા અષાઢી બીજ વિશેષાંક કે જે કચ્છી કંપા વિશેષાંક તરીકે પ્રકાશિત કરવાના હતા તે આગળ ઠેલવાનું નક્કી કરવામાં આવ્યું.

આજે સાંજના છ વાગે શ્રી કચ્છી સમાજ-અમદાવાદની કારોબારી સમિતિની એક મિટીંગ મળેલ હતી. આ મીટીગમાં ૧૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ મિટીંગમાં કચ્છમાં ચૂંટાયેલ ૬ ધારાસભ્યો તથા ૧ સાંસદનું બુધવાર તા. ૯-૭-૨૦૧૪ના રોજ સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેના અનુસંધાને સન્માન સમિતિના આમંત્રિત પત્રિકા સમિતિ, જમણવાર સમિતિ તથા વોલંટીયર સમિતિની રચના કરવામાં આવેલ હતી. અષાઢી બીજ કાર્યક્રમ, વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ તથા વેબસાઈટના વિમોચનનો કાર્યક્રમ પણ તે સમયે રાખવાનું

નક્કી કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીની હોસ્ટેલ પ્રોજેક્ટ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

**શુક્રવાર તા. ૨૦-૬-૨૦૧૪ :** આજ રોજ રાપર વિભાગના ધારાસભ્યશ્રી પંકજભાઈ મહેતાએ શ્રી કચ્છી સમાજ-અમદાવાદ દ્વારા આયોજન કરવામાં આવનાર ધારાસભ્યશ્રીઓના સન્માનની તારીખ બુધવાર ૯-૭-૨૦૧૪ રોજની ફરીથી કન્ફર્મ કરી હતી. એ દિવસોમાં વિધાનસભા ચાલુ હોવાથી કાર્યક્રમ સાંજના ૭ થી ૧૦નો રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

શ્રી કચ્છી સમાજની વેબસાઈટ માટે શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે મોકલેલ સાહિત્યના અનુસંધાને વર્ષ ૧૯૯૫ સુધીનો શ્રી કચ્છી સમાજ-અમદાવાદનો ઈતિહાસ લખીને પૂરો પાડવામાં આવ્યો.

**શનિવાર તા. ૨૧-૬-૨૦૧૪ :** આજે સાંજના શ્રી કચ્છી સમાજની ઓફિસ પર શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી કે. આર. શાહ, શ્રી સુનિલભાઈ દાવડા, શ્રી સંજય રાઠોડ વગેરે એકત્રિત થયેલ હતા. તા. ૯-૭-૨૦૧૪ના ધારાસભ્યશ્રીઓના સન્માનના કાર્યક્રમ અંગેના આયોજનો વિચારવામાં આવ્યા. શ્રી દામજીભાઈ એંકરવાલા, શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી અશ્વિનભાઈ શ્રોફનો સંપર્ક સાધી, આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા તેઓશ્રીએ આમંત્રિત કર્યા. પરંતુ અન્ય વ્યસ્તતાના કારણે તેઓ ઉપસ્થિત રહી શકશે નહીં તેવું નક્કી કરવામાં આવ્યું. વેબસાઈટ પર શ્રી કચ્છી સમાજ-અમદાવાદનો ઈતિહાસ મૂકવા માટે ૧૯૯૫ પછીની વિગતો એકત્રિત કરવા ત્યાર બાદના કચ્છશ્રુતિના અંકોને તારવી અલગથી કાઢી રાખવામાં આવ્યા.

**સોમવાર તા. ૨૩-૬-૨૦૧૪ :** આવતી તા. ૯-૭-૨૦૧૪ના કચ્છી ધારાસભ્યશ્રીઓના સન્માન સમારંભમાં સમારંભ પ્રમુખ તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને નિમંત્રિત કરવા શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રદિપ જોષી ગાંધીનગર તેઓશ્રીને મળી આવેલ હતા. આ બાબતે તેઓશ્રી પછીથી જવાબ આપશે તેમ તેમણે જણાવેલ હતું.

ત્યારબાદ સમારંભ મુખ્ય અતિથિશ્રી તરીકે ઉપસ્થિત રહેવા તેઓ કચ્છના પ્રભારી મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીને આમંત્રણ આપવા ગયેલ હતા. તેઓ આ બાબતે અન્ય કાર્યક્રમો જોઈ એકાદ-બે દિવસમાં જવાબ આપશે તેમ તેમણે જણાવેલ હતું.

**મંગળવાર તા. ૨૪-૬-૨૦૧૪ :** આજ રોજ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી હિમાંશુ ઠક્કર શ્રી કચ્છી સમાજની ઓફીસે એકત્રિત થયેલ હતા અને તેઓએ શ્રી કચ્છી સમાજની વેબસાઈટ તૈયાર કરવા અંગે, તા. ૯-૭-૨૦૧૪ના કચ્છી ધારાસભ્યશ્રીઓના સન્મન અંગે તથા ત્યારબાદના ફંડ રેઈઝીંગ કાર્યક્રમ અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

**બુધવાર તા. ૨૫-૬-૨૦૧૪ :** અષાઢી બીજ - નૂતન વર્ષ મિલન સમારંભ, વિદ્યાર્થીઓના સન્માન સમારંભ તથા ધારાસભ્યશ્રીઓના સન્માન કાર્યક્રમ અંગે શ્રી કચ્છી જૈન ભવનના હોલ તથા ઓસવાલ કલબના હોલ માટે શણગારના શ્રી સૌમિલભાઈ સાથે ચર્ચા કરી અને જરૂરી એસ્ટીમેટ તૈયાર કર્યા.

**ગુરુવાર તા. ૨૬-૬-૨૦૧૪ :** શ્રી હિમાંશુ ઠક્કરે શ્રી બાબુભાઈ રતાણી કચ્છના પ્રભારી મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીનો સંપર્ક સાધેલ હતો અને તેઓ તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમમાં પધારશે તેવું નક્કી કર્યું. શ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલી એ કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહે તેવું તેમની સાથે ફોન પર વાત કરી નક્કી કરવામાં આવ્યું. તા. ૯-૭-૨૦૧૪ના ધારાસભ્યશ્રીઓના સન્માન માટે યુનિવર્સીટી કન્વેન્સન હોલ નં. ૨ શ્રી સંદીપ મહેતાએ શ્રી હેમુ ગાંધી સાથે વાત કરી નક્કી કરેલ હતું. શ્રી અશોક મહેતા તથા શ્રી ભરત ઓઝાએ ચર્ચા કરી તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમની આમંત્રણ પત્રિકાની વિગત તથા તેનો લે-આઉટ ફાઈનલ કર્યો.

**શુક્રવાર તા. ૨૭-૬-૨૦૧૪ :** શ્રી અશોક મહેતા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા તથા શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર એકત્રિત થયેલ હતા અને તેઓએ તા. ૯-૭-૨૦૧૪ ના કાર્યક્રમ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી. આમંત્રણ પત્રિકાનું પ્રુફ રીડીંગ કરી તેને પ્રિન્ટીંગ કરવા મોકલી આપી.

**શનિવાર તા. ૨૮-૬-૨૦૧૪ :** શ્રી કચ્છી સમાજની ઓફીસ પર શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી દિનેશ મહેતા, શ્રી અને શ્રીમતી મહેશભાઈ ભાનુશાલી, શ્રી દિપક ચૌહાણ તથા શ્રી સંજય રાઠોડ એકત્રિત થયેલ હતા અને આમંત્રણ પત્રિકાના વિતરણ બાબતે, ધારાસભ્યશ્રીઓના સન્માન બાબતે તથા વિદ્યાર્થીઓના બહુમાન અંગે જરૂરી ચર્ચા કરી, દરેકની વિગત નક્કી કરેલ હતી.

**રવિવાર તા. ૨૯-૬-૨૦૧૪ :** શ્રી ભરત ઓઝા અને શ્રી નિલય મહેતાએ ૨૫૦ આમંત્રણ પત્રિકા તેના નામ-સરનામા સાથે ડીસ્પેચ કરવા માટે તૈયાર કરેલ હતી.

**સોમવાર તા. ૩૦-૬-૨૦૧૪ :** મહિલા ઉત્કર્ષ સમિતિના નેજા હેઠળ સમાજની ઓફિસ પર 'નેસલે'ની આઈટમોના અનુસંધાને એક સેમિનાર યોજવામાં આવેલ હતો કે જેમાં સમાજના વિવિધ ઘટકોની લગભગ ૪૮ મહિલાઓએ ભાગ લીધેલ હતો.

આજે સાંજના સમાજની ઓફિસ પર શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી સુનિલ દાવડા વગેરે એકત્રિત થયેલ હતા અને આવતી કાલથી વિવિધ ઘટક સમાજોના પ્રમુખશ્રીઓ વગેરેને આમંત્રણ પત્રિકા વિતરણ કરવાના આયોજનો વિચારેલ હતા.

**મંગળવાર તા. ૧-૭-૨૦૧૪ :** આજ રોજ સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૮ સુધી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી પરબતભાઈ પટેલ તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમની આમંત્રણ પત્રિકા રૂબરૂ આપવા નિકળેલ હતા. તેઓએ નીચે મુજબની વ્યક્તિઓનો સંપર્ક સાધી રૂબરૂમાં આમંત્રણ પત્રિકાઓ આપેલ હતી, ગીતામંદિર, લાટી બજાર નં.૩ માં આર.બી. પટેલ એન્ડ કુંના શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલ, લાટી બજાર નં.૨.માં ગીતામંદિર કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ (શારદા ઈમ્પેક્ષ), રવિ એન્ટરપ્રાઈઝના શ્રી અમિતભાઈ પટેલ તથા શ્રી બ્રિજેશભાઈ પટેલ, શાર્પેક્ષના શ્રી નીતીનભાઈ પટેલ તેમજ અરૂણભાઈ પટેલ, લાટી બજાર નં.૧માં શ્રી પ્રેમજીભાઈ મેઘજીભાઈ સાંખલાના શ્રી નવીનભાઈ પટેલ, જીગર એન્ટરપ્રાઈઝના શ્રી બાબુભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ પટેલ, કચ્છ કડવા પાટીદાર સમાજ-ઈસનપુરના પ્રમુખશ્રી ચંદુભાઈ પટેલ (શ્રીકૃષ્ણ સો મીલ), સીટીએમ સમાજના શ્રી શંભુભાઈ પટેલ (પરિશ્રમ વુડ વર્કસ), શ્રી સુનિલભાઈ દાવડા, કચ્છ કડવા પાટીદાર સમાજ-ઓઢવના પ્રમુખશ્રી ગોપાલભાઈ પટેલ, ઓઢવ સમાજના શ્રી મનસુખભાઈ પટેલ (પૂર્વ પ્રમુખ, શ્રી કચ્છી સમાજ-અમદાવાદ), કચ્છ કડવા પાટીદાર સમાજ-સીંગરવાના પ્રમુખશ્રી મગનભાઈ પટેલ, કચ્છ કડવા પાટીદાર સમાજ-કુંજાડના પ્રમુખશ્રી રતનશીભાઈ કરમશીભાઈ પટેલ, સ્વસ્તીક ગમ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડના શ્રી મહેશભાઈ ભાનુશાલી તથા શ્રી મોહનભાઈ ભાનુશાલી.

**બુધવાર તા. ૨-૭-૨૦૧૪ :** રોજ શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી હિમાંશુ ઠક્કર તથા શ્રી પરબતભાઈ પટેલ નીચેની વ્યક્તિઓને તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમ માટે રૂબરૂમાં આમંત્રિત કરવા આપેલ હતા. (૧) કચ્છી મિત્ર મંડળ, ગાંધીનગરના પ્રમુખ શ્રી એમ. કે. રંગાણી તથા મંત્રીશ્રી નિલેન્દુ વોરા, (૨) રાપર વિભાગના ધારાસભ્યશ્રી પંકજભાઈ મહેતા તથા (૩) શ્રી અરજણભાઈ રબારી, (૪) રાજ્યમંત્રીશ્રી તારાચંદભાઈ છેડા તથા (૫) સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા એ સિવાય કચ્છના પ્રભારી મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, મુંદ્રા વિભાગના ધારાસભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરી, ભુજ વિભાગના ધારાસભ્ય શ્રીમતી નીમાબેન આચાર્ય તથા અંજાર વિભાગના ધારાસભ્યશ્રી વાસણભાઈ આહીર વિવિધ કામે અન્યત્ર ગયેલ હોવાથી તેઓને રૂબરૂમાં આમંત્રિત કરી શકશે નહી પરંતુ તેઓશ્રીને આમંત્રણ પત્રિકા પહોંચતી કરવાની વ્યવસ્થા કરેલ હતી. તેઓ સાથે ફોન પર સંપર્ક સાધવામાં આવેલ હતો. ત્યારબાદ છેલ્લે શ્રી રઘુરામભાઈ ઠક્કરને ત્યાં જઈ તેઓશ્રીને રૂબરૂમાં આમંત્રિત કરેલ હતા. શ્રી અશોક રઘુરામ ઠક્કર તથા શ્રી કિરીટભાઈ રઘુરામ ઠક્કરને પણ રૂબરૂમાં આમંત્રિત કરેલ હતા.

**ગુરૂવાર તા. ૩-૭-૨૦૧૪ :** આજે શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા શ્રી બી. કે. પટેલ, શ્રી કચ્છી સમાજ-અમદાવાદના તા. ૯-૭-૨૦૦૧૪ના કાર્યક્રમના આમંત્રણ આપવા રૂબરૂ નીકળેલ હતા. તેઓ પ્રથમ ઈન્કમટેક્ષ કમીશ્નર શ્રીમતી ભૂમિકાબેન પટેલ (IRS) ને રૂબરૂ મળ્યા. ત્યારબાદ મેસર્સ રત્નમણી મેટલ્સ અને ટ્યુબ્સ લીમીટેડના ડાયરેક્ટર શ્રી પ્રકાશભાઈ સંઘવી સાથે મુલાકાત કરી આ સમયે શ્રી જશવંતભાઈ કોઠારી પણ ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ-પશ્ચિમ વિભાગના પ્રમુખશ્રી જેન્તીભાઈ સાંખલા તથા કચ્છ-કડવા પાટીદાર સમાજ - સોલા રોડના પ્રમુખશ્રી બાબુભાઈ માકાણીને રૂબરૂમાં મળી આમંત્રિત કર્યા. ત્યારબાદ કચ્છ કડવા પાટીદાર સમાજ-સેટેલાઈટ પરિવારના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ ગંગારામ પટેલને પણ રૂબરૂ મળી આમંત્રિત કર્યા. કચ્છશ્રુતિ માટે વિઝીટીંગ કાર્ડ સાઈઝની ૩ જાહેરાત પણ બાર મહિનાની નક્કી કરવામાં આવેલ હતી.

**શુક્રવાર તા. ૪-૭-૨૦૧૪ :** શ્રી અશોક મહેતા, શ્રી હિમાંશુ ઠક્કર તથા શ્રી કરશનભાઈ પટેલ પ્રથમ અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખશ્રી બાબુભાઈ રતાણીને રૂબરૂ મળી, તેઓશ્રીને તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમમાં પધારવા આમંત્રિત કર્યા. ત્યારબાદ કાર્યક્રમના અતિથિ વિશેષશ્રી હસમુખભાઈ ગઢેચાને રૂબરૂમાં આમંત્રણ આપવા ગયેલ હતા. નવીનત પરિવારના શ્રી છોટુભાઈ ગાલા તથા શ્રી શાંતિલાલ ગાલાને રૂબરૂ મળી આમંત્રણ આપેલ હતા. ટીમ્બર પોઈન્ટના શ્રી નરસિંહભાઈ પટેલને શ્રી ભરત ઓઝા રૂબરૂ મળેલ હતા અને તેઓશ્રીને પણ આમંત્રણ આપેલ હતું.

**શનિવાર તા. ૫-૭-૨૦૧૪ :** શ્રી અશોક મહેતા તથા શ્રી ભરત ઓઝા, શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ભાનુશાલીને તેમની નરોડા ખાતેની ઓફિસે રૂબરૂ મળી, તેઓશ્રીને ૯-૭-૨૦૧૪ ના કાર્યક્રમ માટે આમંત્રિત કરવામાં આવેલ હતા. ત્યારબાદ નરોડા ખાતેની ભાનુશાલી સમાજની વાડીમાં ત્યાંના ઉપપ્રમુખશ્રી હિરાલાલભાઈ ભાનુશાલી તથા અન્ય કાર્યકરોને રૂબરૂમાં આમંત્રિત કરવામાં આવેલ હતા. ત્યારબાદ ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી જેન્તીભાઈ ભાનુશાલીની ઓફિસની પણ રૂબરૂમાં મુલાકાત લેવામાં આવેલ હતી.

આજ રોજ સાંજના સમયે શ્રી કચ્છી સમાજની ઓફિસ ખાતે શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડીયા, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી અતુલ સોની, શ્રી કરશનદાસ પટેલ, શ્રી દિપક ચૌહાણ, શ્રી મુકેશ ચૌહાણ, શ્રી સંજય રાઠોડ વગેરે કાર્યકરો એકત્રિત થયેલ હતા અને ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરી, સહુને યોગ્ય જવાબદારી સુપ્રત કરવામાં આવેલ હતી. જેઓનું સન્માન કરવામાં આવનાર છે તે તેજસ્વી વિદ્યાર્થીઓનું લીસ્ટ પણ ફાઈનલ કરવામાં આવેલ હતું.

**રવિવાર તા. ૬-૭-૨૦૧૪ :** તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમના એંકર અલ્પા શાહને રૂબરૂમાં કાર્યક્રમની બધી જ વિગત લેખિત સ્વરૂપે તેની વિગતો પણ સમજાવી દેવામાં આવેલ હતી.

આજે સાંજના શ્રી અશોક મહેતા તથા શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી વી. આર. ગોપાણીને ત્યાં રૂબરૂમાં તેઓશ્રીને તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમના આમંત્રણ આપવા ગયેલ હતા. સાથે સાથે શ્રી કચ્છી સમાજ-અમદાવાદની વેબસાઈટનું વિમોચન તેઓશ્રીના વરદ્ હસ્તે કરાવવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

**સોમવાર તા. ૭-૭-૨૦૧૪ :** તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમના અનુસંધાને કાર્યક્રમના એક અતિથિ વિશેષ શાહ એલોઈઝ સ્ટીલ તથા સાલ હોસ્પીટલના ચેરમેનશ્રી રાજેન્દ્ર શાહને શ્રી અશોક મહેતા તથા શ્રી જસવંત કોઠારી રૂબરૂમાં આમંત્રણ આપવા ગયેલ હતા અને તેઓશ્રીએ આ નિમંત્રણને સ્વીકાર પણ કરેલ હતો.

આજ રોજ સાંજના શ્રી કચ્છી સમાજ-અમદાવાદની કારોબારી સમિતિ તથા આમંત્રિતોની એક અવિધિસરની મિટીંગ તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમની પૂર્વ તૈયારીના અનુસંધાને મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી કૈલાસદાન ગઢવી, શ્રી મનુભાઈ કોટડીયા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ, શ્રી સંજય રાઠોડ, શ્રી મુકેશ ચૌહાણ, શ્રી દિપક ચૌહાણ, શ્રીમતી શીલ્પીબેન શાહ, શ્રી રાજુભાઈ મણિલાલ વસા, શ્રી પિયુષ રવિલાલ પારેખ, શ્રી પારસ કિશોર વીરા, શ્રી કરશનદાસ પટેલ, શ્રી હસમુખભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમની રૂપરેખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ હતું. દરેકને અનુકૂળ જવાબદારી સુપ્રત કરવામાં આવેલ હતી.

તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમના વિવિધ મહાનુભાવાને ફોન કરી નિમંત્રિત કરવામાં આવેલ હતા તથા જેઓને આમંત્રણ પત્રિકા મળી ગયેલ હોય તેઓને રીમાઈન્ડર આપવામાં આવેલ હતા.

**મંગળવાર તા. ૮-૭-૨૦૧૪ :** આવતી કાલ તા. ૯-૭-૨૦૧૪ના કાર્યક્રમના અનુસંધાને આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી પરબતભાઈ પટેલ, શ્રી હીરજીભાઈ જેઠાભાઈ પટેલ, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી સંદીપ મહેતા, શ્રી રાજેન્દ્ર મણીલાલ વસા, શ્રી પિયુષ રવિવાલ પારેખ, શ્રી ઉમેશ ચૌહાણ, શ્રી પારસ ચાવડા વગેરે કન્વેન્શન હોલ પર કાર્યક્રમ સ્થળે ગયેલ હતા અને સાઈટ એરેન્જમેન્ટની બધી વ્યવસ્થા ગોઠવેલ હતી.

આજ રોજ પણ તા. ૯-૭-૨૦૧૪ ના કાર્યક્રમના રીમાઈન્ડર ફોન અનેક મહાનુભાવોને કરવામાં આવેલ હતા.

**બુધવાર તા. ૯-૭-૨૦૧૪ :** આજ રોજ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ નં. ૨ ખાતે અષાઢી બીજ-કચ્છી નૂતન વર્ષ મિલન સમારંભ, સરસ્વતી સમારંભ તથા નવનિર્વાચિત કચ્છી ધારાસભ્યશ્રીઓના સન્માનનો એક કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ નં. ૨ ખાતે રાખવામાં આવેલ હતો. શરૂઆતમાં કચ્છી મિત્ર મંડળ, ગાંધીનગરના કલાકારોએ વર્ષાબેન મહેતાની દોરવણી મુજબ નૃત્ય વગેરેનો કાર્યક્રમ આપેલ હતો. ત્યાર બાદ વિવિધ ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ હતું. તે પછી શ્રી અનીલ વોરાના ગ્રુપે લોકગીતો ગાયેલ હતા અને છેવટે ઉપસ્થિત રહેલ કચ્છી મંત્રી તથા કચ્છી ધારાસભ્યશ્રીઓનું અતિથિ વિશેષશ્રીઓની ઉપસ્થિતિમાં સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમ બાદ સમૂહ ભોજનની મજા માણી રાત્રે ૧૦-૦૦ કલાકે સહુ છુટા પડેલ હતા. લગભગ ૭૫૦ થી ૮૦૦ ની સંખ્યામાં કચ્છીઓ ઉપસ્થિત રહેલ હતા.

**ગુરુવાર તા. ૧૦-૭-૨૦૧૪ :** રોજ ગઈ કાલના કાર્યક્રમના અનુસંધાને વિવિધ મહાનુભાવોને આભારના પત્રો લખવામાં આવેલ હતા.

# એવમ્ અમદાવાદ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : મહિલા ઉત્કર્ષ સમિતિ




વર્ષ ૨૦૧૪-૧૫ના શ્રી કચ્છી સમાજ અમદાવાદના માનનીય પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાના નેતૃત્વ હેઠળ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી. શ્રી કચ્છી સમાજના ઘેઘુર વૃક્ષની એક નમણી નાજુક ડાળી એટલે કે શ્રી કચ્છી મહિલા ઉત્કર્ષ સમિતિ પણ રચાઈ. તેના અન્વયે શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહની રાહબારી અને કન્વીનર પદની નિયુક્તિ કરાઈ. આ માટે કચ્છી મહિલાઓમાં નવી જાગૃતિનો પ્રસાર કરવા તથા કચ્છી માડુને એક સૂત્રમાં ગઠીત કરવા આ સમિતીની અન્ય સભ્યોએ પોતાનું યોગદાન આપવાની તૈયારી બતાવી. જેમાં Fellowship ફેલાવવા જોડાયા શ્રી કચ્છી સમાજના અલગ ઘટક સમાજના બહેનો જે (૧) શ્રીમતી શિલ્પી શાહ - 'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસો.ના ભૂતપૂર્વ પ્રમુખ તથા ત્રણ ટર્મથી શ્રી કચ્છી જૈન સેવા સમાજના કારોબારીના મહિલા સભ્ય તથા વર્ષ ૨૦૧૪-૧૫ ના કચ્છી સમાજના મહિલા કારોબારી સભ્ય (૨) શ્રીમતી લીલાબેન વિસરિયા - જેઓ Honorary Professor Gujarat Institute of Development Research, Ahmedabad (૩) રેખાબેન પટેલ - કચ્છ કડવા પાટીદાર મહિલા સમાજ - પ્રમુખ (૪) પ્રતિમા શાહ - જૈન જાગૃતિ સેંટર લેડીઝ વિંગ - માંડવી (કચ્છ) ફાઉન્ડર પ્રેસીડન્ટ (૫) ચારૂબેન રંગવાલા - કચ્છી લોહાણા સમાજના અગ્રેસર મહિલા (૬) મનીષા મહેચા - ઉત્સાહી કાર્યકર તથા બહારગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે P.G. ચલાવનાર (૭) જયશ્રીબેન ચૌહાણ - પ્રમુખ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહિલા મંડળ (૮) વર્ષાબેન મહેતા - અગ્રણી કાર્યકર-ગાંધીનગર (૯) સ્મિતા વિશાલ શાહ - અગ્રણી કાર્યકર શ્રી કચ્છી જૈન સમાજ-અમદાવાદ

રચનાત્મક કાર્યો કરવાના શુભ આશય સાથે તા. ૩૦-૬-૨૦૧૪ના સોમવારના નેસ્લે પ્રોડક્ટનું ડેમોન્સ્ટ્રેશન યોજાયેલ આ કંપનીના પ્રતિનિધિ તરીકે પ્રીતીબેન આવેલ કે જેઓ ૨૦ વર્ષથી કુકીંગ ક્ષેત્રમાં છે.

આ કાર્યક્રમની જવાબદારી સમિતીના સભ્ય શ્રીમતી ચારૂબેન રંગવાલાએ સ્વેચ્છાએ સ્વીકારેલ. કાર્યક્રમની શુભ શરૂઆત કન્વીનર શિલ્પીબેને હૃદયના ભાવથી સૌને નવા વર્ષની વધામણી આપીને આવકારેલ. આ પ્રોગ્રામની વિશિષ્ટતા એ હતી કે તન, મન અને સમયથી સર્મપિત સમિતિની બહેનોની Mouth to Mouth જાહેરાત રંગ લાવેલ અને ખૂબ બહોળી સંખ્યામાં બહેનો પધારેલ જગ્યા નાની પડી કે ખુરશીઓ ખૂટી પણ બહેનોએ ઊભા રહીને પણ આ કાર્યક્રમ માણેલ.




પ્રીતીબેન વર્તમાન સમયની માંગ મુજબ ઓછા સમયમાં અને પૌષ્ટિક વાનગીઓનું ડેમોન્સ્ટ્રેશન તથા પત્રમ પુષ્પમની જેમ બધાને ચખાડી હતી. તેમના વ્યક્તિત્વ અને સૌજન્યશીલતા તેમજ ટીમવર્કને સહુ પ્રભાવિત થયેલ. ડેમોના કાર્યક્રમ બાદ કાઉન્ટર પરથી નેસ્લે પ્રોડક્ટની ખરીદી કરી બધા છુટા પડેલ.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ નવા બનેલા સભ્યોની યાદી

### માનદ્ સભ્ય

- શ્રી અમીત ભવાનજીભાઈ પટેલ (રવિ એન્ટરપ્રાઈઝ) -

### આજીવન સભ્યો

- શ્રી વિપુલકુમાર ઈશ્વરભાઈ નાકરાણી
- શ્રી હસમુખ મણિલાલ ગરમાણિયા (શાહ)
- શ્રી રમેશભાઈ વિશ્રામભાઈ લીંબાણી
- શ્રીમતી નયનાબેન વિજયભાઈ મિસ્ત્રી (ચૌહાણ)
- શ્રી વિજયભાઈ ભીમજીભાઈ મિસ્ત્રી (ચૌહાણ)
- શ્રી શશીકાંત કરશનભાઈ પિંડોરીયા
- શ્રી જયેશભાઈ પ્રાગજીભાઈ કોટડીયા (શાહ)
- શ્રી અરજણભાઈ કરશનભાઈ પટેલ
- શ્રી હસમુખ શાંતિલાલ મહેતા
- શ્રી કમલેશભાઈ પરસોત્તમદાસ ઠક્કર
- શ્રી સ્વર દિગંત શાહ
- શ્રી ધિરેન હરિશચંદ્ર બૂચ
- શ્રી ડાહ્યાભાઈ રતનશીભાઈ રૂડાણી
- શ્રી દેવેન્દ્ર નરેન્દ્ર ઠક્કર
- શશીકલાબેન અમરસિંહ રાઠોડ
- શ્રી સતીષ કરશનભાઈ પટેલ
- શ્રી શિવલાલ પ્રભુરામ પુજારા
- શ્રી દર્શિત પ્રભુલાલ પરમાર
- શ્રી તુલસીભાઈ ખીમજીભાઈ પટેલ
- શ્રી નિતીન ભોગીલાલ શાહ
- શ્રી બાબુભાઈ મનજીભાઈ માકાણી
- શ્રી તુલસીભાઈ ગોપાલભાઈ ભગત
- શ્રી દિપક મુકુંદભાઈ ચાવડા
- શ્રી સંજય પ્રવિણચંદ્ર જોશી
- શ્રી કુમુદચંદ્ર શિવજીભાઈ ધોળુ
- શ્રી લખમશી લધાભાઈ સેંઘાણી
- શ્રી ચિરાગ મુકુન્દભાઈ ચાવડા
- શ્રી સુગમ અનિલ વોરા
- શ્રી જ્યોતિન્દ્ર રવિલાલ સંઘવી
- શ્રી જગદીશ કરશનલાલ દામાણી

**સૌ નવા સભ્યોને શ્રી કચ્છી સમાજ-અમદાવાદ આવકારે છે. – માનદ્ મંત્રીશ્રી**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ કચ્છશ્રુતિના નવા આવેલા લવાજમોની યાદી

### આજીવન

- શ્રી અમીત ભવાનભાઈ પટેલ
- શ્રી વિપુલકુમાર આઈ. પટેલ
- શ્રી હસમુખ મણીલાલ ગરમાણિયા (શાહ)
- શ્રી રમેશભાઈ વિશ્રામભાઈ લીંબાણી
- શ્રી અરજણભાઈ કરશનભાઈ પટેલ
- શ્રી લખમશી લધાભાઈ સેંઘાણી
- શ્રી ડાહ્યાભાઈ રતનશીભાઈ રૂડાણી (પટેલ)
- શ્રી સ્વર શાહ

### ૫ વર્ષ માટે

- શ્રી દિનેશ ભાણજી પટેલ
- શ્રી દેવેન્દ્ર નરેન્દ્ર ઠક્કર

### ૨ વર્ષ માટે

- શ્રી દિનેશ આર. મહેતા
- શ્રી કમલેશભાઈ પરષોત્તમદાસ ઠક્કર
- શ્રી દિપક ધીરજલાલ ગજરા
- શ્રી જયેશ ઠક્કર

- શ્રી સતીષ પટેલ
- શ્રી તુલસીદાસ ખીમજીભાઈ પટેલ
- શ્રી કુમુદચંદ્ર શિવજીભાઈ ધોળુ
- શ્રી ઉમેશ કરમશીભાઈ પટેલ
- શ્રી મનીષ નાનાલાલ જોશી
- શ્રી દિપક મુકુન્દભાઈ ચાવડા
- શ્રી મહેશ ગજરા
- શ્રી સુગમ અનીલ વોરા

## અભિનંદન

શ્રી કચ્છી સમાજ-અમદાવાદના પૂર્વ પ્રમુખશ્રી કૈલાસદાન કરણીદાન ગઢવીની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સમાં આમંત્રિત સભ્ય તરીકે વરણી થયેલ છે. જે માટે શ્રી કચ્છી સમાજ-અમદાવાદ પરિવાર તેમજ કચ્છશ્રુતિ પરિવાર હાર્દિક અભિનંદન પાઠવે છે.

## અભિનંદન

તાજેતરમાં મળેલ શ્રી કચ્છ કડવા પાટીદાર અમદાવાદ ઝોનની સામાન્ય સભામાં શ્રી બાબુભાઈ મનજીભાઈ માકાણીની ઝોનના પ્રમુખપદે સર્વાનુમતે વરણી થઈ તે બદલ શ્રી બાબુભાઈને હાર્દિક અભિનંદન.

## શ્રી નવયુગ યુવક મંડળ - નરોડાના નવા હોદ્દેદારોની વરણી

શ્રી નવયુગ યુવક મંડળ - નરોડાની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૨-૪-૨૦૧૪ને શનિવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે સમાજવાડીની ટેરેસ ખાતે મળી હતી. સૌ પ્રથમ સૌ સભાસદ ભાઈ-બહેનોએ રજીસ્ટ્રેશન કરી. રાત્રી ભોજન સાથે લઈ ત્યારબાદ સમાજવાડીની ટેરેસ ખાતે સભા શરૂ કરવામાં આવી હતી

શ્રી વિઠ્ઠલભાઈ ભાવાણીએ કાર્યક્રમની પ્રસ્તાવના આપીને યુવક મંડળના સભ્યોનું સ્થાન ગ્રહણ કરાવેલ. ત્યારબાદ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરેલ. શ્રી કિરીટભાઈ પારસીયાએ સભામાં પધારેલ સૌ ભાઈ-બહેનોને શાબ્દિક આવકાર આપીને સ્વાગત કર્યું.

મીટીંગના પ્રથમ પડાવમાં 'જીવન જીવવાની કળા' આ વિષય પર શ્રી શૈલેષજી દ્વારા પ્રકાશ પાડવામાં આવેલ. ત્યાર બાદ મિટીંગ ફરીથી શરૂ કરવામાં આવેલ. મંત્રી શ્રી ડૉ. વિપુલભાઈ છાભૈયા દ્વારા વિડીયો પ્રેઝન્ટેશન દ્વારા વર્ષ દરમ્યાન કરવામાં આવેલા પ્રોગ્રામોની ઝાંખી આપવામાં આવી. ત્યારબાદ સહમંત્રીશ્રી રમેશભાઈ છાભૈયા દ્વારા વર્ષ દરમ્યાનના પ્રોગ્રામોના લેખાજોખા રજૂ કરવામાં આવેલ. ખજાનચીશ્રી દિનેશભાઈ પોકાર તથા સી.એ. શ્રી પંકજભાઈ પારસીયા દ્વારા વર્ષના આર્થિક લેખાજોખા ખજાનચી રિપોર્ટમાં રજૂ કરવામાં આવ્યા. ત્યારબાદ પ્રમુખશ્રી નવીનભાઈ લીંબાણી વર્ષ દરમ્યાનના કાર્યક્રમો અંગેની ચર્ચા પ્રમુખ સ્થાનેથી કરેલ. ત્યારબાદ કાર્યવાહક નોમિનેશન કમિટીની નિમણુંક કરવામાં આવી જેમાં શ્રી હરજીભાઈ ભાવાણીના અધ્યક્ષ સ્થાને શ્રી હરેશભાઈ રામાણી, શ્રી જયંતિભાઈ તેજાણી, શ્રી ડૉ. વિઠ્ઠલભાઈ ભાવાણી તથા શ્રી મુકેશભાઈ ખેતાણી વગેરે સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ.

શ્રી હસમુખભાઈ સુરાણી દ્વારા સમાજ સેવા અર્થે શા માટે યુવક મંડળમાં જોડાવું જોઈએ તે અંગેનો પોઝીટીવ અભિગમ રજુ કરવામાં આવેલ. ત્યારબાદ સીએ. શ્રી પંકજભાઈ પારસીયાએ યુવક મંડળમાંથી નિવૃત્ત થતા સભ્યોની જાહેરાત તેમની આગવી શૈલીમાં કરી. નિવૃત્ત થતા સભ્યો આ મુજબ હતા પ્રમુખશ્રી નવીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખશ્રી મધુસુદનભાઈ લીંબાણી, સહમંત્રી શ્રી રમેશભાઈ છાભૈયા, ખજાનચી શ્રી દિનેશભાઈ પોકાર, સહખજાનચી શ્રી કિરીટભાઈ પારસીયા, પર્યટન મંત્રીશ્રી મહેશભાઈ ભાવાણી. ત્યારબાદ સામાન્ય સભા માટે ઓપન મંચ દરમ્યાન શ્રી કચ્છ કડવા પટેલ સમાજ-નરોડા મંત્રીશ્રી નાનજીભાઈ છાભૈયાએ યુવક મંડળના વર્ષ દરમ્યાનના કાર્યક્રમોને બિરદાવેલ તથા આજ પ્રમાણે ભવિષ્યમાં પણ સમાજ ઉપયોગી કાર્યો કરવા પર ભાર મૂકેલ. ત્યાર બાદ નોમિનેશન કમિટિ પાસે યુવક મંડળમાં નામ નોંધાવવા માટે આવેલ અરજીઓ પર ચર્ચા કરવામાં આવી. તે દરમ્યાન શ્રી શૈલેષજીએ પોતાના વિષય 'જીવન જીવવાની કળા' ઉપર વધુ ચર્ચા કરેલ. ત્યાર બાદ નોમિનેશન કમિટી દ્વારા આવેલ અરજીઓનું વિશ્લેષણ કરીને યુવક મંડળની નવી ટીમની જાહેરાત કરવામાં આવી જે આ મુજબ છે.

પ્રમુખશ્રી - વિપુલભાઈ રમણભાઈ પોકાર, ઉપપ્રમુખ શ્રી - હસમુખભાઈ ખેતશીભાઈ સુરાણી, મંત્રીશ્રી - ડૉ. વિપુલભાઈ હેમંતભાઈ છાભૈયા, સહમંત્રીશ્રી - રમેશભાઈ અરજણભાઈ છાભૈયા, ખજાનચીશ્રી - સીએ. પંકજભાઈ રમેશભાઈ પારસીયા, સહખજાનચીશ્રી - કિરીટભાઈ શાંતિલાલ પારસીયા, પર્યટનમંત્રીશ્રી - મહેશભાઈ કરમશીભાઈ ભાવાણી, સભ્યશ્રી - અશોકભાઈ કાંતિલાલ રંગાણી, મહેશભાઈ બેચરભાઈ છાભૈયા, હેમંતભાઈ દેવજીભાઈ છાભૈયા, રમેશભાઈ શામજીભાઈ માવાણી

# સંસ્થા સમાચાર

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિનો 'સેતુ' દશાબ્દી સમારોહ યોજાયો.

'સેતુ' ના દશ વર્ષના લેખાં-જોખાં સાથે 'સેતુના સંભારણાં' વિશેષાંકનુ વિમોચન તથા બે સત્રમાં શ્રેણી બદ્ધ કાર્યક્રમો યોજાયો.

આપણી જ્ઞાતિનું મુખપત્ર 'જ્ઞાતિસેતુ' દરેક જ્ઞાતિજનોના ઘરમાં પહોંચે, વંચાય, વહેંચાય તો જ આજના કચ્છી નવા વર્ષ-અષાઢી બીજના સપરમા દિવસે યોજાયેલ દશાબ્દી પ્રસંગ સાર્થક થયું ગણાય. આજના દબદબાભર્યા પ્રસંગે અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ગુજરાતીએ અધ્યક્ષ સ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે આજે 'સેતુ' વધારે જાણીતું અને માનીતું બન્યું છે એનું સૌ જ્ઞાતિજનોને ગૌરવ છે. આ ટાંકણે એમણે 'સેતુ'ને શુભેચ્છા પાઠવી તમામ સહકાર આપવા હૈયાધારણા આપી હતી.

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ તથા શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજના સહયોગથી ટાઉનહોલ ખાતે યોજાયેલા દશાબ્દી પ્રસંગે 'સેતુ'ના મુખ્યતંત્રી હંસરાજભાઈ કંસારાએ દશ વર્ષના 'સેતુ'ના લેખાં-જોખાં વર્ણવીને 'સેતુ' ની દસ વર્ષની સફરની સફળતાનો જશ સુજ્ઞ જ્ઞાતિજનો અને 'સેતુ'ની ટીમને આપી હર્ષની લાગણી વ્યક્ત કરતા વધુમાં જણાવ્યું હતું કે 'સેતુ'ના સંવર્ધનમાં ભુજ જ્ઞાતિનો સિંહફાળો છે. તેમાં ખાસ કરીને એમણે મહિલા મંડળની કામગીરીને વિશેષ બિરદાવી હતી.

આ પ્રસંગે 'સેતુ' પરિવારના આમંત્રણને માન આપીને ખાસ ઉપસ્થિત રહેલા કચ્છ યુનિવર્સીટીના પૂર્વ કુલપતિ અને જાણીતા સાહિત્યકાર ડૉ. કાંતિ ગોર 'કારણ' એ જણાવ્યું હતું કે આજે આપણે આપણા પૂર્વજોના નામો યાદ નથી રાખતાં પણ 'સેતુ'ના માધ્યમથી ૨૫-૫૦ વર્ષ પછીની આવનારી પેઢી આપણા વડીલોને યાદ કરીને ચોક્કસ ગૌરવ અનુભવશે અને એનો સઘળો યશ 'સેતુ' ને મળશે. આ પ્રસંગે એમણે સંસ્કૃત સુભાષિતો ટાંકીને આજની આ સભામાં વૃદ્ધોની હાજરીની સરાહના કરી હતી અને હંસરાજભાઈ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.

અતિથિ વિશેષ પદેથી ભુજ જ્ઞાતિન પ્રમુખ દિલીપભાઈ બગ્ગાએ 'સેતુ'ની દાયકાની સફરને બિરદાવીને જણાવ્યું હતું કે 'સેતુ'ના માધ્યમથી આપણે સૌ વધારે નજીક આવી શક્યા છીએ એટલે આપણે સૌ 'સેતુ'ના ગ્રાહકો નહી પણ લાણેદાર છીએ એ દ્રષ્ટિએ ભુજ તાલુકાના તમામ લાણેદારોને 'સેતુ' મંગાવવા અનુરોધ કર્યો હતો. વિશેષમાં હવેથી 'જ્ઞાતિસેતુ'નું લવાજમ સ્વીકારવા ભુજ જ્ઞાતિ ઓફિસ ખાતે વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. અતિથિ વિશેષ ભરતભાઈ સોની (નખત્રાણા) એ 'સેતુ'માં જાહેરાતો અને પ્રસંગોચિત શુભેચ્છા સંદેશાઓ આપીને 'સેતુ'નું આર્થિક પાસું મજબૂત કરવા અનુરોધ કર્યો હતો. અંજારના પૂ. કનકચંદ્ર ગોર તથા ભુજના સુમનભાઈ વ્યાસ એ આ પ્રસંગે આશીર્વાદ આપ્યા હતા.

'સેતુ' દશાબ્દી કાર્યક્રમમાં સવારના સત્રમાં ગ્રુપ ગોષ્ઠિ દ્વારા ત્રણ વિભાગમાં 'સેતુ'ના સર્વાંગી ઉત્કર્ષ માટે સમન્વય, સહયોગ અને સંવર્ધન વિષયના માધ્યમથી ગ્રુપના સભ્યોના સૂચનો મેળવી કન્વીનર હરિભાઈ વિસા પરમાર, લત્તાબેન સોલંકી તથા ચેતન બારમેડાએ બપોર પછીના સત્રમાં અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં મુખ્યત્વે 'સેતુ' દરેક ઘરોમાં પહોંચે એવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સેતુના સહયોગીઓ, દાતાઓ, લેખકો, કવિઓ વિગેરેનું 'સેતુ' પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ અંજાર જ્ઞાતિ દ્વારા આ ટાંકણે હંસરાજભાઈ કંસારાનું ખાસ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'સેતુ સંભારણા' દશાબ્દી વિશેષાંકનું વિમોચન મંચસ્થ મહાનુભાવોના હાથે કરવામાં આવ્યું હતું. ચિરાગ બુદ્ધભટ્ટી દ્વારા તૈયાર કરવામાં આવેલ 'જ્ઞાતિસેતુ'ની વેબસાઈટ વિશે વિશેષ માહિતી આપવામાં આવેલ છે.

શ્રી હિરાલાલ મોહનલાલ બગ્ગા (નખત્રાણા), પી. જી. સોની (દાસ), રાજેન્દ્ર બારમેડા (અમદાવાદ), બાબુભાઈ સોની (નલિયા), જયંતિભાઈ સાકરીયા (મુંબઈ), રાજેશ વિસા પરમાર (અંજાર), ભરતભાઈ બગ્ગા (ગાંધીધામ), કાન્તિભાઈ

પોમલ (કોઠારા), હરેશ બારમેડા (માંડવી) વગેરે મંચસ્થ રહ્યા હતા. આ પ્રસંગે શૈલેષભાઈ કંસારા (કચ્છમિત્ર), ચમનભાઈ કંસારા (ભચાઉ), ઈશ્વરભાઈ હેડાઉ, વિનોદભાઈ હેડાઉ (માંડવી), દિનેશભાઈ સોની (તલોદ), પ્રફુલભાઈ બારમેડા (રાયપુર), હેમેન્દ્રભાઈ કંસારા, મહેન્દ્રભાઈ પરમાર (દયાપર), હર્ષદભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી, સુનિલ માધવજી પોમલ, હસમુખ મૈચા (માધાપર), કિશોર દયારામ ચૌહાણ (શૈક્ષણિક ચેરમેન-ભુજ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા 'સેતુ'ના મનુભાઈ કોટડીયા (અમદાવાદ), અમૃતલાલભાઈ સોલંકી, નીતિન હેડાઉ, ઈન્દુભાઈ સોલંકી, રોહિણી બુદ્ધભટ્ટી, અરૂણાબેન બુદ્ધભટ્ટી, સુધા બુદ્ધભટ્ટી, જયશ્રી પરમાર, રાજેશ સોલંકી, બીપીન બુદ્ધભટ્ટી, મુકેશ બારમેડા, હિતેશ ધીરજલાલ, અનિલ છત્રાળા, રાજેન્દ્ર બુદ્ધભટ્ટી અને સંજય બુદ્ધભટ્ટી વગેરે સંભાળી હતી. આ પ્રસંગે વિવિધ સ્થળના જ્ઞાતિ સંસ્થાઓ, મહિલા મંડળો, યુવક મંડળોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદથી હોદ્દેદારો જયમીનભાઈ સોની, ગિરીશભાઈ સોની, રમેશભાઈ સોની, ઉદય પરમાર, કનુભાઈ બીજલાણી, પ્રશાંત બીજલાણી, ચંદર બારમેડા વગેરે ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભુજ જ્ઞાતિ યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી તથા તેમની ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન તંત્રીમંડળના અતુલભાઈ સોની (અમદાવાદ) તથા એકતા કટ્ટા (અંજાર)એ સંભાળ્યું હતું.

## આદર્શ અમદાવાદ : પથરીની દવા વિના મૂલ્યે

કિડની કે મૂત્રમાર્ગમાં થયેલી પથરી દૂર કરવા માટેની આ અસરકારક દવા છે. આ દવાનો કોર્સ કરનારા સંખ્યાબંધ દર્દીઓના કિસ્સામાં ૧૦૦ ટકા સફળતા મળ્યાના દાખલા છે. તદ્દન નિર્દોષ અને કંઈ પણ આડઅસર વગરની આયુર્વેદિક દવા છે. આદર્શ અમદાવાદ દ્વારા સેવાર્થે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. દર્દીએ દવા લેવા આવે ત્યારે તેમને થયેલી પથરી અંગેનો લેબોરેટરીનો તાજેતરનો રિપોર્ટ સાથે લાવવો જરૂરી છે. શ્રી નટવરલાલ પટેલ, મહીધરપુરા, સુરતના સહયોગથી પ્રાપ્ત થયેલી આ પથરીની દવાનું 'આદર્શ અમદાવાદ' દ્વારા અમદાવાદના વિવિધ વિસ્તારોમાં પણ વિનામૂલ્યે વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદના નગરજનોને પથરીના અસહ્ય ત્રાસમાંથી મુક્ત થવા માટે અમારા સ્વયંસેવક શ્રી મહેશભાઈ શાહ (મો. ૭૪૦૫૮૭૫૭૨૫) નો સંપર્ક કરવા અથવા આદર્શ અમદાવાદ ફોન : ૨૬૫૬૫૪૧૮, ૬૫૨૧૫૨૫૪) પર ફોન કરીને દવા મેળવી લેવા વિનંતી છે.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા યુવા પરિચય ડેટા બેંક સક્રીય રીતે કાર્ય કરી રહેલ છે. દર શનિવારે શ્રી કચ્છી જૈન ભવન ઉપર ૩.૩૦ થી ૫.૩૦ દરમ્યાન સમિતીનાં પ્રતિનીધીઓ આપનાર સભ્યોને ડેટા બનાવવાનું કાર્ય કરે છે.

જે સભ્યોને ડેટા બેંકનો લાભ લેવો હોય તેમણે સંસ્થાના નિયમ મુજબ જરૂરી ફોર્મ ભરી પોતાને યોગ્ય વિગતો મેળવી શકશે. સંપર્ક :- (૧) શ્રીમતિ અમીબેન શાહ - ૯૯૭૯૮૮૨૪૦૧ (૨) શ્રી જશવંતભાઈ કોઠારી - ૯૮૨૫૧૪૨૩૯૭

## લોકસેવા ટ્રસ્ટ દ્વારા IAS, UPSC, GPSC માટે ફ્રી કોચીંગનું આયોજન

વૈચારીક અભિયાન દ્વારા જનજાગૃતિનું કામ કરતી સંસ્થા લોકસેવા ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષથી IAS, UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિઃશુલ્ક તાલીમ અને માર્ગદર્શનનું કાર્ય કરવામાં આવે છે.

લોકસેવા IAS ટ્રેનીંગ સેન્ટરના કો-ઓર્ડીનેટર નિર્માતા નાકરાણીએ જણાવ્યુ હતુ કે અમારા ટ્રસ્ટ દ્વારા ૨૦૦૧ થી ૨૦૦૫ સુધીમાં સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની જાગૃતિ અને કારકિર્દી માર્ગદર્શન માટે સમગ્ર ગુજરાતમાં ટ્રસ્ટની તજજ્ઞ ટીમે ૧ લાખ કિ.મી.થી વધુ પ્રવાસ કરી હજારો યુવાનોને માર્ગદર્શન પુરુ પાડવાનું કામ કર્યું છે અને છેલ્લા ૧૧ વર્ષથી ગ્રેજયુએટ માટે યુવાનોને IAS, UPSC, GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. અમારો મૂળહેતુ છે કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં ભાગ લેતા થયા, આ માટે દર વર્ષે ૭ જુલાઈથી બીજા વર્ષમાં મે મહીના સુધી વીકએન્ડ બેચ દ્વારા તાલીમ આપવામાં આવે છે. ગુજરાતમાં અંડર ગ્રેજયુએટને આ તાલીમ આપવાનો પ્રારંભ લોકસેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. આ સંસ્થા દ્વારા જે યુવાનો તાલીમ લેવા માંગતા હોય તેમણે મો. ૯૭૨૩૩ ૩૬૪૮૨, ૯૪૨૬૬ ૦૬૪૮૩ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# ગાંધીનગર ગાથા

● વર્ષાબેન જે. મહેતા ●

## શ્રી ચંદ્રમણી શૈક્ષણિક અને સાંસ્કૃતિક ટ્રસ્ટ દ્વારા આયોજીત 'રંગારંગ' કાર્યક્રમ

દર વર્ષે ઉનાળુ વેકેશનમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન મહેતા દ્વારા બાળકો માટે સાંસ્કૃતિક શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ૧૦ દિવસ સુધી આ સાંસ્કૃતિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૦ બાળકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં બાળકોને કલાસીકલ ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, ભાંગડા નૃત્ય, રાસ-ગરબા, એકપાત્રીય અભિનય, નાટક, કરાટે વગેરની તાલીમ આપવામાં આવી હતી. જેમાં શ્રીમતી શિલ્પી મહેતા એ ભારે જહેમત ઉઠાવી હતી. શિબિરના સમાપન પ્રસંગે રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટેજ-શોમાં બાળકોએ તમામ આઈટમોની અદ્વિતીય રજૂઆત કરી હતી. આ પ્રસંગે કચ્છ મિત્ર મંડળના હોદ્દેદારો પાટનગર પ્રકાશના તંત્રીશ્રી ભરતભાઈ કવિ, કાઉન્સીલરશ્રી સુરેશભાઈ મહેતા, નિલેન્દુ વોરા, કવિ શરમાળ, પ્રજ્ઞાબેન જોશી, શ્રી એલ. જી. પંડ્યા સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રોત્સાહિત કરી વર્ષાબેનની પ્રવૃત્તિને બિરદાવી હતી. ભાગ લેનાર દરેક બાળકને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઈનામ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. પ્રજાપતિ જય, જાની વેદાંત, પંચાલ અનિરુદ્ધ, બારોટ નીકી વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી.

## નીકી ડેન્ટલ કેર - શુભારંભ : શુભેચ્છા

મૂળ કચ્છના હાલ ગાંધીનગર સ્થિત ડૉ. મિસીસ ડી. એ. રતાણીના સુપુત્રી ડૉ. નીકી રતાણીએ 'નીકી ડેન્ટલ કેર' હોસ્પિટલનો ગાંધીનગર ખાતે શુભારંભ કર્યો. આ પ્રસંગે શહેરના નામાંકિત ડોક્ટર્સ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ મિત્રમંડળના હોદ્દેદારોએ ખાસ હાજરી આપી હતી. ડૉ. નીકી રતાણીએ એક સાથે ત્રણ એવોર્ડ મેળવેલા છે. (૧) Best Student of the year (બાપુજી ડેન્ટલ કોલેજ, દાવનગરી) (૨) Late Dr. C. M. Prakash award, (૩) Prof. J. G. Kannappanvasuki award. ડૉ. નીકીને ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવે છે.

## લોકડાયરો

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ટાઉનહોલ સેક્ટર-૧૭ ખાતે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના લોકડાયરાના સાહિત્યકાર રાજભા ગઢવીએ સૌરાષ્ટ્રની ધરાની શૂરવીરતા - બલિદાન - સેવા - દેશભક્તિ વગેરેને લોકવાર્તાના સ્વરૂપમાં વણી લઈને રજુઆતની અનેરી શૈલીથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ લોકડાયરાના આયોજનમાં ગાંધીનગરની સેવાકીય સંસ્થા જુનીયર સીટીઝન કાઉન્સીલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ સંસ્થાએ સેવાકીય ૧૪ વર્ષ પુરા કરી ૧૫ માં વર્ષમાં પ્રવેશ કર્યો તેને આવકારવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છના સભ્યો તેમજ ગાંધીનગરની જાહેર જનતાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને માણ્યો હતો.

## નવા વર્ષની લાખ લાખ વધામણી

કચ્છી અષાઢી નૂતન વર્ષ નિમિત્તે ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ તરફથી બ્રહ્માણી હોલ, કડી કેમ્પસ, ઘ-૬ ખાતે સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. દિશા જોશી અને પ્રજ્ઞાબેન જોશીએ પ્રાર્થનાથી કરી હતી. ત્યારબાદ શ્રીમતી વર્ષાબેન મહેતાએ ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરી. કચ્છી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવી હતી. પ્રમુખશ્રી માવજીભાઈ રંગાણી એ આગામી કાર્યક્રમોની રૂપરેખા આપી હતી અને વધારેને વધારે કચ્છી ભાઈ-બહેનો કચ્છ મિત્રમંડળના કાર્યક્રમોમાં જોડાય તે માટેના સૂચનો રજૂ કરીને સર્વેને નવા વર્ષની મંગલકામના પાઠવી હતી. શ્રી શાંતિભાઈ ઘોઘારીએ પણ વધુને વધુ કચ્છી ભાઈ-બહેનો કાર્યક્રમોમાં ઉપસ્થિત રહે અને દરેક સમાજના કચ્છી ઘટકોના પ્રમુખ-મંત્રીશ્રીઓને મળી કચ્છ મિત્ર મંડળમાં જોડાય તેવું સૂચન કર્યું હતું. તેમજ નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. કચ્છી નવા વર્ષને વધાવવા માટે બાળકો અને બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં કુ. નંદીની મકવાણા, કુ. દિશા જોશી એ નૃત્ય રજૂ કર્યા હતા. માલી દર્શન, કુ. માલી સ્નેહા, કુ. અવની જોશીએ નાની નાની કૃતિઓ રજૂ કરી હતી. શ્રીમતી સરલાબેન ગોર, શ્રીમતી અંજનાબેન ગોર, શ્રીમતી કૌશલ્યાબેન ઘોઘારી પણ સુગમ સંગીત અને ભજન રજૂ કર્યા હતા. શ્રી નિલેન્દુભાઈ વોરા એ આભાર વિધિ રજૂ કરી હતી તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી જગદીશભાઈ ગોરે (કવિ શરમાળ) કર્યું હતું.

કાર્યક્રમના અંતે સૌને 'મેઘ લાડુ' આપવામાં આવ્યા હતા. અને બધાએ એકબીજાને મળી કચ્છી નવા વર્ષની લાખ લાખ વધામણી આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં કચ્છી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા વિશ્વ

• રેખાબેન શુક્લ-અમદાવાદ •

## ગૃહિણીઓની રોજીંદી ઘરગથ્થુ સમસ્યાઓનું સમાધાન

### પ્લાસ્ટીકના વાસણો

★ પ્લાસ્ટીકની બાલ્દી, ટબ વિગેરે ગંદા થઈ જાય તો તેને કેરોસીન વડે સાફ કરો, નવા જેવા જ લાગવા માંડશે.

★ પ્લાસ્ટીકની વસ્તુમાં લિસોટા પડી ગયા હોય તો મુલાયમ કપડાને પોલીસમાં પલાળી લિસોટા પર ઘસો, લિસોટા દૂર થઈ જશે.

★ પ્લાસ્ટીકના વાસણમાંથી હળદરના ડાઘ દૂર કરવા વાસણમાં ચણાના લોટની લૂગદી રગડો અને થોડી વાર પછી સુતરાઉ કપડાથી સાફ કરી લો.

★ કચરાની બાલ્ટીમાંથી દૂર્ગંધ દૂર કરવા બાલ્ટીમાં મીઠું ભભરાવી થોડીવાર ખુલ્લી રાખી દો.

★ પ્લાસ્ટીકતથા મેલેમાઈન ક્રોકરીને ઘઉંના લોટથી સાફ કરવાથી ખાદ્ય પદાર્થનાં પીળા ડાઘ દૂર થઈ જશે.

★ પીળી પડી ગયેલી પ્લાસ્ટિકની બોટલને સાફ કરવા તથા તેની પીળીશ દૂર કરવા તેમાં બટાકા નાખી થોડીવાર તેમાં પાણી ભરી રાખો અને પછીથી સાફ કરો.

### ક્રોકરી - નોનસ્ટિક વાસણો

★ મેલેમાઈન ક્રોકરી પર પડી ગયેલા ખાદ્ય પદાર્થોનાં ડાઘા સરળતાથી દૂર થઈ જશે.

★ ક્રોકરી પરથી ચા-કોફીનાં ડાઘ દૂર કરવા માટે ભીનાં કપડામાં થોડો ખાવાનો સોડા લઈ ડાઘા પર રગડી પાણીથી ધોઈ નાખો.

★ બોર્નચાઈના ક્રોકરી ઘણા વખત પછી વપરાશમાં લેવાની હોય ત્યારે તેને લીંબુની છાલ વડે ઘસી ધોઈ નાખો ક્રોકરી નવા જેવી ચમકી ઉઠશે.

★ ક્રોકરીને ચમકાવવા માટે મીઠા યુક્ત પાણી વડે સાફ કરો.

★ નોનસ્ટીક વાસણ સાફ કરવા માટે લીંબુના રસને ખાટાં દહીંમાં ભેળવી તેનાથી વાસણ સાફ કરો નોનસ્ટિક વાસણ ચળકી ઉઠશે.

★ નોનસ્ટિક વાસણમાંથી ડાઘા દુર કરવા એક કપ પાણી, અડધો કપ વિનેગાર અને બે ચમચા બેકિંગ સોડા નાખી દસ મિનીટ ઉકાળો.

★ ડ્રાયપેન જો બહુ ખરાબ રીતે દાઝી ગઈ હોય તો દાઝેલી જગા પર બેકિંગ સોડા છાંટી દઈ સહેજ ભીનું કરી દીધા પછી ત્રણ-ચાર કલાક સુધી એમને એમ રહેવા દીધા પછી લૂછી નાખો દાઝયાનાં ડાઘ લગભગ દૂર થઈ જશે.

★ ચિનાઈ માટીનાં વાસણ માંથી દુર્ગંધ દૂર કરવા માટે વિનેગાર (સરકા)નાં પાણીમાં પલાળી રાખો અને થોડીવાર પછી ધોઈ નાખો.

### કાળાશ

★ વાસણોમાં ખાદ્યપદાર્થ બળીને તળિયે ચોંટી રહે ત્યારે વાસણમાં થોડું પાણી ભરી તેમાં કાંદાના ટૂકડા નાખી પાણી ઉકાળી ઘસવાથી બળેલા ડાઘા સરળતાથી દુર થઈ જશે-પાણીમાં બેંકિંગ સોડા નાખીને ઉકાળવાથી પણ ડાઘા દૂર થઈ જશે.

★ વાસણ સાફ કરવાના પાવડરમાં મીઠું ભેળવી વાસણ સાફ કરવાથી પણ વાસણ બળીને કાળું પડી ગયું હશે તો તે ડાઘા દૂર થઈ જશે, વાસણ ચળકશે.

★ વાસણોનાં તળિયાનાં ભાગમાં ખરાં પાણીનો ક્ષાર જામી ગયો હોય તો એ દૂર કરવા સરકો તથા પાણી સપ્રમાણ ભેળવી ભરી દો અને બાર કલાક પછી વાસણ સાફ કરો.,

★ વાસણમાં ચીકાશ રહી ગઈ હોય, તો વાસણમાં સુકાઈ ગયેલ પાઉંને ફેરવો, વાસણમાંની ચીકાશ શોષાઈ જશે.

★ બળેલા વાસણની કાળશ દૂર કરવા તેનાં પર મીઠું ઘસો.

★ ચૂલો કે ઓવન સાફ કરતી વખતે થોડો સોડા નાખી સાફ કરવાથી, હળદર, ઘી કે તેલના ડાઘા દુર થઈ જશે અને વાસણ ચમકવા લાગશે.

★ વાસણમાં પદાર્થની વાસ બેસી ગઈ હોય તો તેને વિનેગારથી સાફ કરો.

★ વાસણ ઘસવાથી હાથમાં પડી ગયેલી કાળાશ દૂર કરવા હાથે લીંબુનાં છોતરાં ઘસો, તેનાથી નખ તથા કણી પરની કાળાશ પણ દુર થશે.

★ ચીકણાં વાસણ સાફ કરવા માટે મીઠાવાળા કરી ઘસો અને ધોતાં પહેલાં છાપાંથી લૂછી નાખો. આનાથી વધારાની ચીકાશ નીકળી જશે અને વાસણ સહેલાઈથી ધોઈ શકાશે - આને માટે લોટનો પણ ઉપયોગ કરી શકાય.

## ખાણું તૈયાર કરતી વખતે - રસોઈ બનાવતી વખતે શું ધ્યાનમાં રાખશો ?

★ શાકમાં ખટાશ નાખવી હોય તો શાક રંધાઈ ગયા પછી નાખો.

★ શાકનો રંગ લાલ કરવા માટે શાકમાં લાલ મરચું વધારે ન નાખો, પણ બે-ત્રણ મરચાંને ભીંજવી વાટીને નાખવાથી સાકમાં લાલ રંગ આવી જશે.

★ રસોઈ બનાવતી વખતે તેલ વધુ ગરમ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું, તેલ વધારે ગરમ થઈ જશે તો તેનો સ્નેહ અંશ - ચિકાશ દૂર થઈ જશે.

★ શાક બનાવવા મસાલા શેકતી વખતે તેમાં એક ચમચી દહીં નાખવાથી શાક વધારે સ્વાદિષ્ટ બનશે.

★ શાકને વધારે ટેસ્ટી બનાવવા માટે તેમાં કાળા મરી નાખો.

★ લીલા પાંદડાં વાળી ભાજી રાંધતી વખતે, ભાજી છેક છેલ્લે રંધાઈ જાય ત્યારે તેમાં મીઠું નાખવું, જેથી વધારે મીઠું પડી જવાની શક્યતા ન રહે.

★ રસાદાર શાકમાં વઘાર કરતી વખતે એક ચમચો ચણાનો લોટ નાખવાથી રસો ઘટ્ટ બનશે, શાક પણ સ્વાદિષ્ટ બનશે.

★ શાક રાંધતી વખતે ઓછામાં ઓછું પાણી નાખી શાક રાંધવું તેમજ શાક ધીમા તાપે રાંધવું, વધુ પડતા તાપે રાંધવાથી શાકના પોષકતત્વો નાશ પામશે. શાક પ્રેસરકુકર અથવા વરાળમાં રાંધતી વખતે પણ ગેસનો તાપ ધીમો રાખવો.

★ શાક દાળ કે ગ્રેવીનો રંગ લાલ રાખવા માટે, છેલ્લે વઘાર કરતી વખતે તેમાં લાલ મરચાંની મૂઠ્ઠી માખવી.

★ શાક બાફતી વખતે તેનો રંગ ફિક્કો ન પડી જાય તે માટે બાફવાનાં પાણીમાં બે ચમચી દૂર ભેળવી શાકમાં નાખવાથી શાકનો રંગ લીલોછમ રહેશે.

★ શાક રાંધતી વખતે બેકિંગ સોડાનો ઉપયોગ કરવાથી વિટામીન-સી નાશ પામે છે.

★ કોઈપણ શાકમાં સીંગદાણાનો ભૂકો નાખવાથી શાકનો સ્વાદ વધવા ઉપરાંત શાક ઘટ્ટ રસાવાળું બનશે.

★ કોઈપણ શાક બનાવતી વખતે તેમાં થોડી સાકર નાખવાથી શાકનો રંગ ફિક્કો નહીં પડે.

★ દાળ-શાક બની ગયા બાદ ઉપરથી તેલનો વધાર કરવાથી તેલ તો ઓછું વપરાશે જ, તેલ તરતું પણ દેખાશે.

★ બહાર ફરવા જવાના હોઈએ ત્યારે સાથે શાકભાજી પણ લઈ જવાના હોય તો શાકનો મસાલો સાંતળતી વખતે તેમાં થોડો વિનેગાર ભેળવી દો એનાથી શાક સ્વાદિષ્ટ લાગશે અને જલ્દી બગડશે પણ નહિં.

★ વઘાર કરતી વખતે રાઈ તતડીને બહાર ન ઉડે તે માટે રાઈને તેલ લગાડીને શીશીમાં ભરી રાખવી અને તેનો ઉપયોગ કરવો.

★ શાકભાજીને મીઠાવાળા પાણીમાં બાફવાથી તેની સુગંધ જળવાઈ રહે છે.

★ શાક સુધારતા પહેલાં શાકને થોડીવાર સોડા ભેળવેલ પાણીમાં પલાળી રાખવાથી છાલ જલ્દીથી ઉતરશે.

★ ફળો કે શાકભાજીની છાલમાં પોષક તત્વો વધારે હોય છે તેથી છાલને બને તેટલી જાળવો ફળો કે શાકનાં ટૂકડાંને મોટાં ટીકડામાં સમારો.

★ તળેલું તેલ કાળું પડી જાય ત્યારે ફેંકી ન દેશો. તેમાં એક ચમચી સફેદ વિનેગાર નાખી, કઢાઈ ઢાંકી દઈ ધીમે તાપે ગરમ કરો અને તડ-તડ અવાજ બંધ થઈ ગયા પછી ઢાંકણ ખોલી નાખવું. હવે તેલ ચોખ્ખું થઈ ગયું હશે. આ તેલને ગાળીને ઉપયોગમાં લઈ શકશો.

## પ્રતિભાવ

● કચ્છશ્રુતિના અંકો એકથી એક ચડિયાતા અંકો આવે છે. સૂર્યકાન્તભાઈ ભટ્ટ તથા શતાબ્દિમાળાના શ્રી ભરતભાઈ ઠાકરના તથા આરોગ્ય, મહિલા વિદ્યા, કલરવ વિગતો પણ ધ્યાન ખેંચે છે. **– નેણસી મીઠીયા-ભુજ**

● વિવિધતા સભર લેખો કાવ્યો ગમે છે. જુન-૧૪ના અંકમાં શતાબ્દિ માળા-૧૪, બિઝનેસ ડિરેક્ટરીના લેખો ગમ્યા, હસ્તકલા વગેરેની પ્રાચીન, ઐતિહાસિક માહિતી આપી તે ગમે છે. **– દિલીપ આચાર્ય, મીનાક્ષી જોષી**

# કલરવ

• દિનેશ માંકડ •

## ટોક વિથ ટાબરિયા

નમસ્તે દોસ્તો, થોડા દિવસ પહેલી ભૂમિતના દાદા મારે ઘેર આવેલા, ખબર અંતર પૂછ્યા તો બિચારા નિરાશ થઈને બોલ્યા, બીજું બધું તો ઠીક, ભૂમિતને બારમાં ધોરણમાં ૪૭% આવ્યા એટલે સારી કોલેજમાં પ્રવેશ મેળવવાના ફાંફાં છે. મેં સાંત્વન આપ્યું, એ તો થોડા પ્રયત્ને ગમે તેમ ગોઠવાઈ જશે, તમે 'ચિંતા ન કરો' દાદાએ ફરી વ્યથા ઠાલવી, મને પહેલેથી તેની ક્ષમતાની ખબર હતી. તોયે ભૂમિતે પોતે અને તેના પપ્પાએ જીદ કરી - ને લાખો રૂપિયા ટ્યુશનમાં નાખ્યા અને પરિણામ તો આવવાનું હતું તે જ આવ્યું.

મિત્રો, પહેલી વાત આપણી ક્ષમતા - કેપેસીટી હોય તે જ લાઈન લેવી, કદાચ કોઈપણ લાઈન પસંદ થઈ તો પછી અમદાવાદી ભાષામાં કહીએ તો 'ઊંધા પડીને' મહેનત કરીએ અને સારાંજ પરિણામ લાવીએ દિવસ-રાત જોયા વગર અભ્યાસ કરીએ. અને ખૂબ જ ઊંચું પરિણામ લાવીએ. અત્યારના સમયમાં ટ્યુશન એક ફેશન થઈ છે. પ્રણાલી થઈ ગઈ છે. અગાઉના સમયમાં ભણવામાં ઠોઠ હોય તે જ ટ્યુશનમાં જતો. ટ્યુશનમાં જનારું બાળક, વર્ગમાં નીચે મોંએ બેસે ! ને અત્યારે કેજી. માંયે ટ્યુશન !

ભૂલકાં નવા વર્ષે નવા સંકલ્પ લેવાય 'પાં તો કચ્છી માડુ' 'કચ્છનું નવું વર્ષ' અષાઢી બીજથી શરૂ થાય. એટલે આપણે ગમે તે ધોરણ અને ગમે તે મીડીયમમાં ભણતા હોઈએ - મા-બાપ-વડીલો આપણે માટે શારીરિક, માનસિક અને આર્થિક રીતે મથે છે, તો આપણે યોગ્ય રીતે અભ્યાસમાં મહેનત કરીને તેમની આશા અને ધારણા કરતાં પણ ઊંચું પરિણામ લાવીએ, અને ખાત્રી છે કે કલરવના વાચક મિત્રો, એમ કરીને જ રહેશે.

## ગૌરવ ગાથા

આઝાદી પહેલા કચ્છમાં રાજાશાહી હતી, તેમાં અનેક રાજાઓ વિશિષ્ટ છાપ મૂકી ગયા છે. તેવા એક રાજા રાવ લખપતજી અદ્વિતીય હતા. તેઓ કલાપ્રિય, તો એવા કે ન પૂછો વાત, કાવ્ય રસિક, શિલ્પ, સંગીત, સ્થાપત્ય અને વાસ્તુકલામાં જબરા જ્ઞાતા હતા. એટલે તેમને મેઘધનુષી રાજા તરીકે ઓળખી શકાય. કચ્છે અનેક ક્ષેત્રમાં પહેલ કરી છે. તેમાં ભારતભરમાં સૌપ્રથમ વ્રજભાષા પાઠશાળા સ્થાપવાનું શ્રેષ્ઠ રાવ લખપતજીને જાય છે. ૧૭૪૯માં મહારાવે કાવ્ય શાળાની સ્થાપના કરી. કવિઓ સર્જવા માટે કદાચ આ વિશ્વની પ્રથમ સંસ્થા હતી. ગુજરાતના ખ્યાતનામ કવિ નાનાલાલથી માંડીને અનેક કવિ લેખકોની સાહિત્ય સરવાણી અહીંથી પાંગરી છે.

તેમના દ્વારા ભુજમાં અનેક સ્થાપત્ય વિદ અને કારીગરીને સાથે રાખીને બનાવાયેલો આયના મડેલ તેમની શિલ્પ સ્થાપત્ય પ્રત્યેની સૂઝ અને કદરનું દર્શન કરાવે છે.

તેમણે સ્થાપેલ ગામ લખપત અને લખપતનો કિલ્લો દુર્લભ ઐતિહાસિક સ્મારક ગણાય છે. કચ્છી નવા વર્ષે આ બહુમુખી પ્રતિભાના મહારાવને સ્મરણાંજલિ.

## શું તમે જાણો છો ?

વરસાદી ઋતુ છે, અને આકાશ મોટે ભાગે વાદળછાયું રહે છે. વાદળ ત્રણ પ્રકારના હોય છે. (૧) ૧૭૦૦૦ થી ૪૫૦૦૦ ફૂટ ઉંચા વાદળાં-સિરમ (૨) ૭૦૦૦ થી ૨૩૦૦૦ ફૂટ મધ્યમ વાદળ - આલ્યો ક્યુમ્યુલસ ૩. ૭૦૦૦ ફૂટ થી નીચા વાદળા સ્ટેટસ કહેવાય છે. એતો તમને ખબર છે જ સૂર્યની ગરમી થી પૃથ્વી પરના પાણી જલબાષ્પ વરાળ થાય - તે ઉંચે ચઢેને વાદળાં બંધાય ત્યાં જલબાષ્પ ઠંડી થાય, ત્યારે હવામાં રહેલી ભેજ પાણીના ટીપામાં પરિવર્તન પામે હવાનું દબાણ એકાએક ઘટે તો પણ વરસાદ પડે. વાતાવરણમાં વૃક્ષો-જંગલો વધુ હોય તો તેજ ડરે, કે પછી વાદળાંઓને પર્વતો રોકે તો વરસાદ પડે. આપણાં કચ્છમાં વૃક્ષો-જંગલો પણ ઓછાં ને ઊંચા પર્વતોય ઓછા. એટલે જ તો કચ્છમાં કોટિવૃક્ષ અભિયાન ચલાવવાની જરૂર છે.

## Health is Wealth

વરસાદી મોસમમાં નહાવાની તો મજા પડે જ ને ? કુદરતી પાણીથી સ્નાન કરવું જ જોઈએ અને કરવાનું જ. ડરવાનું જ નહીં ! ક્યારેક શાળાએ જતાં કે શાળાએ થી પરત આવતાં તો ઓચિંતા પલળી જવાય, તેની મજા તો કંઈક ઓર જ છે નહીં ! પણ ઘરમાં આવ્યા પછી ખાસ તો પગને ચોખા પાણીથી ખાસ ધોવા જોઈએ. કારણકે બહારના

રસ્તાના પાણીમાં અનેક રોગના જંતુઓ હોવાના. માથું પણ તરત જ લૂછવું જ, ક્યારે શાન્તિલાલને શરદી થાય તે કહેવાય નહીં, ટૂંકમાં મેધરાજાને માણવા તો ખરા જ, આવીને ચોખ્ખા પણ તરત જ થવાનું ભુલાય નહીં.

## મગજ કસો, નહી તો ખસો.

● ૧૫૨૨૦૭ × ૫૩ = ૧૧૧૧૧૧૧૧ (આઠ એકડા)

૧૫૨૨૦૭ × ૫૩ × ૨ = ૨૨૨૨૨૨૨૨ (આઠ બગડા)

આ રીતે, ૩, ૪, ૫... વડે પણ ગુણી શકાય તમે પણ આવી નવી કોઈ સંખ્યા પણ શોધી શકો.

**- ડૉ. બી. એચ. હાથી**

● ઘરમાં નવી સાયકલ આવી. પ્રદિપ અને દિપક બંને ભાઈઓ પહેલે દિવસે કોણ કેટલી ચલાવે ? પપ્પાએ રસ્તો કાઢ્યો. ગલીના નાકે થી ૧થી૧૦ થાંભલા સુધી પ્રદિપ ને પછી વીસમા થાંભલા સુધી દિપક ચલાવે. બંને સંમ્મત થયા. દરેક બે થાંભલા વચ્ચે અડધા કિલો મિટરનું અંતર હતું. પ્રદિપે પહેલાં થાભલાથી શરૂ કરી અને પછી દિપકે દસમાં થાંભલાથી વીસમા થાંભલા સુધી. બંને જણે વ્યક્તિગત કેટલા કિલોમિટર સાયકલ ચલાવી ?

● તરત જવાબ આપવાનો છે. એક ભરવાડ પાસે બાર ઘેટાં હતાં. તેમાંથી પાંચ સિવાયના ઘેટાં નાસી ગયાં. તો તેની પાસે બાકી કેટલાં ઘેટાં રહ્યાં હશે ?

## હસ્યા તો ફસ્યા

● જુના વખતમાં કચ્છ રાજ્યને પોતાનું અલગ ચલણ હતું. સોના, ચાંદી, તાંબા અને લોખંડથી બનતા ચલણના નામ પાંચિયો, કોરી, ઢીંગલો, દોકડો, ત્રાંબિયો, વગેરે હતાં. એમાં ઢીગલો ( આશરે ત્રણ પૈસા ) બાળકોને ખૂબ પ્રિય દેશ આઝાદ થયો, ચલણ બદલાયાં એટલે બાળકોનો ઢીંગલો ખોવાયો-વાંચો આ અદ્‌ભુત રમુજી કચ્છી કવિતા.

**ઢીંગલો**

ઢીંગલો કિડાં વ્યો રે માડી ઢીંગલો કિડાં વ્યો ?
હાથી જે પેર જેડો, ઢીંગલો કિડા વ્યો ?
ઢીંગલે જા ઢેર મૂકે બેર ગિની ડે,
પાવર જા પકા પીલુ હેર ગિની ડે.... ઢીંગલો..
ડોકડેંજી જા શેર મુકે જામ ગિની ડે,
તાંબિયેજી તેં મથેં ભધામ ગિની ડે.... ઢીંગલો..
ડોકડેંજી ખારકું, ખજુર ગિની ડે,
તાંબિયેજી ભૂતડા જરૂર ગિની ડે.... ઢીંગલો..
ડોકડે ડા ડારિયા, કુટેવ ગિની ડે,
તાંબિયેજા કુલા તું કુલેલ ગિની ડે.... ઢીંગલો..
ઢીંગલેજા લાલ તું લિયાર ગિની ડે,
ઢીંગલો ન તે તતાં, ઉધાર ગિની ડે.... ઢીંગલો..
- માનો જવાબ
ઢીંગલો હલ્યો વ્યો રે, પુતર ઢીંગલો હલ્યો વ્યો ?
ઢીંગલે જી જાન મથે આનું અચી વ્યો...

**- કવિ શ્રી દુલેરાય કારાણી**

## માંડવી તારી અસ્મિતા

રળિયામણું શહેર તે માંડવી
સુવર્ણ નગરી તે માંડવી
દરિયાના પાણી તાર પર પગ પથારે
નદીની વીરડીના નીર તરસ છીપાવે
ઊંચે આકાશે કુંજલડીના તોરણ
કોલયડીના ટહુંકા આંબલીયાની ડાળે
પાદરે તારા પક્ષીઓના સુરીલાનાદ
ગાવલડીના ધણના ઘંટડીના રણકાર
સંગીત રહેલાય સવારને સાંજ
પાલવડે તારું રળિયામણું સૌંદર્ય
શીત લહેર તારી ભૂમિ પર
કાળી ચમકતી દરિયાની રેત
ઝાકળ બિંદુ તારી ધરતી પર
હરિયાળી તારા ખેતરને વાડીમાં
દહેરાસર મંદિરમાં ઘંટના નાદ
મસ્જિદમાં મુલ્લાની બાંગનો નાદ
પવિત્ર ઝરણું મૈત્રીભાવનું તારા બાલુડામાં
દાનવીરના દાનથી ભિક્ષુકો ધરાતા
કૂતરાને રોટલાને ગાયને ઘાસ
દિલાવર છે માંડવીના દાતા
સેવાના સમ ખાઈને ખમીર વંતા તારા બાલુડા
ઉત્સવોની હારમાળા હરખેરે ઉજવાય
ખોવાયેલા દિવસોની યાદમાં અલ્કા હરખાય.

**- અલ્કા એ. સંઘવી**
**મણીનગર**


-: With Best Compliments From :-
RADHA VALLABH GROUP
THE NAME SAYS IT'S ALL
BONAFIDE BROKERS
138/2, KABUTAR KHANA, KALUPUR CHOKHA BAZAR, AHMEDABAD-380 002.
PHONE : (O) 079-22124412, 079-22120234, 079-22160418.
CHAMANBHAI : (R) 079-22865419 • NILESHBHAI : (M) 9825070719
NELCO AGENCY
137/2,KABUTAR KHANA, KALUPUR CHOKHA BAZAR, AHMEDABAD-380 002.
AMITKUMAR : (M) 9879024849
ARYAN AGENCY
CHAMANBHAI : (M) 9925070719
JAYA MARKETING
HIRENKUMAR : (M) 9879997777

**Manufacturers and Exporters of**

- Guar Gum Powder • Rice Flour
- Spices - Whole and Ground
- Cassia Tora
- Edible Salt (Refined and Vaccum Evaporated.)

**All Products KOSHER, HALAL and HACCP Certified**

## SWASTIK GUM INDUSTRIES (INDIA)

An ISO 22000:2005 Company
**Contact Person : Mr. Mohan Kataria.**
Mobile : +91 98250 17563

**Address :**
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad,
Gujarat - 382415. India. Phone : +91-79-2290 0063/64,
Fax : +91-79-2290 0065 • E-mail : swastikgum@vsnl.com
Visit us at : www.swastikgum.com

UMA SALES

# UMA SALES

## The Electronics Hub...

**Naranbhai P. Patel**
**Govindbhai P. Patel**
**Bhavanbhai P. Patel**
**Shaileshbhai P. Patel**

**78-79-80, 4D Square,**
**Visat-Gandhinagar Highway,**
**Nr. D-Mart, Opp. IIT Collage,**
**Motera, Ahmedabad - 380005**

**Ph. 079 - 40099933 (M) 9426186514**
**Email - umasales4d@gmail.com**



# વતનના વાવડ

• સંકલીત •

## મને કચ્છના રણમાં દાદા મેકણ બનાવો.... ઉપેન્દ્ર ત્રિવેદી

'કચ્છને ઓસ્કારમાં જવું હોય તો બાય રોડ નહીં પણ બાય રણ જવાય અને એ માટે દાદા મેકણ એક એવું પાત્ર છે જે કચ્છને વિશ્વવિખ્યાતિ આપી શકે.' એવી વાત ગુજરાતી મેગા સ્ટાર ઉપેન્દ્ર ત્રિવેદીએ કચ્છમિત્ર ભવનની મુલાકાતે આવ્યા ત્યારે માંડેલી ગોઠડીમાં ઉચ્ચારી હતી.

તા.૨૯-૬ના કચ્છી નવા વર્ષ અષાઢી બીજની સાંજે ૭-૩૦ કલાકે ભુજના અદાણી હોલમાં કચ્છમિત્ર દ્વારા ગુજરાત સંગીત નાટ્ય અકાદમીના સહયોગથી યોજાનારા અભિનવ એકપાત્રીય પ્રયોગ રતન ગિય રોળના મંચન મટે આવેલા અભિનય સમ્રાટે સાંજે કચ્છ મિત્ર ભવનની મુલાકાત લીધી હતી. દાદા મેકણની ભૂમિકા ભજવવાની અંતરની ઈચ્છા વ્યક્ત કરી હતી.

ગુજરાતી ફિલ્મોની હાલની સ્થિતિ વિશે પ્રકાશ પાડતા તેમણે કહ્યું હતું કે આવી સ્થિતિ દરેક ક્ષેત્રમાં આવે છે. પેઈન્ટિંગના ક્ષેત્રે પણ લિયોનાર્દો દ વિન્ચી અને વાન-ધ-ગોગાના ગયા પછી શું કરવું એવી સ્થિતી સર્જાઈ હતી. ગુજરાતી ચિત્રપટનો સુવર્ણ યુગ કેમ આથમ્યો તેની વધુ વાત કરતાં કહ્યું હતું કે અવિનાશ વ્યાસ, રવિન્દ્ર દવે, નારાયણ રાજગોર, રમેશ મહેતા જેવા પાત્રોની વિદાય ખુદ પોતે ઉપરાંત સ્નેહલતા, અરવિંદ ત્રિવેદી જેવા કલાકારોની નિવૃતિ પછી ટીમ વિખેરાઈ ગઈ છે. તેમણે આ તબક્કે કચ્છના લોકકલાકાર વેલજીભાઈ ગજ્જરની વિદાયનું દુઃખ વ્યક્ત કર્યું હતું. એક ગાળો એવો આવ્યો જ્યારે હિન્દી કલાકારો ગુજરાતી ફિલ્મોમાં આવ્યા કેમકે ત્યાં કામ નહોતું અને અહીં મહત્વ મળ્યું પરંતુ ફરી તક મળી એટલે ચાલ્યા ગયા. તેમણે ગુજરાતી ફિલ્મોનો ઉપયોગ સીડીના પગથિયા જેવો કરવા સાથે આડકતરો વાંધો દેખાડતાં કહ્યું કે ઉપેન્દ્ર ત્રિવેદીને જન્મભૂમિ ગુજરાતનું કિર્તન કરવું હતું એટલે જ અહીં રહ્યા. એમણે કહ્યું કે મારી કારકિર્દીના આરંભે બે રસ્તા સામે આવ્યા હતા. એક હતો હિન્દી ફિલ્મોનો રાજમાર્ગ પણ મેં બીજો રસ્તો પસંદ કર્યો. આ રસ્તે બહુ ઓછા માણસો જતા હતા પણ મેં ત્યાં પણ રસ્તો કંડાર્યો. તેમણે આટાંકણે એવુંય ઉમેર્યું કે ફિલ્મોમાં વસ્તુ, ઘટના કે દ્રશ્યો એજ હોય છે માત્ર ભાષાનો ફરક પડે છે. ગુજરાતી ભાષા માટે પ્રીતી હોય અને જેને હિન્દી ફિલ્મોમાં ન જવું હોય તેવા કલાકારોની ગુજરાતી ફિલ્મઉદ્યોગમાં ખોટ છે.

આ ગોઠડીમાં કચ્છ સાથેના ઋણાનુબંધની વાત કરતાં કહ્યું કે ગુજરાતમાં ફિલ્મ ક્ષેત્રે પ્લેટીનમ યુગ લાવવો હોય તો દાદા મેકણ પર ફિલ્મ બનાવવી જોઈએ. તેમણે સાથે એવુંય ઉમેર્યું હતું કે, મારી ઉંમરને અનુરૂપ પાત્ર છે. માત્ર આ ફિલ્મ કચ્છને જગપ્રસિધ્ધ અપાવી શકે તેવી તાકાત ધરાવે છે. અત્યારે કચ્છ ફિલ્મ માટે આકર્ષણનં કેન્દ્ર બન્યું છે. ત્યારે એવી વાત કરતાં અભિનય સમ્રાટે કહ્યું કે કચ્છ ફિલ્મઉદ્યોગ માટે વર્જિન લેન્ડ છે પણ ત્યાં શું શું થાય છે તે જોવું જોઈએ. કચ્છને પુરેપુરું ઓળખ્યા વગર રજૂ કરાય છે તે સામે ખેદ વ્યક્ત કર્યો હતો.

નરસિંહ મહેતાની પ્રખ્યાત ઉક્તિ બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસેને કળા સંદર્ભે બખૂબી રજુ કરતાં રસપ્રદ વાત કરી હતી. તેમણે ઉદાહરણ આપતાં કહ્યું કે પ્રેક્ષકોને ખબર છે કે માલવપતિ મુંજ ખરેખર તો ઉપેન્દ્ર ત્રિવેદી છે, એટલે જો તેનું ખૂન થાય તો પોલિસ ફરીયાદ થતી નથી. ઉલટું પ્રેક્ષકો રડે છે કેમ કે તેમનેય ખબર છે કે આ અભિનય છે અને અભિનેતાનેય ખબર છે કે પાત્ર ભજવે છે. છતાં કલાકારોની સ્થિતિ સરોગેટ મધર જેવી હોય છે. તેમણે એક પાત્રને જન્મ આપી પ્રેક્ષકોને સોંપી દેવાનો હોય છે. પણ એથી તેનો તેના સંતાન સાથે નાતો તૂટતો નથી. પણ બીજા પુત્ર માટે ખાલી જગ્યા કરવી પડે છે.

આજે બોલીવૂડમાં જૂની ફિલ્મોની રિમેક બનાવવાનો ટ્રેન્ડ ચાલે છે તો શું ગુજરાતીમાં તમારી ફિલ્મોની રિમેક ન થઈ શકે એવી વાત નીકળતાં જ ઉપેન્દ્રભાઈએ તેમાં મૌલિકતાનો અભાવ હોવાનું કહેતા હળવાશથી કહ્યું કે મારી કેટલીક ફિલ્મો પણ જુની ફિલ્મોની રિમેક જ હતી પણ તેમાં સ્થળતા બાદ કરીને પણ આત્મા જળવાવો જોઈએ. પણ એવું સંભવ છે ખરું

તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે જૂની ફિલમ આરતના રિમેક ઉપર બનવા બના હતા પણ ગન જેવું ન થવું જોઈએ. તેમણે એજ હળવાશને આગળ વધારતા કહ્યું કે જેને ઈમ્પ્રેસ કરવાના છે એ ઈમ્પ્રેસ નથી થતા અને જે થાય છે તે ઈમ્પ્રેસ કરવા યોગ્ય નથી હોતા.

અભિનય સમ્રાટે તેમના દ્વારા અભિનિત અભિનવ પ્રયાસો રતન ગિયુ રોળ વિશે પ્રકાશ પાડતા કહ્યું કે વાર્તાના ત્રણ સૂર હોય છે. પહેલો સૂર છે વાંચનનો, બીજો સૂર પઠનનો અને ત્રીજો સૂર મંચનનો છે. પ્રખ્યાત ચિંતક એલિયટે થર્ડ વોઈસ ઓફ પોએટ્રીની વાત કરી હતી તેમ હું થર્ડ વોઈસ ઓફ સ્ટોરી રજૂ કરું છું.

ઓ ગોઠડી દરમ્યાન ઉપેન્દ્રભાઈએ જ્યારે કહેવામાં આવ્યું કે તમારા નાટ્યપ્રયોગ વિશે લોકોમાં બહુ જ ઉત્કંઠા છે ત્યારે તેમણે સ્મિત કરતાં ફિલોસોફરની અદામાં કહ્યું કે એજ કાઈપણ કલાકારનો સાચો કાર્ડિયોગ્રામ છે. તેણણે એ વાતની છણાવટ કરતાં કહ્યું કે કલાકારે લોકોનો વિશ્વાસ સંપાદન કરવો પડે છે. પ્રેક્ષકો સાથે ફ્રિકવન્સી સેટ કરવી પડે છે. તેમાં રસનિષ્પતિનો હેતુ હોવો જોઈએ.

ઉપેન્દ્રભાઈએ મુલાકાત દરમ્યાન કચ્છમિત્રના વિવિધ વિભાગોની મુલાકાત લઈ નિખાલસતાથી દરેક કર્મચારીને મળ્યા હતા. કર્મચારીઓનો પરિચય તંત્રી દિપક માંકડ અને મેનેજર શૈલેષભાઈ કંસારાએ કરાવ્યો હતો.

## કચ્છી મહિલાઓનું મિડનાઈટ વોક

લંડનના હિરો બ્રેન્ટ વિસ્તારમાં આવેલી કેન્સર માટેની સેંટ લુઈસ હોસ્પિટલ માટે દર વર્ષે યોજાતા ફંડ રેઈઝિંગ કાર્યક્રમના ભાગ રૂપે આ વર્ષે પણ મહિલાઓ દ્વારા મિડનાઈટ વોક ઈવેન્ટ યોજાઈ હતી. કુલ ૧૫૦૦ મહિલાઓએ તેમાં ભાગ લીધો હતો અને સૌથી મોટું ગ્રુપ કિંગ્સબરી સ્વામિનારાયણ મંદિરનું હતું. મંદિર વતીથી મુખ્યત્વે કચ્છની ૮૫ મહિલાઓ અને ૩૦ માર્શલો આ મિડનાઈટ વોકમાં જોડાયા હતા. આ કાર્યક્રમ માટે સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૦.૩૦ વાગ્યે બ્રાયન હોલ ખાતે મહિલાઓ એકત્ર થવા લાગી હતી. અનેક મહિલાઓએ પોતાના શરીર પર પેઈન્ટિંગ કરાવ્યું હતું. તો કેટલીકે મહેંદી મુકાવી હતી. મધ્યરાત્રિએ વોકિંગ શરૂ થયું હતું. દરેક લોકોએ પોતાના ગ્રુપમાં ચાલવાનું હતું. ચાલવાના રૂટ પર રેસ્ટ પોઈન્ટ ઉપરાંત પાણી અને ફળની સગવડ પણ રાખવામાં આવેલી હતી. આ વોકમાં ૬૦ થી ૬૫ વર્ષની મહિલાઓ પણ જોડાઈ હતી. માધાપરના ૬૦ વર્ષીય વાલીબેન તો માત્ર વોકિંગ સ્ટીકથી જ ચાલી શકે એમ હોવા છતાં તેઓ ૧૦ માઈલના સમગ્ર રૂટ પર ચાલ્ય હતા. અને ફંડ એકત્ર કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ૧,૭૩,૦૩૧ બ્રિટીશ પાઉન્ડ જેટલું ફંડ એકત્ર થયું હતું. કિંગ્સબરી સ્વામિનારાયણ મંદિરે પણ ૨૫૦૦૦ પાઉન્ડનો ફાળો આપ્યો હતો.

## ગોલી બન્યો ઘાટકોપરનો કચ્છરત્ન

સબ ટીવીની પ્રખ્યાત સિરીયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માંમાં ડૉ. હંસરાજ હાથીના પુત્ર તરીકે ભૂમિકા વિજયના ગોલીને અષાઢી બીજના તા.૨૫-૬-૨૦૧૪ના કચ્છ રત્ન એવોર્ડથી નવાજાયો. મુળ મુંદરા તાલુકા ભુજપુરના કચ્છી માડુ હિમાંશુભાઈ શાહનો પુત્ર કુશ શાહ આ સિરિયલમાં ગોલી તરીકે દેશભરમાં જાણીતો બન્યો છે. ઘાટકોપર પર કચ્છ વાગડ વિકાસ સમાજ આયોજિત અને ઘાટકોપર ગુજરાતી સમાજ પ્રેરિક ઘાટકોપર કચ્છ રત્ન એવોર્ડ માટે કુશ શાહની પસંદગી થઈ છે, ઉલ્લેખનીય છે કે આ સંસ્થાનું દશાબ્દિ વર્ષ ઉજવાઈ રહ્યું છે. કુશ ઉપરાંત અન્ય ૧૦ કચ્છી માડુને પણ આ એવોર્ડ એનાયત કરાશે.

## કચ્છમાં જળાશયોની સ્થિતિ તળીયા ઝાટક :
## શહેરમાં લોકો મંગાવે છે પાણીના ટેન્કર અને પાણી ભરવામાં લાગે છે લાઈનો.

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચોમાસુ નબળું પડ્યું છે અને હજુ કયાક પણ મેઘ મહેરના અણસાર વર્તાતા નથી તેવામાં રાજ્યના જળાશયોની સ્થિતિ પણ તળિયા ઝાટક છે. ધરતીનો તાત ૧૫ દિવસ બાદ જો વરસાદ નહીં થાય તો જળસંકટ સર્જાવવાની ભીતી હેઠળ છે તેવામાં ગુજરાતના ૧૦ જિલ્લામાં અત્યારથી જ ટેન્કરની પીવાનું પાણી પહોંચાડવાનું શરૂ કરાયું છે તો આવનારા ૧૫ થી ૨૦ દિવસમાં સમગ્ર કચ્છ ટેન્કરના પાણીના હવાલે કરવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. પાણી પુરવઠા વિભાગના સત્તાવર સુત્રના જણાવ્યા અનુસાર હાલમાં ૧૬૬ ગામોમાં દરરોજ ૫૪૯ ટેન્કરોના ફેરા

કરી પાણી પહોંચતું કરવામાં આવે છે.

જો કચ્છ જિલ્લાની વાત કરવામાં આવે તો કચ્છના ૯૫ ગામોમાં દરરોજ ૨૬૩ ટેન્કરોના ફેરા કરવામાં આવે છે તો જામનગરના ૧૩ ગામોમાં ૪૪. દેવભૂમિ દ્વારકાના ૬ ગામોમાં ૨૩, જૂનાગઢ જિલ્લાના ૨૧ ગામોમાં ૯૬, ગીર સોમનાથ જિલ્લાના ૧ ગામમાં ૭, અમરેલીના ૯ ગામોમાં ૧૪, રાજકોટના ૭ ગામોમાં ૨૫, સુરેન્દ્રનગરના ૫ ગામોમાં ૨૦, બનાસકાંઠાના ૬ ગામમાં ૨૬ જયારે પાટણના ૮ ગામોમાં દિવસ દરમ્યાન ૨૧ ટેન્કરના ફેરા કરવામાં આવી રહ્યા છે.

## બસરા (ઈરાક)ની જેલમાં કચ્છી સહીત નવ બંધ

ઈરાકમાં ગૃહ યુધ્ધ વચ્ચે અનેક ભારતીયો ફસાયા છે અને તેમને સહીસલામત બહાર કાઢવા માટે કેન્દ્રની મોદી સરકારે પ્રયાસો કર્યા છે, તે દરમ્યાન દોઢ-પોણા બે વર્ષથી બસરાની જેલમાં વિના વાંકે સબડતા એક કચ્છી સહિત નવ ભારતીયો આભ સામે ભીની આંખે જોઈને તારણહાર માટે કરગરી રહ્યા હોવાની ઘટના જાણવા મળી છે. કારગો શિપ મારફતે દુબઈથી ગાડીઓ ભરીને ઓમકસુર (ઈરાક પોર્ટ) પહોંચેલુ શિપ ખાલી કરવામાં આવી રહ્યું હતું તે દરમ્યાન ક્રેનનો વાયર તુટી જવાથી બે કાર પાણીમાં ખાબકતા નુકસાનીના મામલે આયાતકાર અને શિપના માલિક વચ્ચેનો ટકરાવ કરમકહાણીનું મૂળ હોવાનું જાણવા મળે છે.

સદ્દામ શાસન દરમ્યાન ભારત સાથે હૂંફાળા સંબંધો જયાં પ્રવર્તતા હતા તેવા ઈરાકમાં ભારતીય બંધકોને મુક્ત કરાવવાના પ્રયાસો વિદેશ મંત્રાલય દ્વારા તેજ કરાયા છે, તે વચ્ચે એક ગુજરાતી સમેત નવ જેટલા નિર્દોષ ભારતીય ખલાસીઓની કેદમાંથી મુક્ત કરવાની માંગણી ઊઠી છે. અહીંના હારૂન ઓસમાણ ડોસાણીએ આપેલી જાણકારી દર્દનાક છે, દયનીય છે.

## કચ્છીયતની સુગંધ પ્રસરાવે કચ્છમિત્ર

અભિનય સમ્રાટ અને ગુજરાતના પૂર્વમંત્રી ઉપેન્દ્રભાઈ ત્રિવેદીએ જન્મભૂમિ અખબાર જૂથ સાથેના સંબંધો તાજા કરતાં કહ્યું હતું કે કચ્છીયતની સુગંધ દેશ-દુનિયામાં સુગંધ પ્રસરી છે અને આ કામ કચ્છમિત્ર કરી રહ્યું છે.

તમે કદી પત્રકારની ભૂમિકા ભજવી છે એવા સવાલના જવાબમાં ઉપેન્દ્રભાઈએ જણાવ્યું કે, રીલ લાઈફમાં નહીં પણ રીયલ લાઈફમાં પત્રકાર હતો. ૧૯૬૭-૬૮માં વિદ્યાર્થીકાળ દરમ્યાન અખંડ આનંદમાં પત્રકાર તરીકે જોડાયો હતો. કોલમ સેન્ટીમીટરની ભાષા ત્યારથી જાણી ગયો હતો.

માડુને પણ આ એવોર્ડ એનાયત કરાશે.

## લાલન કોલેજના પ્રાચાર્યને પી.એચ.ડી.ની ઉપાધિ

આર.આર.લાલન કોલેજના પ્રિન્સિપાલ પરેશ એન. રાવલ કચ્છ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાંથી ચિન્જિંગ લેવલ એન્ડ પેટર્ન ઓફ ઈન્ટ્રા ડિસ્ટ્રીક્ટ ડિસ્પેરીટીઝ ઓબ્ઝર્વર્ડ ઈન કચ્છ ડિસ્ટ્રીક્ટ વિષય સાથે પી.એચ.ડી. થયા છે.

કચ્છના દસેય તાલુકાઓ વચ્ચે સામાજીક, આર્થિક અને માળખાકીય સુવિધાઓ તેમજ તેથી વિકાસમાં રહેલા તફાવતનો સંશોધક અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં વસતી ગણતરી ૨૦૧૧ દ્વારા કરાયેલા દરેક ઘણ એકમની સુવિધાઓનો સર્વે ઉપયોગમાં લેવાયેલો છે.

આ સંશોધન કચ્છ યુનિવર્સિટીના અધ્યક્ષ અને રીડર ડો. તુષાર આર.હાથીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલું. યુનિવર્યિટીના વાઈસ ચાન્સેલર બી.એસ. પટેલ અને રજિસ્ટ્રાર એમ.જી.ઠક્કરે તેમન લાલન કોલેજના સ્ટાફ મિત્રોએ શુભેચ્છા પાઠવી છે.

## શ્રધ્ધાંજલિ

કચ્છશ્રુતિના નિયમીત કટાર લેખક તેમજ શ્રી ગુર્જર સુથાર જ્ઞાતિ(કચ્છ)ના પીઢ માર્ગદર્શક અને રાહબર એવા **વિનોદભાઈ ધનજીભાઈ ગજ્જર (વિનુભાઈ ગજ્જર)** નું તાજેતરમાં દુ:ખદ નિધન થયેલ છે. શ્રી કચ્છશ્રુતિ પરિવાર તેમના આત્માને શાંતિ અર્પે એવી પ્રભુ પ્રાર્થના કરે છે.

## કન્યા વિદાયની વેળા

દીકરી માવતરના ખોળાને છોડી સાસરીયે જાય
દીકરી દયાની મૂર્તિને પારકી થાપણ કહેવાય.
બાલા સ્વરૂપે લક્ષ્મી જેમ તું ઘરમાં હસતી રમતી હતી.
સુ સંસ્કારોથી સુસજ્જ કરવાની માતા-પિતાની જવાબદારી હતી.
ઉંમરલાયક થતા તને સ્વગૃહે મોકલતાં,
અમારાથી છૂટી થવાની હતી
તારા સહવાસની સોનેરી ક્ષણોને યાદ કરતાં,
આંખની પાંપણ ભીંજાય ... (૧)
વહાલી દીકરી તારી પરવરિસમાં મનને દુભાવ્યું હોય ને
ભૂલચૂક થઈ હોય તો વિશાળ દિલ રાખી માફ કરજે.
પિયરીયાંની મમત છોડીને પતિગૃહે ગૃહલક્ષ્મી બનવા જાય.
કન્યા વિદાયની આ વસમી વેળાને
રોકીના જ શકાય.... (૨)
કન્યાવિદાયના થોડા દિવસો બાદ માતા ઘરકામમાં લાગી જાય.
ચીજવસ્તુઓને ગણે સંભારી મેળવે સંભાળી ગોઠવતી જાય
બધું બરાબર છે અચાનક યાદ આવતા જ બોલી જાય
'કાળજાનો કટકો મારી દિકરી ક્યાં ??'
આંખમાંથી અશ્રુ વહી જાય.. (૩)

**– મહાભાઈ આર. વોરા**

## ખોટો ચિતરાઈ જાઉ છું...

છે હૈયામાં તે હોઠ પર, કેદિ'ક આવી જાય છે,
જમાનો કહે છે ના, છતાંય કહેવાઈ જાય છે.
સ્વભાવ છે સંવેદનશીલ, હૃદયમાં ઘાવ ભરતો જાઉં છું,
સમજદારી છે વધારે, તોથી કાયમ દુઃખી થાતો જાઉં છું.
કેદિ'ક લેવા ન દેવા અમસ્તો જ ભેરવાઈ જાઉં છું,
કેદિ'ક ક્યાંક સાવ ખોટો ચીતરાઈ જાઉં છું.
કેદિ'ક ક્યાંક ભાર કોકનો ખભે ફરતો હોઉં છું,
કેદિ'ક જશ-અપજશના પોટલા બાંધતો હોઉં છું.
કેદિ'ક થાકી હારીને અંતે ઘર ઝાલી બેસી જાઉં છું,
ખેર ! હશે! પત્યું! સમજીને, પાછો ધંધે લાગી જાઉં છું.
નથા મલતા સમજનારા કે, દાદ દેનારા તેથી હું મૂંઝાઉં છું,
'દાસ' છતાં નથી પરવા કારણ, કૃપા પ્રભુની લેતો જાઉં છું.

**- પી.જી.સોની 'દાસ' (ભુજ-કચ્છ)**

## મુંજી માતૃભૂમિ કે નમન

આય વલો અસાંજો વતન-મુંજી માતૃભૂમિ કે નમન
કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરી તનમન... મુંજી

પિંઢ ગેંજો જિત બંધાણું તિંય મરકાણું મન
ધાવણ ડિંને ઉન માવડી જિત પામ્યાસી નર-તન... મુંજી

કૈક જુગેંજ્યું ગાલિયું જલ નારાણસરજા ચવન
પ્રજાપતિ જે પુતરેં ક્યોં જિત પરમેશ્વર પરસન... મુંજી

બાલ જોગણી સરસ્વતી પણ જમાયેં જિત આસન
આચારજ શંકર વલ્લભ ક્યોં પચ્છમ ધરા પાવન... મુંજી

ઈશ્વર જેડા દાસ ઈશ્વર જા મેંકણ જેડા મહંત
જગડુસા ખેંગાર પીતાંબર માડી જા માજન... મુંજી

સાયર શૂરા સતીયું સંત સાધુ ફકીર અરહંત
કરી કમાણ્યું મનખા ડે જ્યું તારી પિંઢ તરન... મુંજી

રતન ખણી જિત પર ડે જા ને મેરામણ ઉછરન
મલ્લ જેડા માલમ મહુવેંસેં સાગર પાર પુજન... મુંજી

વડયું વિલાતું વિઝી માડુઆ કચ્છડે કે ઉકંઢન
પેર ડીંધડે પચ્છમ ધરા તેં અખડ્યું નીર વસન... મુંજી

ઢોલક તેં નિત થાપ લગે ને તંબૂર વા'ઝ પડન,
સુરતા જેંજી લગી સાંઈ સે કાફ્યું મિઠ્યું કુંછન... મુંજી

સિંધોડો સોંણાઈ સુજે રતમુડસે જા ઉછરન
જંગ જમે જિત જોરાતા તિત જાડેજા જૂંઝન... મુંજી

તેજ વત્યું જલ જ્યું લિખમ્યું જગ માલણ જીંય ઝૂલન
જિત કપુરી હોથલ જેડયું પઘમણ્યું પ્રકટન... મુંજી

હેમારે વટ પુગો 'નિરંજન' ધીણોધર સંભરન
અસીં બાલુડા બુલ બુલ ઈનજા માડી અસાંજો ચમન... મુંજી

# શબ્દશોધ-૨૭

● પ્રદીપ જોશી-આદિપુર ●

## આડી ચાવી

૧. આશા ... છે. ન મરે તેવું (૩)
૪. માણસના પગ કેટલા ? (૧)
૬. માણસના કાન કેટલા ? (૧)
૭. ભવન, સદન (૩)
૯. ... ટેરેસા'ને મમતાની દેવી પણ કહેવાય છે (૩)
૧૧. મોટી છીછરી રકાબી, અડાળી (૩)
૧૨. ઢોર, પશુ, જાનવર (૩)
૧૪. આનંદ, મોજ, મજા (૩)
૧૬. પરવાનગી (૨)
૧૮. ગીત (૩)
૨૦. જિદ, હઠ (૩)
૨૧. અનુમતિ, અનુમોદન, ટેકો (૩)
૨૪. સુતારનું એક ઓજાર (૩)
૨૫. તાપ કરનારો સૂર્ય, તડકો (૩)
૨૬. ન બોલ્યામાં ... ગુણ (૨)
૨૭. દુઃખ, પીડા, તકલીફ (૩)
૨૯. ઘાસ, તાડી ભરવા માટેનું માટીનું વાસણ (૨)
૩૦. પ્રકાશવાળું, પ્રભાવી, દમામદાર, તેજવાળું (૩)
૩૧. અબ કી બાર ... સરકાર ચૂંટણી પૂર્વે ભાજપનો નારો. (૨)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | | ૫ | | ૬ |
| | ૭ | | ૮ | | ૯ | | ૧૦ | |
| | ૧૧ | | | | ૧૨ | | | |
| ૧૩ | | | ૧૪ | ૧૫ | | | ૧૬ | ૧૭ |
| ૧૮ | | ૧૯ | | | | | | |
| | | ૨૦ | ૨૧ | | | ૨૨ | ૨૩ | |
| | ૨૪ | | | | ૨૫ | | | |
| ૨૬ | | | | ૨૭ | | | | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | | | | ૩૧ | |

## ઊભી ચાવી

૨. પ્રેમ, સ્નેહ, લાગણી (૩)
૩. બુરુ પરિણામ, ખરાબ અંજામ, ફજેતો (૩)
૫. જેનો પતિ મરણ પામ્યો છે તેવી સ્ત્રી (૩)
૮. કોઈપણ ક્રિયાનું અનુકરણ, મૂળ ઉપરથી ઉતારેલું બીજું લખાણ (૩)
૯. દયા, અનુકંપા, રહેમ (૩)
૧૦. ક્રિકેટમાં ખાસ સંજોગોમાં બેટસમેનની સહાય માટે, દોડવા મળતો માણસ (૩)
૧૩. કાલે મેઘા.. કાલે મેવા, પાની તો બરસાઓ' જાણીતું ગીત કઈ ફિલ્મનું છે (૩)
૧૫. શરદ અને શિશિર વચ્ચેની એક ઋતુ (૩)
૧૭. સાવચેતી, સાવધાની (૩)
૧૯. નમસ્કાર, વંદન (૩)
૨૧. બહાનુ (૨)
૨૨. ધન, દોલત, ઐશ્વર્ય (૩)
૨૩. ... હોય તો માળવે જવાય (૨)
૨૪. શ્રવણે, પોતાના માતાપિતાને શેમાં બેસાડી તીર્થયાત્રા કરાવી હતી ? (૩)
૨૫. તપ કરનારું, તાપસ (૩)
૨૬. નહોર (૨)
૨૭. ... નું કામ આજે જ કરો. (૨)
૨૮. મમ્મીની સાસુ (૨)

**શબ્દશોધ-૨૬ ના જવાબો**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | શુ | ૨ તો | ષ | ૩ ગો | ૪ વા | રી | ૫ ક | ૬ ર |
| નં | | લું | | ૭ પિ | યુ | | ૮ પા | ન |
| ૯ દી | પ | | ૧૦ રા | ત | | ૧૧ મો | ત | |
| બે | | ૧૨ ઈ | | | ૧૩ ભુ | જ | | ૧૪ ના |
| ૧૫ ન | ૧૬ રે | ન્દ્ર | ૧૭ મો | ૧૮ દી | | | ૧૯ ગ | મ |
| ૨૦ પ | ગી | | ૨૧ ર | વા | ૨૨ લી | દા | ર | |
| ટે | | | ૨૩ સ | ન | મ | | ૨૪ મ | ૨૫ ધ |
| ૨૬ લ | ૨૭ ગા | ૨૮ ન | | | ૨૯ ર | ૩૦ જા | | રા |
| | ૩૧ ર | ત | ના | લ | | ૩૨ ન | હો | ર |

**ગયા અંકના સાચા જવાબો મોકલનાર :** ● અલકા ઓઝા

અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તે
સર્વે કચ્છી ભાઈઓને હાર્દિક શુભેચ્છા.....

હીરજીભાઈ જે. પટેલ
મો. ૯૮૨૫૧ ૫૩૧૦૯

ચંદુભાઈ એચ. પટેલ
મો. ૯૪૨૭૭ ૬૧૫૩૩



ઈશ્વરભાઈ એચ. પટેલ
મો. ૯૮૨૫૭ ૦૫૯૬૯

અનિલભાઈ એચ. પટેલ
મો. ૯૭૨૭૩ ૭૪૦૯૬

# સરસ્વતી ટીમ્બર માર્ટ

# શ્રીનાથ ટીમ્બર માર્ટ

**દરેક જાતના ઈમારતી લાકડાના તથા પ્લાયવુડના વહેપારી**

# સરસ્વતી એન્ટરપ્રાઈઝ

**સી.પી. સાગ • ઘાના ટીક • દેવદાર • નીલગીરીના ટેકાના વહેપારી**

૩૮૦/૧/૬, દોલા ટીમ્બર માર્કેટ, ઈશ્વર પેટ્રોલ પંપ પાછળ,
સોલા પુલના છેડે, સરખેજ-ગાંધીનગર હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ०૬૦.
ફોન : (ઓ) ૨૭૬૬૫૬૪૧, (રહે.) ૨૫૩૨૪૨૮૫

અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છા....

PARBATBHAI PATEL

**Mobile : 98240 62711**

# SHIVAM PACKAGING

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
**Phones : (Office) 25394011, (G) 25394311**

**Stiff Board / Grey Board, P.V.C. P.P. Rolls & Reams,
P.P. Sutli, Bamboo Chips,
H.M., L.D., P.P. Bags, Craft Paper, Cello Tape,
Corrugated Rolls-Boxes, Wooden Rolls**

- સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ
- પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
- પી.પી. સુતળી, વુડન રોલ
- વાંસની પટ્ટી
- **H.M., L.D., P.P. Bags**
- ક્રાફ્ટ પેપર, સેલો ટેપ
- કોરૂગેટેડ રોલ-બોક્સ

SHIV
***PACKING INDUSTRIES***

*Opp. Dwarkadhish Estate,*
*O/s. Chandola Old Tol Naka,*
*Near Bombay Hotel, Narol Road,*
*Ahmedabad-382 405.*
***Phones : (Office) 25394011, 25394311***



With Best Compliment From
ફર્નિચર મટીરીયલનો
વિશાળ અને અદ્યતન શો-રૂમ
પ્રહલાદનગર સેટેલાઈટમાં.......!
"ટીમ્બર પોઈન્ટ"
પ્લાયવુડ
ઈમારતી લાકડુ
ઈમ્પોર્ટેડ લાકડુ
લેમીનેટ શીટ
ફિગરવુડ
હાર્ડવેર વગેરે
POWDER PROOF
PF
CENTURY
PLYWOOD
CHALE SAALON SAAL
Narsinhbhai Patel
M. 98252 43557
આપના ફર્નિચરનાં દિર્ઘાયુષ્યની ખાતરી
TIMBER POINT
ટીમ્બર પોઈન્ટ, પ્રહલાદ નગર ગાર્ડન પાસે, ૧૦૦ ફુટ રોડ, પ્રહલાદનગર
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫, ફોન : ૬૫૨૧ ૦૪૮૦, ૨૬૯૨ ૫૩૧૭

*Let's Do the Best Furniture With.....*

**-: AUTHORISED DISTRIBUTOR & DEALER :-**

JEWEL PLY — M. R. GRADE — BWP GRADE — PHENOL BONDED PLYWOOD — The Group of Quality

ASSAM Status — PLYWOOD · BLOCK BOARD · FLUSH DOOR

Durian — DECORATIVE LAMINATES

SUNDEK INTERNATIONAL — DECORATIVE LAMINATES

iPL INTERNATIONAL PREMIUM LAMINATES — Playground for Creativity

Warrior — Plywood - Block Board - Flush Door

Cedar lam — GORGEOUS LAMINATES

POSITIVE — PLY & BOARD

**-: Also Available :-**

- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

RAVI ENTERPRISE

# RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.

**Telefax : (O)** + 91-79-25399423

**E-mail : ravienterprise_004@yahoo.co.in**

REGD. NO. GAMC/1028/2012-14 VALID UPTO 31-12-2014, R.N.I. 46515/87, DATE : 16-3-88
POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH













# નવનીત એજ્યુકેશન લિમિટેડ

## દ્વારા પ્રકાશિત
## શ્રેષ્ઠ
# જીવનચરિત્ર શ્રેણી

દીવાથી દીવો પ્રગટે એમ, આ શ્રેણી જીવનને જીવનથી જોડતો સેતુ બની રહેશે. આ શ્રેણીમાં એવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો છે, જેમણે સમાજ કે રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું છે. તેમનું જીવન સ્વયં એક સંદેશ છે.

**આ શ્રેણીનાં પુસ્તકો ...**

1. ગૌતમ બુદ્ધ
2. મહાત્મા ગાંધી
3. રવીન્દ્રનાથ ટાગોર
4. વલ્લભભાઈ પટેલ
5. સ્વામી વિવેકાનંદ
6. સુભાષચંદ્ર બોઝ
7. ઇન્દિરા ગાંધી
8. રાણા પ્રતાપ
9. લાલબહાદુર શાસ્ત્રી
10. જવાહરલાલ નેહરુ
11. ડૉ. બાબાસાહેબ આંબેડકર
12. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
13. રાજા રામમોહન રાય
14. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
15. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
16. છત્રપતિ શિવાજી
17. મધર ટેરેસા
18. કલ્પના ચાવલા
19. સુનિતા વિલિયમ્સ
20. ડૉ. વિક્રમ સારાભાઈ

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**













Printed & Published by Shri Kailasdan K. Gadhvi, President, Shri Kutchhi Samaj – Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. Printed at Madhavi Offset, Khokhara, Ahmedabad. Published at Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trader Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Paldi, Ahmedabad-380 006 Editor : Shri Bharat Oza. Price : Rs. 3.00 Lifetime Subscription : Rs.1500/-